અમને Telescopeની બે વિશેષતાઓ ખાસ પસંદ છે. એક એ કે તે ભલે ધરતી પર છે. પરંતુ એ દર્શન તો ઉત્તુંગ આકાશમાં રહેલ સૂર્ય–ચન્દ્ર–ગ્રહ–નક્ષત્રાદિનાં એકદમ સૂક્ષ્મતાપૂર્વક કરાવે છે અને બીજી એ કે તે આકાશી ગતિવિધિઓને બહુ વ્યાપકપણે Catch up કરે છે. અમારું મન્તવ્ય એ છે કે પ્રભુશાસને દર્શાવેલ સોળ પૈકીની એક પ્રમોદભાવના આ Telescope જેવી છે. ફર્ક એટલો જ છે કે Telescopeની ઉપરોક્ત બે વિશેષતાઓ આકાશનાં ક્ષેત્રની છે, જ્યારે પ્રમોદભાવનાની એ જ બે વિશેષતાઓ આધ્યાત્મિક ક્ષેત્રની છે.

પ્રમોદભાવના અન્યોનાં જીવનમાં રહેલ ઉત્તુંગ sideની બાબતો જ અર્થાત્ વિવિધ સદ્ગુણો જ દર્શાવે, નિમ્ન sideની બાબતોનાં અર્થાત્ દુર્ગુણોનાં–દોષોનાં દર્શન ન કરાવે. કેમ કે પ્રમોદભાવના ગુણો માટે વાચાળ રહે છે અને દોષો માટે મૌન! પ્રભુશાસનપ્રણીત પ્રમોદભાવના 'અન્યો'ને ગુણોના સંદર્ભમાં બહુ વ્યાપકપણે catch up કરે છે. ત્યાં આ પક્ષ–તે પક્ષ મારા–તારા જેવા ખ્યાલ નથી. માત્ર માર્ગસ્થ ગુણો હોય એ જ ખ્યાલ છે. અરે! અન્ય ધર્મપરંપરાના જીવોના ય માર્ગસ્થ ગુણોના પ્રમોદનું પ્રભુશાસનમાં વિધાન છે જે 'અમૃતવેલસજ્ઝાય' જેવી કૃતિઓમાં સ્પષ્ટ અક્ષરે નિહાળાય છે. ત્યારે એમ પ્રતીત થાય કે પ્રમોદભાવના આધ્યાત્મિક સ્તરનું Super Telescope છે

- આચાર્ય વિજય રાજરત્નસૂરિ

(આ પુસ્તકનાં 'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

પ્રમોદ પરિમલ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# પ્રમોદ પરિમલ



આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# અનુમોદનાનાં અક્ષતવધામણાં

**પરમ પ્રવચનપ્રભાવક આચાર્યદેવ**
**શ્રીમદ્ વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.**

સાદર અનુવંદના.
શાતામાં હશો!

આ વખતે તો તમે માસક્ષમણના બધા Record તોડી નાખ્યા. પાંચ સંઘોમાં મળીને કુલ 558 માસક્ષમણ કોને કહેવાય? વિચારતાં જ તમ્મર આવી જાય.

પૂ. ગુરુભગવંતોની આવી ને આવી કૃપા તમારા પર વરસતી રહે અને પ્રવચનપ્રભાવનાનાં કાર્યો થતા રહે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

**- પૂ. બંધુ યુગલ આ.ભ. શ્રી વિજય મુક્તિ-મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
(વાગડ સમુદાય)

**તપઃ પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ**
**શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !**

ઘાટકોપર-નવરોજીલેનથી આનંદવર્ધનસૂરિ તથા આત્મદર્શનસૂરિની સાદર વંદના સ્વીકારશોજી.

હાલ આપશ્રીનાં માધ્યમે જૈન સંઘોમાં તપનો સૂર્ય મધ્યાહ્ને ઝળકી રહ્યો છે અને પુણ્યનો મેઘ બારે ખાંગે વરસી રહ્યો છે.

ઘણા લોકો હવાઈ મહેલ બાંધતા હોય છે જેને પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થતાં વાર નથી લાગતી. આપશ્રીએ તેની સામે નવાઈ મહેલ બાંધ્યો છે. એવી નવાઈ કે જૈન નહિ, સમગ્ર જનતા માટે આશ્ચર્યજનક બની રહે.

અત્યારનો માસક્ષમણનો આંકડો ફાંકડો છે. આપ જ આપના Record તોડી રહ્યા છો જેનાં માધ્યમે સેંકડો તપસ્વીઓ અને હજારો અનુમોદકો કર્મનાં બંધન તોડી રહ્યા છે. આપના નવાઈ મહેલને નમન. અહીં ઘાટકોપરમાં પણ પૂજ્યોના પ્રસાદથી ૯૦ જેટલા માસક્ષમણ ચાલી રહ્યા છે. આપની જ Live ઘટનાઓ ઉપયોગમાં આવે છે. કાર્યસેવા?

**- પૂ. આ. ભ. શ્રી વિજય આત્મદર્શનસૂરીશ્વરજી મ.સા.**
(વાગડ સમુદાય)

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * श्री गौतमगणधराय नम: * सूर्योदयं सूरिवरं नमामि

# પ્રમોદ પરિમલ

વિવિધ ગુણવાન વ્યક્તિત્વો માટે પ્રસંગોપાત્ત આલેખાયેલ ગુણસંકીર્તનલેખોનો સંચય


* લેખક *

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
વ્યા. સા. ન્યા. તીર્થ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યકાર શતાધિક ગ્રન્થસર્જક તેજસ્વીવક્તા
શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ**



❀ પ્રકાશક ❀

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી - ડભોઈતીર્થ**

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૨૦૦




Book No. 107 pramod Parimal / Starting pages / 24 May 2025

**પ્રકાશક :**

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે, જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

**પ્રાપ્તિસ્થાન :**

**શ્રી વિશાલભાઇ ડી. ગાલા**
બી-૧૪/૪૦૧, સૂર્યદર્શન, આનંદ નગર,
સી.એસ. રોડ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮.
મો.: ૯૮૩૩૦૦૬૧૬૪ / ૮૬૫૫૮૭૧૫૦૩

**પ્રકાશનતિથિ તથા સ્થળ :** શ્રાવણ શુદિ-૧૧, તા. ૫-૮-૨૦૨૫.
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મદિન.
પંકજ જૈન સંઘ-અમદાવાદ.

**પ્રથમાવૃત્તિ પ્રત :** ૧૦૦૦

**મૂલ્ય :** રૂા.૧૦૦

**મુદ્રક :**

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન : ૪૩૬૬ ૭૧૭૧**



Book No. 107 pramod Parimal / Starting pages / 24 May 2025

SAIYAM GOLDEN SERIES

50

*Aa. Rajratnasmvi*

SAIYAM GOLDEN YEAR

# આનંદો...આનંદો...આનંદો

**પૂજ્યપાદ શતાધિક ગ્રન્થસર્જક સિદ્ધહસ્તસાહિત્યકાર**
**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ના**
**સંયમ સુવર્ણવર્ષનો પ્રારંભ વિ.સં.૨૦૮૪માં થાય છે.**
**તે વર્ષે પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા**
**૧૨૫ પુસ્તકોનો MILE STONE પસાર કરશે.**

**પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે પૂજ્યશ્રી તથા શિષ્ય - પ્રશિષ્યરત્નો દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-ઈંગ્લીશ-ગુજરાતી ભાષામાં નવસર્જિત કુલ 50 પુસ્તકોનું પ્રકાશન થશે. તે સાથે ધર્મકૃપા ટ્રસ્ટની સાહિત્ય પ્રકાશનયાત્રા 265 પુસ્તકોનો MILE STONE પસાર કરશે.**

COLOUR PAGE

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી

**આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**

તથા

**પૂજ્યપાદ શતાધિકગ્રન્થસર્જક**

**આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ની

પુણ્યપ્રેરણાથી શ્રી સંઘમાં સર્જાયેલ

બે શિખરબદ્ધ ભવ્ય જિનાલયો–ઉપાશ્રયો–જૈન ભવન–આયંબિલ ખાતું

આદિ ધર્મોપકારોની સ્મૃતિમાં તેમજ

શતાધિકગ્રન્થસર્જક પૂજ્યશ્રીએ સ્વયં માસક્ષમણસાધના

ઉપરાંત કુલ **3198** માસક્ષમણોની કરાવેલ આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી વસઈ રોડ શ્વે.મૂ.જૈન સંઘ** તરફથી

આ પુસ્તક–પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાને હાર્દિક અનુમોદના સાથે ધન્યવાદ.

**-પ્રકાશક**



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025 A-B-C-D Bhagwan na Page



દર્ભાવતીતીર્થાધિનાયક પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, नि:शेषभूमीतलभूषणं य: ।
स्वरूपसम्पत्तिनिकेतनं य,-स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।





ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मधामवरतीर्थपतिं गुणाढ्यं,
पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं,
नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्।।

ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

## શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मसूर्यवरधाम्नि विराजमानं,
ध्यानस्थितं च दशहस्तमयप्रमाणम्।
स्वर्णप्रभं भविनतं भवसिन्धुयानं,
जीरावलाजिनवरं प्रणमामि नित्यम्।।



શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્યવસન્તધામતીર્થમણ્ડન

# શ્રી આદિનાથ ભગવાન

तीर्थे स्थितं प्रवरदिव्यवसन्तधाम्नि, भक्त्योल्लसद्–भविकवृन्दसुसेव्यमानम् ।
शत्रुञ्जयाधिपतिरूप–समानरूपं, श्रीमद्युगादिजिनदेवमहं नमामि ।।

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર ૧૩૫ જિનાલયપ્રણેતા પૂજ્યપાદ યુગદિવાકર



## આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्री धर्मसूरिं प्रवरं नमामि ।
तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि ।।

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક



## આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

श्री लोढण नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री शत्रुञ्जययुगादिदेवदिव्यवसन्तधाममण्डन आदिनाथाय नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ❋ श्री गौतमस्वामिने नमः ❋ सूर्योदयं सूरिवरं नमामि

ગુણીજનના
ગુણ ગાવતા,
ઊપજે ગુણ નિજ અંગ

# લેખકીય નિવેદન

આધુનિક વિજ્ઞાને નિતનવાં સંશોધનો દ્વારા વિશ્વની તાસીર એ હદે બદલી નાંખી છે કે જેની પચાસ-સો વર્ષ પૂર્વે કોઈ કલ્પના ય ન કરાતી હોય. શું Communication ક્ષેત્ર કે અવકાશી સંશોધનક્ષેત્ર, શું રોગોપચારનું ક્ષેત્ર કે શું વાહનવ્યવહારનું ક્ષેત્ર : સર્વત્ર નિતનવાં સંશોધનો અને નવી પ્રગતિ થયા કરે છે. અલબત્ત, એના લાભ જ છે એવું નથી. નુકસાનો પણ નોંધપાત્ર છે. આ સતત થતાં સંશોધનોમાં ઉપયોગી થતાં સાધનોનું ખૂબ મહત્ત્વ હોય છે. અવકાશી સંશોધનક્ષેત્રે આવું એક સાધન છે Telescope.

અમને Telescope ની બે વિશેષતાઓ ખાસ પસંદ છે. એક એ કે તે ભલે ધરતી પર છે. પરંતુ એ દર્શન તો ઉત્તુંગ આકાશમાં રહેલ સૂર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિનાં એકદમ સૂક્ષ્મતાપૂર્વક કરાવે છે અને બીજી એ કે તે આકાશી ગતિવિધિઓને બહુ વ્યાપકપણે Catch up કરે છે. અમારું મન્તવ્ય એ છે કે પ્રભુશાસને દર્શાવેલ સોળ પૈકીની એક પ્રમોદભાવના આ Telescope જેવી છે. ફર્ક એટલો જ છે કે Telescope ની ઉપરોક્ત બે વિશેષતાઓ આકાશનાં ક્ષેત્રની છે, જ્યારે પ્રમોદભાવનાની એ જ બે વિશેષતાઓ આધ્યાત્મિક ક્ષેત્રની છે. પ્રમોદભાવના અન્યોનાં જીવનમાં રહેલ ઉત્તુંગ Side ની બાબતો જ અર્થાત્



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

વિવિધ સદ્ગુણો જ દર્શાવે, નિમ્ન Sideની બાબતોનાં અર્થાત્ દુર્ગુણોનાં-દોષોનાં દર્શન ન કરાવે. કેમ કે પ્રમોદભાવના ગુણો માટે વાચાળ રહે છે અને દોષો માટે મૌન! બીજી વાત એ કે પ્રભુશાસનપ્રણીત પ્રમોદભાવના 'અન્યો'ને ગુણોના સંદર્ભમાં બહુ વ્યાપકપણે Catch Up કરે છે. ત્યાં આ પક્ષ-તે પક્ષ મારા-તારા જેવા ખ્યાલ નથી. માત્ર માર્ગસ્થ ગુણો હોય એ જ ખ્યાલ છે. અરે! અન્ય ધર્મપરંપરાના જીવોના ય માર્ગસ્થ ગુણોના પ્રમોદનું પ્રભુશાસનમાં વિધાન છે જે 'અમૃતવેલસજ્ઝાય' જેવી કૃતિઓમાં સ્પષ્ટ અક્ષરે નિહાળાય છે. ત્યારે એમ પ્રતીત થાય કે પ્રમોદભાવના આધ્યાત્મિક સ્તરનું Super Telescope છે!

પ્રભુશાસનને સમ્યક્પણે સમજતા દરેક પુણ્યાત્માને આ આધ્યાત્મિક Super Telescope ભેટ ઉપલબ્ધ થાય છે. પરંતુ અમને લાગે છે કે જેઓને પ્રવચન-લેખન જેવા યોગો મળ્યા છે તેઓને આ Telescope વિશેષપણે-અતિવિશેષપણે ખપમાં-ઉપયોગમાં આવે છેઃ કૈં કેટલીયવાર ગુણાનુવાદનાં પ્રવચનોનાં માધ્યમે, તો કૈં કેટલીયવાર ગુણાનુવાદના લેખોનાં માધ્યમે ! અમને આ બાબતનો ખૂબ સરસ-સુખદ અનુભવ દાયકાઓથી થતો રહ્યો છે. ગુણાનુવાદનું પ્રવચન હોય કે લેખ, એના પ્રસંગો જ્યારે જ્યારે આવે ત્યારે એની પૂર્વતૈયારીથી લઈને તે ક્ષણો સુધી વિવિધ વ્યક્તિત્વોના ગુણોની ઘેરી અસર દિલ-દિમાગ પર પ્રમોદરૂપે થતી અનુભવી છે. ત્યારે અક્ષરશ : એમ અનુભવ્યું છે કે 'સદ્ગુરુભગવંતે પ્રવચન-લેખનયોગો આત્મસાત્ કરાવ્યા તો જ આપણે પ્રમોદભાવમાં વારંવાર સરસ નિમજ્જન કરી શકીએ છીએ ને? બહુ મોટી ફલશ્રુતિ છે આ તો!' આની જ અસરરૂપે ગુણાનુવાદનાં પ્રવચનો યા લેખોના અવસરો/ આમન્ત્રણો આવ્યા છે ત્યારે એના સ્વીકારનો જ અભિગમ લગભગ રહ્યો છે : સમયાભાવ હોય તો ય. આ અભિગમમાંથી પ્રગટ્યા છે આ 'પ્રમોદ પમરાટ' અને 'પ્રમોદ પરિમલ' પુસ્તકો.

સાડા ત્રણ દશકાની લેખનયાત્રામાં ગુણાનુવાદસંબંધી સૌથી વધુ લેખો લખાયા છે અમારા બે અનંતોપકારી ગુરુદેવો વિશે. પરંતુ તે અમારાં કોઈ ને કોઈ પુસ્તકોમાં સ્થાન પામી ચૂક્યા હોવાથી તેઓશ્રીસંબંધી પૂર્વ પ્રકાશિત એક પણ લેખ આ બે પુસ્તકોમાં લેવાયા નથી. આ પુસ્તકોમાં માત્ર એવા જ લેખ છે કે જે અમારાં એક પણ પુસ્તકમાં અગાઉ પ્રકાશિત થયા નથી.

મુખ્યત્વે આ લેખો તે તે ગુરુભગવંતાદિના સ્મૃતિગ્રન્થ-શ્રદ્ધાંજલિ વિશેષાંક વગેરે માટે તેના સંપાદકોનાં આમન્ત્રણથી લખાયેલ છે. તેમાં ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી-શ્રુતહેમનિકષ પૂર્વાચાર્ય ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

થી લઈને નિકટના ભૂતકાલમાં પ્રભુશાસનને ઝળાંહળાં કરનાર પૂ. શાસનસમ્રાટ આ.ભ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા. - પૂ. કવિકુલકિરીટ આ.ભ. શ્રી વિજય-લબ્ધિસૂરીશ્વરજી મ.સા. - પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)-પૂ. શાસનધુરીણ આ.ભ. શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.સા. વગેરે સૂરિપુંગવો સંબંધી લેખો છે, વર્તમાન પ્રવરસમિતિ સંબંધી ગુણસંકીર્તન લેખ છે, તો વર્તમાનના જીવંત અન્ય સૂરિભગવંતોના ય લેખ છે. આ તમામ લેખો 'પ્રમોદ પમરાટ' અને 'પ્રમોદ પરિમલ' પુસ્તકોમાં પથરાયેલ હોવાથી બન્નેનું લેખકીય નિવેદન એક જ રખાયું છે.

ખાસ સ્પષ્ટતા કે આમાં જે પૂ. ગુરુભગવંતોના ગુણસંકીર્તન-લેખો છે તે ઉપર જણાવ્યું તેમ તે તે ગુરુભગવંતોના સ્મૃતિગ્રન્થાદિ નિમિત્તે લખાયેલ છે, અમારી પસંદગીનાં ધોરણે નહિ. એથી એકાધિકપણે એવું બન્યું છે કે અતિવિશિષ્ટ પ્રભાવક સૂરિપુંગવોના લેખો આમાં નથી. ઉદાહરણરૂપે છે પૂજ્યપાદ આગમોદ્ધારક સૂરિપુંગવ શ્રીમાન સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. તો સામે એમ પણ બન્યું છે કે પ્રસ્તાવનાસંબંધી બે પુસ્તકોમાં સૌથી મોટી અને સૌથી વધુ પ્રસ્તાવનાઓ પૂ. સાગરજીમહારાજના સાહિત્યસંબંધી છે. એથી ખાસ ખ્યાલ એ રાખવો કે આમાં પ્રસંગોપાત્તતા જ કારણ છે, પસંદગી નહિ.

આ પુસ્તકો તેમજ અમારી ૧૦૯ પુસ્તકો પર્યંતની સમગ્ર સાહિત્યયાત્રામાં જેઓશ્રીની કૃપા જ એકમેવ કારણ છે તે અમારા અનંતોપકારી બન્ને દિવંગત ગુરુદેવો પૂજ્યપાદ શાસનસિરતાજ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞતાપૂર્ણ ભાવવંદના સાથે એ જ અંતર-અભિલાષા વ્યક્ત કરીએ છીએ કે આ બન્ને પુસ્તકોના લેખક અને વાચક, સૌને પ્રમોદભાવનાનો પાવન સંસ્પર્શ સદૈવ થતો જ રહે. કારણ કે :-

**ગુણીજનના ગુણ ગાવતાં, ઊપજે ગુણ નિજ અંગ;**
**ધૂલિ પણ મસ્તક ચડે, સંતચરણને સંગ..**

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **-વિજય રાજરત્નસૂરિ**



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

श्री लोढण नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री शत्रुञ्जय-दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमगणधराय नमः ✻ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

પૂજ્યપાદ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર **આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના શ્રાવણ શુદિ-૧૧ના ૧૨૨મા મંગલમય જન્મપર્વે પ્રસ્તુત **'પ્રમોદ પરિમલ'** સહિત પાંચ-પાંચ પુસ્તકોનું પ્રકાશન કરતા અમે ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસન પ્રભાવક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર અને અમારા વર્તમાન માર્ગદર્શક પૂજ્યપાદ **શતાધિકગ્રંથસર્જક આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.,** ત્રણ પૂ. આચાર્યદેવો-બે પૂ.પંન્યાસજી ભગવંતો આદિ ૯૦ શ્રમણ-શ્રમણી ભગવંતો સાથે વિ.સં. ૨૦૮૦માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં સામૂહિક ચાતુર્માસાદિ આરાધનાર્થે પધારતાં અનેક યશસ્વી આરાધનાઓ-પ્રભાવનાઓના ચિરંજીવ ઈતિહાસનું ત્યાં સર્જન થયું. શાનદાર સ્વાગતયાત્રા સાથે ચેન્નઇભવનધર્મશાળામાં પ્રવેશ, ૭૦૦ આરાધકોનું સમૂહ ચાતુર્માસ, નિત્ય બે વારનાં પ્રવચનો, નિત્ય પ્રભાતે વાજતે-ગાજતે જયતળેટીયાત્રા અને વિધવિધ આયોજનો - અનુષ્ઠાનોમાં શિરમોર બન્યું સામૂહિક માસક્ષમણ આયોજન. આમ તો પૂજ્યશ્રી અને તેમના શિષ્યવૃંદના છેલ્લા આઠ ચાતુર્માસોમાં દરેક સંઘમાં સામૂહિક માસક્ષમણો યોજાય છે અને પાલિતાણાનાં ચાતુર્માસ પૂર્વે તેની કુલ માસક્ષમણસંખ્યા 2235 જેવી અ..ધ..ધ..થઇ છે. પરંતુ પાલિતાણાનાં સમૂહ માસક્ષમણ અનેક રીતે યાદગાર નીવડ્યા.

એમાં પહેલી બાબત હતી **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્વયં માસક્ષમણ.** અઢળક શાસનપ્રભાવનાઓ-સાહિત્યસર્જન અને તપક્ષેત્રે એક ઉપવાસ પણ પરાણે કરાય તેવી મર્યાદિત શક્તિ છતાં **પૂજ્યશ્રીએ પ્રતિદિન નવ કલાક જાપ-લેખન-શાસનકાર્યો કરવા સાથે સંપૂર્ણ માસક્ષમણ અપ્રમત્તભાવે કર્યું એ દેવ-ગુરુકૃપાનો બેજોડ ચમત્કાર હતો !** શત્રુંજયેશ્વર દાદા આદીશ્વરપ્રભુએ જ જાણે આ માસક્ષમણ કરાવ્યું ન હોય! પૂજ્યશ્રીની સાથે કુલ ૩૨ સંયમી ભગવંતો અને ગૃહસ્થવર્ગ મળીને ૧૨૩ તપસ્વીઓએ ૪૫-૩૬ આદિ ઉપવાસ સહિત માસક્ષમણ



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

કર્યા. પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ યથાર્થ લખ્યું કે ''પાલિતાણાના સો વર્ષના ઇતિહાસમાં આ રીતની સામૂહિક માસક્ષમણઘટના સર્વપ્રથમ છે.'' પ્રવરસમિતિના તમામ પૂજ્યો સહિત ૫૦ થી વધુ ગચ્છાધિપતિઓ-આચાર્યશ્રીઓનાં પત્રોમાં પૂજ્યશ્રીનાં માસક્ષમણતપની હાર્દિક અનુમોદના નીતરતી હતી. પાલિતાણા ગામના સંઘમાં પૂજ્યશ્રીના પરિવારના ગુરુભગવંતોનું ચાતુર્માસ થતાં પાલિતાણા સંઘના ઇતિહાસમાં સર્વપ્રથમવાર ૨૭ માસક્ષમણો થયા. એક અજબ ઘટના એ બની કે માસક્ષમણના ૨૯મા ઉપવાસની મધ્યરાત્રિએ, શ્રી હસ્તિગિરિતીર્થે પ્રતિષ્ઠિત થનાર આદીશ્વરદાદાનું પ્રથમ અંજનવિધાન પૂજ્યશ્રીના હસ્તે થયું કે જેમાં પાલિતાણા-સ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય હતું.

૩૦મા ઉપવાસે સવારે ૭.૦૦ ક. પાલિતાણા માટે અભૂતપૂર્વ કહેવાય તેવો ૧૨૩ માસક્ષમણતપસ્વીઓનો ભવ્યાતિભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. પૂજ્યશ્રીસહિત ૩૨/૩૨ સંયમી ભગવંતોની નયનરમ્ય શિબિકાઓ, તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિભગવંતોની નિશ્રા, અનેક બેન્ડો-મંડળીઓ વગેરેનાં કારણે એ તપોયાત્રાવરઘોડો ઐતિહાસિક અને જાજરમાન બન્યો હતો. મુંબઇ વગેરે સ્થળોએથી લગભગ ૪૦૦૦ ભાવિકો-ગુરુભક્તો તેમાં જોડાયા હતા. બપોરે ભવ્ય તપ અનુમોદન મહાસભામાં સર્વ સમુદાયોના સૂરિભગવંતોએ જે ઉત્કૃષ્ટ ગુણાનુરાગથી પૂજ્યશ્રીની- માસક્ષમણતપસ્વી દશવર્ષીય પૂ. બાલમુનિ શ્રી જિનાંશરત્ન-વિજયજી મ.ની-સળંગ ૭૭૦ આયંબિલ પર (એક પણ એકાસણાદિ વિના) માસક્ષમણ કરનાર પૂ.સા.શ્રી ધ્યાનદર્શિતાશ્રીજી મ.ની તપશ્ચર્યા વગેરેની જબરજસ્ત અનુમોદના કરી હતી તે ખરેખર વિસ્મયવિભોર કરી દે તેવી હતી. માહોલ એવો સર્જાયો હતો કે સર્વ સમુદાયોને આ રીતે એક મંચ પર નિહાળી ચાર હજારથી વધુ ભાવિકો ધન્ય ધન્ય થઇ ગયા.

માસક્ષમણપારણાદિને પણ આ જ રીતે સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય, પૂ. પરમ ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું દેવરૂપે દેવવિમાનમાં આગમન અને એમના દ્વારા પૂજ્યશ્રીને પારણાનો Technology રચિત હૃદયંગમ Live Scene, પૂજ્યશ્રીલિખિત 101 થી 104 ક્રમાંકના પુસ્તકોનું વિમોચન, સંયમીભગવંતો સહિતના સર્વ માસક્ષમણતપસ્વીઓ માટે ઉત્તમ પારણાવ્યવસ્થા, ઉપસ્થિત તમામ ભાવિકોને વહોરાવવાનો Chance અને સર્વ સંયમીઓને સ્વયં વાસનિક્ષેપ બાદ ઠેઠ ૧૨.૩૦ ક. પૂજ્યશ્રી દ્વારા પારણા, અદ્ભુત મહાપૂજા વગેરે આંખ-અંતર ધન્યબનાવતા પ્રસંગો યોજાયા હતા. નિત્ય ત્રણે ય સમય ચાર હજાર ભાવિકોનાં સંઘસાધર્મિકવાત્સલ્ય, અવનવા સ્ટેજ કાર્યક્રમો, વ્રત-નિયમોનાં લાખેણાં ભેટણાદિથીયુક્ત આ મહાન માસક્ષમણમહોત્સવના પ્રતિઘોષ સમગ્ર જૈનશાસનમાં ઝિલાયા હતા. એક ઉલ્લેખનીય બાબત એ બની કે પાલિતાણાસ્થિત પર્યાયસ્થવિર પૂ. મુનિવર્ય શ્રી જયભદ્રવિજયજી મહારાજે ઉલ્લાસની ચરમ સીમાએ, માસક્ષમણ-અનુમોદનસભામાં એમ જણાવ્યું હતું કે



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

‘‘આ. રાજરત્નસૂરિજીએ આટલી જવાબદારીઓ વચ્ચે પોતે માસક્ષમણ કરીને અમારા સમુદાયનું અને અમારા ગામ ડભોઈતીર્થનું ગૌરવ વધાર્યું છે. આજે હું જાહેર કરું છું કે આજનો દિવસ ‘સમુદાય ગૌરવ’ દિવસ છે.

આ મહામહોત્સવનું જ નહિ, બલ્કે પાલિતાણાનાં સર્વ ચાતુર્માસોનું સર્વપ્રથમ અને શિરમોર આયોજન થયું શત્રુંજય-સૂર્યોદયધામનાં નિર્માણનું. પૂજ્યશ્રી જ્યારે સિદ્ધક્ષેત્રમાં પધાર્યા ત્યારે પૂજ્યશ્રીનું એકમાત્ર લક્ષ્ય હતું સ્વયંની માસક્ષમણતપ-સાધનાનું. પરંતુ નિયતિનું નિર્માણ એનાથી કાંઇક વિશેષ હશે. એથી માસક્ષમણના ૨૮મા ઉપવાસે અચાનક માત્ર 5 Minuteમાં વિરાટ ભૂમિસંપાદન સાથે શત્રુંજય સૂર્યોદયધામ નિર્માણનો નિર્ણય થયો. ૮૬ હજાર Square Feetsનો વિરાટ ભૂમિખંડ મેવાડભવનની પાછળ અને હસ્તગિરિ Road Touch લેવાયો. જ્યાંથી શત્રુંજય-ગિરિરાજ એકદમ નિકટ નિહાળાય છે તેવા આ પૂર્વાભિમુખ વિરાટ સ્થાનમાં ત્રિશિખરીય દેવવિમાનસદૃશ ભવ્યાતિભવ્ય જિનાલય, બે વિરાટ ઉપાશ્રયો, પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવશ્રી તથા પૂ.દર્ભાવતીતીર્થોદ્ધારક પરમગુરુદેવશ્રીનું જીવનદર્શન કરાવતી આલીશાન Art Gallery, 184 ખંડોયુક્ત ચાર આલીશાન રાજમહેલ શા ધર્મશાળા ભવનો, પાંચ હજાર Square Feetના Pillarless ત્રણ વિરાટ ખંડો, ભોજનશાળા, વૃદ્ધ સંયમીઓ માટે સ્થિરવાસના વિશ્રામણાધામ, સરસ્વતીસદન આદિ વૈવિધ્યભરપૂર આયોજનો એટલા વિશાલ ફલક પર આયોજિત થયાં છે કે એક સાથે ૮૦૦ યાત્રિકો ચાતુર્માસ-નવાણું આદિમાં પધારે તો નિવાસ-ભોજન વગેરે માટે કોઇ જ મંડપની આવશ્યક્તા ન રહે! આ ઉપરાંત 15000 Square Feet નો Open ભૂમિખંડ અલગ. માસક્ષમણના પારણાદિને આ આયોજનની ઘોષણા થતાંવેંત તેમાં લાભ લેવા ભાવિકોએ સ્વયંભૂ ધસારો કર્યો. એ પછી તુર્ત પર્યુષણામહાપર્વમાં બે જબરજસ્ત મોટા લાભ બે પુણ્યવંતા પરિવારોએ લેતાં માત્ર ૧૨ દિવસમાં જ સંપૂર્ણ આયોજનના ૭૫% લાભો અપાઇ ગયા. પૂજ્યશ્રી પર વરસતી બેજોડ પ્રભુકૃપા/ગુરુકૃપાનું આ નજરે નિહાળાતું પરિણામ હતું. એક નોંધપાત્ર બાબત એ હતી કે અન્યોને આવાં આયોજનોનું અને એને સફલ બનાવવાનું માર્ગદર્શન પૂજ્યશ્રીનાં આ આયોજનમાંથી પ્રાપ્ત થયું!

ઊછળતા ઉમંગે અને ભાવોની ભરતી વચ્ચે પર્યુષણામહાપર્વની આરાધના, પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા વિવિધ સ્થાનોમાં પર્યુષણામહાપર્વની અને જન્મવાચનાદિ આરાધનાઓ વગેરે બાદ આરાધકોની વિદાયદિનની અંતિમ તળેટીયાત્રામાં ને અંતિમ હિતશિક્ષામાં પણ આઠસો/આઠસો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા...પર્યુષણામહાપર્વ પછીના વિશ્રામના સમયખંડમાં પૂજ્યશ્રી દ્વારા સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને નિયમિત જીવનઘડતરની વાચનાઓ અપાઇ. આ ઉપરાંત વાગડ સમુદાયના પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીગણ માટે સર્વ

સમુદાયોના સૂરિભગવંતો દ્વારા 'વિમલાચલ વાચનાવૈભવ' નામે વાચનાશ્રેણિ યોજી ત્યારે પ્રથમ દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની અને બીજા દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા. ની હતી. બન્ને વાચનાઓથી શ્રમણ-શ્રમણી ભગવંતો ખૂબ પ્રભાવિત થયા. આ જ રીતે સામૂહિક સ્તરની 'અલૌકિક આગમવાચના'માં પણ ઉક્ત બન્ને પૂજ્યશ્રીઓની એકેક દિવસની વાચનાઓ રંગ લાવી. ફલશ્રુતિરૂપે, ઘણા સંયમીભગવંતોએ ત્યારે જ વાચનાસમય લંબાવવાની વિનંતિ કરી. તો તે પછી ચૈન્નઇભવનમાં એ જ વિષયને સમજવા સંયમીઓ પધાર્યા હતા. ઉલ્લેખનીય બાબત આમાં એ છે કે તાજેતરમાં એ બન્ને વાચનાશ્રેણિનું પુસ્તક પ્રકાશિત થયું તેમાં સર્વગ્રાહી પ્રસ્તાવના પણ પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની છે. આ ઉપરાંત નવપદ ઓળીની આવી જ સર્વ સમુદાયની યુવામુનિવરોની પ્રવચન-માળામાં પૂ. મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.નું પ્રવચન ખૂબ સરસ યોજાયું હતું.

શાશ્વતી આસો માસની ઓળીની આરાધનામાં પૂજ્યશ્રીએ સ્વયં સળંગ પાંચમી નવપદઓળીની તપ+વિધિપૂર્વક આરાધના કરી. આસો શુદિ ચૌદશે ત્રણસો જેટલા આરાધકોની ૪૭ દિવસીય ભવ્ય ઉપધાનતપઆરાધના શરૂ થઇ. આ જ અરસામાં પૂ.આ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા. તથા પૂ._આ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા. દ્વારા સૂરિમન્ત્ર દ્વિતીય પીઠિકાની આરાધના થઇ. બન્ને ય પીઠિકાનો પૂર્ણાહુતિસમારોહ ખૂબ ભવ્યતાથી યોજાયો. આસો વદિ-૧ના પૂ.પં.શ્રી હિતરત્નવિજયજી ગણિના સળંગ પાંચસો આયંબિલનો સમારોહ યોજાતાં પાલિતાણાસ્થિત વિવિધ સમુદાયના સૂરિભગવંતોએ તેમાં પધારી તપસ્વીની સુંદર ઉપબૃંહણા કરી હતી. પંન્યાસશ્રીએ ચાર વાર પાંચસો આયંબિલ અને તેમાં બે વાર તો સળંગ પાંચસો આયંબિલ કર્યા છે.

આ તરફ ઉપધાનતપ દરમ્યાન પ્રવચનો-વાચનાઓની હેલિ વરસી. તેના પ્રભાવે મૂળવિધિથી ઉપધાનતપ-૨૧ તપસ્વીઓ દ્વારા એક જ વસ્ત્રજોડ દ્વારા સંપૂર્ણ ઉપધાનતપ-એક આરાધક દ્વારા તમામની નીવિના બદલે આયંબિલ વગેરે વંદનીય વિશેષતાઓ સર્જાઇ. ઉપધાનતપમાં જ પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ. ના એકાંતર ચૌદસો બાવન આયંબિલનો તપોત્સવ, પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના દીવાળીપર્વના ૫૮મા જન્મદિનનો પર્વોત્સવ વગેરે ધર્મપ્રભાવક ઉત્સવો થયા; તો પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. નો સમાધિમય કાલધર્મ થયો. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીના મુખે સંથારાપોરિસીઆધારિત પોણો કલાકની હિતશિક્ષા તે પૂ. સાધ્વીજીને પ્રાપ્ત થઇ. નૂતનવર્ષ-જ્ઞાનપંચમીપર્વ-ચાતુર્માસિક-પર્વની ભવ્ય આરાધનાઓ સાથે ચાતુર્માસ યશસ્વી-યાદગારસ્વરૂપે સંપન્ન થયું.

અને... આવ્યો કાર્તિકીપૂર્ણિમાનો મહાયાત્રાદિન. ચાતુર્માસમાં શત્રુંજય-ગિરિરાજ યાત્રાનિષેધની સુવિહિત પરંપરાનુસાર સિદ્ધગિરિરાજ યાત્રાથી વંચિત

ચતુર્વિધ શ્રી સંઘના હજારો-હજારો ભાવિકોએ તે પુનીત પર્વદિનથી ગિરિરાજયાત્રા શરૂ કરી. તદનુસાર, પૂજ્યશ્રીની નિશ્રામાં લગભગ ચારસો આરાધકોએ સામૂહિક નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના શ્રમણ-શ્રમણીભગવંતોએ પણ વિપુલ સંખ્યામાં નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના માત્ર શ્રમણવૃંદમાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાની શૃંખલા સળંગ નવ વાર યોજાઇ, તો અન્ય શ્રમણ-શ્રમણીભગવંતોએ અનુકૂળતાનુસાર ચોવિહાર છટ્ઠ સહ સાત યાત્રા-અટ્ઠમ સહિત અગિયાર યાત્રાનો સિલસિલો જારી રાખ્યો. ખરી કમાલ સર્જાઇ શ્રાવક-શ્રાવિકાવર્ગની નવાણુંયાત્રામાં. **ત્યાં એક શ્રાવકે ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા-ઉપર એક બિયાસણું-ઉપર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા : આ ક્રમે સળંગ સાત વાર ચોવિહાર છટ્ઠ સહિત સાત-સાત યાત્રાઓ કરી! આ ખરેખર આશ્ચર્યકારક તપશ્ચર્યા હતી.** આ ઉપરાંત અન્ય વિપુલ સંખ્યાના આરાધકોની ચોવિહાર છટ્ઠ સાથેની સાત યાત્રાઓ -અટ્ઠમ સાથેની અગિયાર યાત્રાઓ અલગ.

એક તરફ સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો અને બીજી તરફ શરૂ થઈ પાંચ-પાંચ પદયાત્રાસંઘોની શૃંખલા. પૂજ્યશ્રીએ વ્યવસ્થા એ રીતે કરી હતી કે ૯૦ પૈકી ૪૫ જેટલા સંયમીભગવંતો એક પદયાત્રાસંઘમાં પધારે અને અન્ય તેટલા સંયમીઓ નવાણુંયાત્રા અનુષ્ઠાનમાં વિરાજે. બીજા પદયાત્રાસંઘમાં બન્ને સંયમીવર્ગનું સ્થાન પરાવર્તન થાય. જ્યારે પૂજ્યશ્રી સ્વયં તો દરેક પદયાત્રાસંઘમાં નિશ્રાપ્રદાન કરે. દરેક પદયાત્રાસંઘમાં આ ક્રમ રહ્યો. પ્રથમ પદયાત્રાસંઘ યોજાયો શ્રી કદંબગિરિથી શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો. ૪૫ સંયમીભગવંતો, સવા ચારસો યાત્રિકો અને સંઘપતિ સ્વજનો સાથે પાંચસો પચાસ આરાધકોના આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ શ્રી કદંબગિરિ અને શ્રી શત્રુંજય ગિરિરાજના ઈતિહાસની રસપ્રદ ઘટનાઓ ગૂંથી લેતાં તે પ્રવચનો યાત્રિકો માટે લોહચુંબક જેવા આકર્ષક નીવડ્યા હતા. આવું જ વિશિષ્ટ આકર્ષણ પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા અને વિખ્યાત સંગીતકારો દ્વારા થતી ભક્તિ-સંધ્યામાં રહેતું. અબોલ જીવોની વિશિષ્ટ અનુકંપા-સ્થળે સ્થળે સંઘપતિ દ્વારા સાધારણખાતાનું દાન-અતિ ભવ્ય ગિરિરાજવધામણાં-શાનદાર પાલિતાણા નગરપ્રવેશ-ભવ્ય તીર્થમાળ વગેરે યુક્ત આ પ્રથમ પદયાત્રાસંઘ ચાર દિવસે સંપન્ન થયો.

પદયાત્રાસંઘ બાદ બીજા જ દિવસથી શરૂ થયો ભાયંદરનિવાસી **યુવામુમુક્ષુ કુ. ઋત્વીબેન દક્ષેશભાઇ શાહ (વર્ષ-૨૩)** નો દીક્ષામહોત્સવ. વિવિધ મહાપૂજનો-અષ્ટોત્તરીમહાભિષેક જાજરમાન વર્ષીદાનયાત્રા વરઘોડો ભવ્ય વિદાય સમારોહ બાદ કા.વદિ તેરશે ઊગતા સૂરજની સાખે તેઓનો પ્રવજ્યાપ્રદાન સમારોહ સિદ્ધગિરિરાજની પુણ્યવંતી ભૂમિ ઉપરના સમવસરણમહામંદિરના ધર્મસંકુલમાં યોજાયો. યુગદિવાકર સમુદાયમાં આ સર્વપ્રથમ પ્રસંગ હતો કે જેમાં દીક્ષાવિધાન સિદ્ધગિરિરાજની પવિત્રતમ પુણ્યભૂમિની ઉપર થયું હોય ! ભાગ્યવંતા **મુમુક્ષુને પૂ.સા. શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.** રૂપે

ઘોષિત કરી તેઓને પૂ.સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી-વિશ્વમિત્રાશ્રીજી મ.ના પરિવારના પૂ.સા.શ્રી પ્રિયમિત્રાશ્રીજી મ.ના શિષ્યા કરાયા હતા.

તે પછી ઉપસ્થિત થયો ઉપધાનતપમાળારોપણનો મહોત્સવ. શાનદાર તપસ્વીવરઘોડો-તે જ દિવસે પૂ. સા. શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ. ના ભદ્રતપનો સમાપન-સમારોહ-મહાપૂજા-બાદશાહી સન્માનસમારોહ બાદ ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે માળમહોત્સવ યોજાયો 'શત્રુંજય સૂર્યોદયધામ'ની નવસંપાદિત પુણ્યભૂમિ પર. એકદમ સમયબદ્ધ યોજાયેલ આ માળાપરોપણસમારોહ દરમ્યાન શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલની મુખ્ય શિલાઓની ઉછામણી થતાં દરેક ઉછામણી માતબર થઇ હતી. તે પછી પ્રત્યેક ઉપધાનતપસ્વીને પૂજ્યશ્રીના વરદ્ હસ્તે માળારોપણ કરાયું હતું.

ઉપધાનમાળારોપણના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર દ્વિતીય પદયાત્રાસંઘ નિમિત્તે અયોધ્યાપુરમ્તીર્થ તરફ થયો. આ પદયાત્રાસંઘમાં અન્ય તમામ આયોજનો તથા સંખ્યાદિ પૂર્વના સંઘ જેવા હતા. આ સંઘના સંઘપતિશ્રીનું ઔદાર્ય એવું હતું કે દરેક સ્થળે સાધારણ દાન લખાવવામાં તેઓ એક જ વાક્ય ઉચ્ચારે : ''સાહેબજી જે ફરમાવે તે દાન કરીશ. મારે ક્યાં ય આંક બોલવાનો જ નથી. કેમ કે આ સંઘ સાહેબજીની કૃપાનું પરિણામ છે.'' આ એ સંઘપતિ હતા કે જેમણે શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલમાં સર્વપ્રથમ લાભ શ્રાવકઉપાશ્રયના મુખ્ય નામાંકનનો લઇ મંગલાચરણ કરાવ્યું હતું. હવે યોજાયો વડોદરાનિવાસી યુવામુમુક્ષુ શ્રી શ્રીરાજકુમાર ચિરાગભાઇ શાહ (વર્ષ-૧૯)નો શાનદાર પ્રવ્રજ્યામહોત્સવ. દ્વિતીય પદયાત્રાસંઘની શાનદાર પાલિતાણાપ્રવેશયાત્રાની સાથે જ એમનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રા-વરઘોડો યોજાયો. હાથીની અંબાડીએ આરૂઢ થઇ નિયત સ્થળે જ વર્ષીદાન આપનાર યુવામુમુક્ષુનો સર્વ મહોત્સવકાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ માગશર શુદિ તેરશે ગિરિરાજ પર તીર્થમાળ અને ચૌદશના પુણ્યદિને એમનો દીક્ષાસમારોહ પણ શ્રી સિદ્ધગિરિરાજ ઉપર જ યોજાયો. સ્થળ હતું સમવસરણમહામંદિર ની બરાબર સન્મુખનું બાબુનું દેરાસર.

૧૩૦ વર્ષ પ્રાચીન આ જિનાલયના પરિસરમાં મુમુક્ષુની દીક્ષાનો સમારોહ આ સર્વપ્રથમ વાર જ યોજાયો હતો. બન્યું હતું કે બાબુદેરાસરના પરિસરમાં પૂજ્યપાદ પરમગુરુદેવ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો હતો. તેનું શુભ મુહૂર્ત આજનું-માગશર શુદિ ચૌદશનું જ હતું. એથી એક તરફ ગુરુમંદિરની પ્રતિષ્ઠા, બીજી તરફ શ્રીરાજકુમારની દીક્ષા, ત્રીજી તરફ નૂતન પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.ની વડીદીક્ષા અને ચોથી તરફ વર્ધમાનતપની ૧૦૦મી ઓળીના પારણામહોત્સવની આમન્ત્રણપત્રિકાનો આલેખનવિધિ : આ ચારે ય ધર્મકાર્યો બાબુ જિનાલયપરિસરમાં મંડપરચના સાથે યોજાયા. ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વચ્ચે મુમુક્ષુને રજોહરણપ્રદાનાદિ થયા બાદ અંતે તેઓને પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. નૂતન મુનિ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.રૂપે



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

ઘોષિત કરાયા. દીક્ષાવિધાન દરમ્યાન જ ગુરુમંદિર-પ્રતિષ્ઠા-વડીદીક્ષાવિધિ-પત્રિકાલેખનાદિ સર્વ પ્રસંગો સંપન્ન થયા.

આ ચારે ય ધર્મકાર્યોના મહોત્સવ બાદ તુર્ત પૂજ્યશ્રીનો વિહાર થયો ઘોઘાતીર્થ તરફ. ત્યાંથી પ્રભુપાર્શ્વજન્મપર્વે શત્રુંજયમહાતીર્થનો અક્ષરશઃ ઐતિહાસિક પદયાત્રાસંઘ યોજાયો. પદયાત્રાસંઘના યાત્રિકોની સંખ્યા હતી ૧૨૯૦. યાત્રિકો માટે વ્યવસ્થા હતી **Swiss Tents**ની. જેની રોજેરોજની વ્યવસ્થા કઠિનતમ હોય તે આ **Swiss Tents**ની વ્યવસ્થા આઠે ય દિવસ જરા ય મુશ્કેલ ન બની. યાત્રિકોની **Generation 80%** ૨૨ થી ૫૦ વર્ષના વયજૂથની હતી. જે પ્રમાણમાં ખૂબ અલ્પ મળે. સંઘપતિ અને યાત્રિકો મહદંશ રાજસ્થાની હતા, જ્યારે નિશ્રાદાતા આપણા પૂજ્યશ્રી ગુજરાતી હતા. એમનાં પ્રવચનો ય ગુજરાતી ભાષામાં થતા. છતાં પ્રથમ જ દિવસે પ્રવચનનો માહોલ એવો જામી ગયો કે આઠે ય દિવસ વિરાટ પ્રવચનમંડપ **Before time** છલોછલ રહેતો. ઘોઘાતીર્થના અને શત્રુંજયતીર્થાધિરાજના રસપ્રદ ઈતિહાસોની સાથે **Heart touch** શાયરીઓ-સુવાક્યો-દષ્ટાંતોની જાણે છોળો ઊછળતી. સંઘપતિનો ઉલ્લાસ એવો અદ્ભુત હતો કે તમામ ૧૨૯૦ યાત્રિકોને સુવર્ણની **Chain**ની પ્રભાવના-વિશિષ્ટ **Kits** વગેરે મળી પ્રત્યેકને રૂા. ૨૮ હજારની પ્રભાવના કરાઈ! પૂજ્યશ્રીની નિશ્રાના પદયાત્રાસંઘોમાં આવું ઔદાર્ય આ સર્વપ્રથમ હતું. આ ઉપરાંત માર્ગના દરેક ગામોમાં સાધારણનાં-જીવદયાનાં લાખો રૂપિયાનાં દાનો અલગ. સંઘ તો **Extraordinary** હતો જ. પરંતુ સંઘનો પાલિતાણાનગર પ્રવેશ પણ એવો જ **Extraordinary** હતો. પ્રવેશ સામૈયામાં ૧૦/૧૦ તો ગજરાજ હતા. આ ઉપરાંત બેન્ડો-મંડળીઓની હારમાળાઓ અલગ. આ વર્ષે શત્રુંજયમહાતીર્થે યોજાયેલ સર્વ સંઘોમાં આ પદયાત્રાસંઘ ઔદાર્યની અને વ્યવસ્થાની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ હતો. આ સંઘની તીર્થમાળ ગિરિરાજ પર સાનંદ સંપન્ન થઇ.

હવે એક તરફ સામૂહિક નવાણુયાત્રા તીર્થમાળવિધાનાદિ સાથે સંપન્ન થઈ. તો બીજી તરફ ઉપસ્થિત થયો પૂ. સુદીર્ઘતપસ્વિની સા.શ્રી ધ્યાનરસાશ્રીજી મ.નો વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો સમાપનમહોત્સવ. ત્રિદિવસીય અર્હદ્મહાપૂજન-અન્યાન્ય અનુષ્ઠાનો-તપોવંદનાદિ કાર્યક્રમ બાદ પારણાદિને ભવ્ય તપોયાત્રા-વરઘોડો યોજાયો. તે પછીની ધર્મસભામાં પૂજ્યો દ્વારા વર્ધમાનતપની વિશિષ્ટતાઓ સાથે તપસ્વીની સરસ ઉપબૃંહણા થઇ. તે પછી આવ્યો ચોથો અને શ્રી શત્રુંજય-તીર્થાધિરાજનો અંતિમ સંઘ. આ પદયાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી જ આરંભાયો. પરંતુ પૂર્વના સંઘ કરતા આનો **Root** અલગ લેવાયો હોવાથી સંયમી-ભગવંતોને નવા નવા ગામ-નગરોના જિનાલયોનો લાભ મળ્યો. આ સંઘની યાત્રિકસંખ્યા હતી સાતસો પચાસ. આ સંઘના પ્રથમ જ દિને પૂ. નૂતન મુનિરાજ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.નું વડીદીક્ષાવિધાન સુંદર માહોલમાં થયું. અનેકવિધ સુંદર વ્યવસ્થાઓ-સંઘપતિ દ્વારા ઔદાર્યભર્યા સાધારણાદિદાનો અને પ્રવચનોના જબરજસ્ત માહોલ સાથેના આ

પદયાત્રાસંઘનો પાલિતાણાનગરપ્રવેશ થયો પોષ વદિ તેરશ પ્રભુ આદિનાથદાદાના પવિત્ર નિર્વાણકલ્યાણકદિને. એ જ દિવસે મહાન કાર્ય થયું **શત્રુંજય સૂર્યોદયધામ-ધર્મસંકુલ**ના તમામ વિભાગોના મળી કુલ ૧૫૩ શિલાઓના સ્થાપનાસમારોહનું.

વહેલી પ્રભાતથી તે સ્થાને નવગ્રહાદિપૂજનઅનુષ્ઠાન પૂજ્યશ્રીના સંયમીવૃંદની નિશ્રામાં આરંભાઇ ચૂક્યું હતું. બરાબર સવા આઠ કલાકે પૂજ્યશ્રી ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક તમામ સાતસો પચાસ પદયાત્રિકો સાથે ધર્મસંકુલમાં પધાર્યા. ૧૦૦થી વધુ શ્રમણ શ્રમણીભગવંતો, અનેક દાનવીર ગુરુભક્તો સહિત લગભગ બે હજાર ભાવિકો અને નયનરમ્ય સંગીતસૂરાવલિ વચ્ચે મન્ત્રોચ્ચારપૂર્વક તમામ શિલાઓની સ્થાપનાવિધિ થઇ ત્યારે ગગનભેદી મન્ત્રોચ્ચારોથી ગિરિરાજ અને ગગનાંગણ સુદ્ધા ગુંજી ઊઠ્યા. તે પછીનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ મનોરથરૂપે માત્ર વિચાર રજૂ કર્યો કે 'પ્રભુ-ગુરુકૃપા વરસી રહી છે. માટે જ કોઇ વિચાર ન હોવા છતા આવું વિરાટ ધર્મસંકુલ અચાનક નક્કી થયું અને ભૂમિસંપાદન-ખનન-શિલાન્યાસ-Plan passing જેવાં કાર્યો પણ જાણે આંખના પલકારમાં થઇ ગયા. દાનની વર્ષા પણ ચમત્કાર ગણાય એટલી ઝડપથી થઇ છે. જો ત્રણ ચાતુર્માસમાં સમગ્ર સંકુલ તૈયાર થઇ જાય તો તે પછીના વર્ષે અંજનશલાકાપ્રતિષ્ઠામહોત્સવ ઉપરાંત પ્રથમ સામૂહિક ચાતુર્માસ-ઉપધાનતપ-સામૂહિક નવાણુંયાત્રા વગેરે આયોજનો આ ધર્મસંકુલમાં જ કરવાં. અને જો ચાર ચાતુર્માસમાં થાય તો તે પછીના વર્ષે આ તમામ આયોજનો કરવાં.''

યોગાનુયોગ એ વર્ષો પૂજ્યશ્રીના સંયમજીવનનાં ૫૦માં/૫૧માં વર્ષો હોવાથી ગુરુભક્તોએ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ આપીને તુર્ત જ ત્રણે ય મોટાં આયોજનોનો લાભ લઇ લીધો. **એક જ પરિવાર તરફથી સમગ્ર સામૂહિક ચાતુર્માસ, એક જ પરિવાર તરફથી સંપૂર્ણ ઉપધાનતપ અને એક જ પરિવાર તરફથી સમગ્ર સમૂહ નવાણુંયાત્રા ! આમાં એક પણ બાબત પૂર્વઆયોજિત ન હતી. અચાનક જ વિચાર રજૂ થયો અને અચાનક જ લાભોની જય બોલાઇ ગઇ! પ્રભુ-ગુરુકૃપાનો એ પુણ્યપ્રભાવ હતો.** આ જ સમારોહમાં પૂ. તપસ્વિની **સા.શ્રી ભાવવર્ષાશ્રીજી મ.** ના શ્રેણિતપપારણાનો કાર્યક્રમ પણ સંપન્ન થયો. બીજા દિવસે ગિરિરાજ પર તીર્થમાળવિધાન બાદ એક દિવસના અંતરે પૂજ્યશ્રીની વિહારયાત્રા શરૂ થઇ. એ પૂર્વે, સળંગ સાત માસ પાલિતાણાની પુણ્યભૂમિમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ઉપરોક્ત અદ્‌ભુત આરાધનાઓની-શાસનપ્રભાવનાઓની અખંડ શૃંખલા સર્જાઇ.

મહા શુદિ એકમે શરૂ થયેલ પૂજ્યશ્રીની વિહારયાત્રા શંખેશ્વરતીર્થના પદયાત્રા-સંઘ માટે હતી. માત્ર પંદર દિવસમાં ઉગ્ર વિહાર સાથે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા વિરમગામ નિકટના Highway touch શ્રી નાગેશ્વરપાર્શ્વનાથધર્મધામતીર્થે. પૂજ્યશ્રીના ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલ આ વિહારધામની સંપૂર્ણ કાયાપલટ માત્ર ચાર માસમાં કરાઇ હતી. આલીશાન બે નૂતન ઉપાશ્રયોનું સંપૂર્ણ નવનિર્માણ, પૂ.સંયમીભગવંતોની

વૈયાવચ્ચ અને વિહારસેવકોની સ્થિરતા માટે નૂતન વૈયાવચ્ચભવનનિર્માણ તેમજ જિનાલય-સુશોભનીકરણ થઇ ગયા બાદ આજે તેનો પ્રતિષ્ઠા-ઉદ્‌ઘાટન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. સમગ્ર પુનરુદ્ધાર તથા કાયમી વૈયાવચ્ચનો લાભ એક જ ગુરુભક્ત પરિવારે લીધો હતો. તેમના હસ્તે જિનાલયમાં શ્રી નેમિનાથપ્રભુની તથા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વ-પ્રભુની પ્રતિષ્ઠા તેમજ નવનિર્મિત ધર્મસંસ્થાનોનાં ઉદ્‌ઘાટન થયાં.

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા શ્રી ભોંયણીતીર્થે. આ વર્ષનો કુલ પાંચમો પદયાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં અહીંથી પ્રારંભાયો. સિત્તેર સંયમી-ભગવંતો, ચારસો પચાસથી વધુ યાત્રિકો અને સિદ્ધગિરિરાજના સંઘો જેવી જ સુચારુ વ્યવસ્થા ધરાવતા આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા વહી શ્રી શંખેશ્વરપ્રભુના ઈતિહાસ પર. પ્રવચનો અને ભક્તિસંધ્યાની જમાવટ સાથેના આ સંઘનું તીર્થમાળવિધાન શંખેશ્વરમહાતીર્થે થયા બાદ પૂજ્યશ્રીએ વધુ ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી શંખેશ્વરદાદાની વિશિષ્ટ ભક્તિ કરી. કુલ પાંચ દિવસની શ્રી શંખેશ્વરપ્રભુજીની ભક્તિ પછી હવે પૂજ્યશ્રીની વિહારયાત્રાએ કચ્છની દિશા સ્વીકારી.

લગભગ દશેક વર્ષથી પૂજ્યશ્રીનાં અંતરમાં એ ભાવ રમતા હતા કે યોગ આવે ત્યારે કચ્છના પ્રાયઃ કોઇ ગામ બાકાત રાખ્યા વિના સમગ્ર કચ્છની તીર્થયાત્રા કરવી. એથી સાડા ત્રણ માસનો સમય ફાળવીને પૂજ્યશ્રીએ એ તરફનો વિહાર આરંભ્યો. બાવીશ શ્રમણભગવંતો, સોળ શ્રમણી-ભગવંતો અને દીક્ષાર્થીઓ વગેરે સહિતની એ વિહારયાત્રામાં **લગભગ બસો પચીશથી અધિક જિનાલયોનાં દર્શન-ચૈત્યવંદન-સંધ્યાભક્તિ-યથાશક્ય વિશિષ્ટ જાપ,** લગભગ દરેક સ્થળે સામૈયાં-પ્રવચનો અને ઘણા સ્થળે સંઘનવકારશીઓ, પોતાના ગામોમાં ગુરુદેવની પધરામણી પ્રસંગે મુંબઇના ગુરુભક્તોની ઉપસ્થિતિ અને સામૈયાં-નવકારશી આદિ લાભો, રાધનપુર-ભદ્રેશ્વરજી-વાંકી જેવા વિશિષ્ટ તીર્થોમાં બે બે દિવસની પ્રભુભક્તિ, સંયમી ભગવંતો માટે નિત્ય એકાંતર વાચનાઓ, ઉગ્ર વિહારો છતાં શ્રમણભગવંતોમાં ૭૭/૭૫ જેવી મોટી વર્ધમાનતપઓળી-એકાંતર વીશસ્થાનક ઉપવાસો, શ્રમણી ભગવંતોમાં સળંગ સાતસોથી વધુ આયંબિલ-ઓળીઓ આદિ તપશ્ચર્યાઓ અને પંચમ કર્મગ્રન્થાદિના અર્થો-સંસ્કૃત ચરિત્રવાચનાદિ અભ્યાસ પણ જારી રહ્યો.

કચ્છની એ યાત્રા બાદ જેઠ શુદિ-૧૨ના પૂજ્યશ્રી આદિ ૮૮ સંયમી-ભગવંતોનો અમદાવાદ શહેરનો નગરપ્રવેશ અમદાવાદના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે અઢળક વિશેષતાયુક્ત વિરાટ સ્વાગતયાત્રા સાથે શાનદાર સ્વરૂપે થયો. તે પછી અમદાવાદના વિવિધ સંઘોમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો, સામૂહિક માસક્ષમણોની પ્રેરણાઓ, (૧) પંકજ જૈન સંઘ (૨) આંબાવાડી જૈન સંઘ (૩) ઓપેરા જૈન સંઘ (૪) નવકાર વાસણા જૈન સંઘ (૫) ગૌતમ જૈન સંઘમાં શ્રમણ-

શ્રમણીભગવંતો ઉભયના ભવ્ય ચાતુર્માસપ્રવેશો અને અન્યત્ર શ્રમણી ભગવંતોના ચાતુર્માસપ્રવેશો થયા. તેમાં પંકજ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશદિને, યુવામુમુક્ષુ કુ.જૈની શાહ (વર્ષ-૧૫)ને પૂજ્યશ્રીના શ્રીમુખેથી દીક્ષામુહૂર્ત પ્રદાન થયું હતું. સંયમી-ભગવંતોના કુલ પચીશ વૃંદોના ચાતુર્માસપ્રવેશ પચીશ સ્થાનોમાં થયા. તેમાં શ્રી ધર્મવિહાર જૈન સંઘ-પાલડીમાં ચાતુર્માસપ્રવેશ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયના નૂતન શ્રી જિનબિંબાદિનો પણ ભવ્ય સામૈયાં સાથે નગરપ્રવેશ યોજાયો.

શ્રમણભગવંતોનાં ચાતુર્માસમાં દરેક સંઘોમાં વિશાલમેદની સમક્ષ પ્રવચનો-રવિવારીય યુવાશિબિરો-અનુષ્ઠાનો-રાત્રિપ્રવચનોની હારમાળા સર્જાઇ છે. આષાઢ વદિ છઠના સામૂહિક માસક્ષમણપ્રારંભના મંગલદિને પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ યોજાતાં 2700 ભાવિકો અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસમાં જોડાયા અને હાલમાં 840 ભાવિકો નિર્વિઘ્નપણે માસક્ષમણપૂર્ણતા તરફ અગ્રેસર છે. તમામ તપસ્વીઓનો સંયુક્ત ઐતિહાસિક શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો-Riverfront પર હજારોની મેદની વચ્ચે તમામ તપસ્વીઓનો પારણા સમારોહ-દરેક તપસ્વીનું સુવર્ણહારથી બહુમાન ઈત્યાદિયુક્ત ભવ્યાતિભવ્ય માસક્ષમણસમાપન મહોત્સવ આયોજિત થયો છે. આ સાથે નવ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલ માસક્ષમણ 3198 થયા છે.

આવી સાતત્યસભર શાસનપ્રભાવનાશ્રેણિ અને પોતાની નિત્યની વિશેષ આરાધનાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીએ સાહિત્યસર્જનની ધારા અખંડ રાખી હોવાથી અમે આજના પુણ્યદિને પૂજ્યશ્રીના 105 થી 109 ક્રમાંકના પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. આ સાથે ધર્મકૃપાપ્રકાશનનો કુલ Mile Stone 198 થી 202 ક્રમાંકનો થયો છે અને માત્ર ત્રણ વર્ષોમાં તે આંક 265 ની માતબર સંખ્યાએ પહોંચશે જે અમારા માટે ગૌરવપ્રદ બીના છે. આ પુસ્તકનાં વાંચન-મનનથી વાચકો શુભના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **- ધર્મકૃપા ટ્રસ્ટ**



Book No. 107 Pramod Parimal / Starting pages / 23 May 2025

# વિ ... ષ ... ય ... દ ... ર્શ ... ન


૧. વિદ્વત્તા-પ્રભુભક્તિ અને શ્રુતોપાસનાનો ત્રિવેણીસંગમ : ૧ થી ૧૦

૨. આકૃતિ પ્રકૃતિ અને કૃતિથી પણ 'પુણ્ય' : ૧૧ થી ૧૬

૩. પ્રભુભક્તિનું પર્યાયવાચી નામ : ૧૭ થી ૨૧

૪. સૂર્યોદય સૂરિરાયા પ્રેમે પ્રણમું પાયા... ૨૨ થી ૩૦

૫. અનુભવની આરસીમાં... ૩૧ થી ૪૨

૬. ત્રિવેણીતીર્થ સૂરિદેવ : ૪૩ થી ૪૭

૭. સ્વાધ્યાય-સરલતા-સત્ત્વનો સુવર્ણસંગમ : ૪૮ થી ૫૫

૮. આચારચુસ્ત આચાર્યદેવ : ૫૬ થી ૬૧

૯. સમ્યક્ પુરુષાર્થ-સદ્ભાવ સરલતાનો ત્રિવેણીસંગમ : ૬૨ થી ૬૮

૧૦. 'રત્ન'થી ય સુંદર વ્યક્તિત્વ : ૬૯ થી ૭૫

૧૧. વિનીતતા-વ્યવહારુતા-વાત્સલ્યતાનો ત્રિવેણીસંગમ : ૭૬ થી ૮૦

૧૨. અક્ષરની આરસીમાં આંતરછબી : ૮૧ થી ૮૩

૧૩. 'કલ્યાણ'ની કલ્યાણયાત્રા ૮૪ થી ૯૦



૧

# વિદ્વત્તા-પ્રભુભક્તિ અને શ્રુતોપાસનાનો ત્રિવેણીસંગમ : પૂ. બહુશ્રુત આ.ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ

પરમતારક પરમાત્મા શ્રી તીર્થંકરભગવંતોનાં ધર્મશાસનને જીવંત અને જાજવલ્યમાન બનાવી રાખનાર વિવિધ પરિબળો પૈકી સર્વાધિક મહત્ત્વનાં પરિબળો બે છે : (૧) શ્રવણપરંપરા (૨) શ્રમણપરંપરા.

શ્રવણપરંપરાનાં કારણે પરમાત્માનાં શ્રીમુખેથી પ્રગટેલી ત્રિપદીગંગોત્રી ઝીલીને ગણધરભગવંતોએ દ્વાદશાંગીની-ચૌદ પૂર્વોની વિરાટ પતિતપાવની શ્રુતગંગા પ્રવાહિત કરી, તો એ શ્રવણપરંપરાથી જ પ્રભુ મહાવીરદેવનાં ધર્મશાસનમાં નવસોથી વધુ વર્ષોપર્યંત યથાશક્ય શ્રુતસુરક્ષા થઇ હતી. આજના ભોગપ્રચૂર વિલાસીવાતાવરણમાં ય વિશાલ ચતુર્વિધ સંઘમાં ત્યાગ-તપશ્ચર્યા-

આરાધનાઓની જે ભવ્ય યશસ્વી શ્રેણિઓ સર્જાઇ રહી છે એનાં મૂળમાં શ્રવણપરંપરાનો ખૂબ મોટો ઉલ્લેખનીય ઉપકાર છે.

એ જ રીતે શ્રમણપરંપરા પણ પ્રભુશાસનને બહુ પ્રભાવશાળીપણે જીવંત અને જાજવલ્યમાન રાખે છે. આજના કાળની શ્રવણપરંપરા અર્થાત્ પ્રવચનધારા લગભગ સર્વાંશે શ્રમણ-શ્રમણી ભગવંતોને આભારી છે, તો દાન-શીયલ-તપ-ભાવની ધારાઓ પણ એ સંયમીભગવંતોને આભારી છે. શું શાસ્ત્રોનાં-ગ્રન્થોનાં સર્જન કે શું સંસ્કાર પોષક-નૈતિક મૂલ્યોત્પાદક સાહિત્યસર્જનઃ એમાં શ્રમણપરંપરાનું જબરજસ્ત યોગદાન છે. એથી એ શ્રમણ પરંપરાને બિરદાવવા નવાંગી ટીકાકાર પૂજ્યપ્રવર આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજે પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રની ટીકામાં ‘**सर्वानुयोगवृद्धेभ्यो**’ પદથી એને નમસ્કાર કર્યા છે, તો કોઇ સાંપ્રતકાલીન કવિએ એને બિરદાવવા આ શાયરી લખી છે કે :-

**आसमान में अगर तारे न होते,**
**तो रात इतनी सुहानी न होती।**
**दुनियामें अगर साधु-साध्वी न होते,**
**तो जैन शासनकी कहानी न होती।।**

આવી મહાન શ્રમણપરંપરાએ યુગે યુગે અદ્ભુત જ્ઞાની-ઉત્કટ વૈરાગી-અનુપમ ત્યાગી-તપસ્વી સંયમીઓની ભેટ ધરી છે. આ શૃંખલામાં, વિક્રમની વીશમી-એકવીશમી સદીમાં જે મહાન પ્રભાવક જ્ઞાનયોગી સૂરિવરો થઇ ગયા તે પૈકીના એક છે પૂજ્યપ્રવર કવિકુલકિરીટ જૈનરત્ન આ.ભ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ. એમનાં જીવનમાં વિદ્વત્તા-હૈયું ભાવવિભોર કરતી પ્રભુભક્તિરચનાઓ અને વિશિષ્ટ વિપુલ ગ્રન્થસર્જનનો અદ્ભુત ત્રિવેણીસંગમ નિહાળવા મળે છે. આપણે એમની વિદ્વત્તાને અને પ્રભુભક્તિભાગીરથીને એકેક જીવનપ્રસંગ દ્વારા માણીએ

અને ગ્રન્થસર્જનને એમણે રચેલ 'વૈરાગ્યરસમંજરી' નામે સંસ્કૃતગ્રન્થની કેટલીક ઝલકો દ્વારા માણીએ :

**(૧) વિદ્વત્તા :-** વિ.સં. ૧૯૬૦. તાર્કિક શિરોમણિ મહાન વાદિવિજેતા પૂ. સૂરિપુરંદર શ્રીમાન મલ્લવાદીસૂરીશ્વરજીમહારાજ રચિત 'દ્વાદશારનયચક્ર' મહાગ્રન્થનો ભવ્ય ઉદ્‌ઘાટનસમારોહ તે વર્ષે મુંબઇ-દાદરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. ગ્રન્થ ઉત્કૃષ્ટ કોટિનો હતો. તેથી તેનો ઉદ્‌ઘાટનસમારોહ ગૌરવવંતો બનાવવા તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ અને ભારતીય દર્શનોના અભ્યાસી વિદ્વાન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને ખાસ આમન્ત્રિત કરાયા હતા. સમારોહ દરમ્યાન અચાનક ડૉ. રાધાકૃષ્ણને આચાર્યશ્રીને વિનંતિ કરી કે "ગ્રન્થની વિશેષતાઓ દર્શાવતું આપનું પ્રવચન આપ સંસ્કૃતભાષામાં ફરમાવો. આજના પ્રસંગ માટે એ ખૂબ અનુરૂપ રહેશે." પૂ. લબ્ધિસૂરિદાદાની વય ત્યારે પંચોતેર વર્ષની હતી. સ્વાભાવિક છે કે આ વયે બૌદ્ધિક શક્તિ-સ્મૃતિશક્તિ તીવ્ર ન હોય. એમાં અચાનક જાહેરમાં સંસ્કૃત પ્રવચનનું કહેણ આવે તો એ ઝીલવામાં વિચાર કરવો પડે.

પરંતુ પૂજ્યશ્રી તુર્ત તૈયાર થઇ ગયા. એમણે ગુજરાતી યા હિન્દીના બદલે સંસ્કૃતભાષામાં પ્રવચન શરૂ કર્યું. અસ્ખલિત ધારાબદ્ધ ભાષા, મુદ્દાસર રજૂઆત અને ગ્રન્થના ગહન પદાર્થોની નિર્ભ્રાન્ત શૈલીથી સરલ પ્રસ્તુતિ : આ તત્ત્વો પૂજ્યશ્રીની પ્રવચનધારામાં એવાં સરસ સંનિહિત હતા કે વિદ્વાન ઉપરાષ્ટ્રપતિ એનાથી પ્રભાવિત થઇ ગયા. જૈન શ્રમણોની જ્ઞાનસાધના કેવી ગહન-ઊંડાણભરી હોય છે તેની એમને પ્રબળ પ્રતીતિ થઇ...

**(૨) પ્રભુભક્તિ :-** 'સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ...' 'આવ્યો દાદાને દરબાર...' જેવા કૈંકેટલાય ભક્તિગીતો-સ્તવનો એમણે

એવા ભક્તિરસઝરતાં રચ્યાં છે કે જે આજે પણ ભાવિકોનાં અંતરતારને રણઝણાવે છે. ભક્તિગીતો માટે માર્ગદર્શક બને એવું એક નિરીક્ષણ ક્યાંક વાંચ્યું હતું કે **''શબ્દ વિનાની ભક્તિ ચાલી શકે, પણ ભક્તિ વિનાના શબ્દો ન ચાલી શકે.''** સારાંશ એ કે ભક્તિરચનાઓમાં હૃદયનો અનુભૂતિભર્યો ભક્તિરંગ ઘુંટાવો જોઇએ. પૂજ્યશ્રીની ભક્તિરચનાઓમાં આ રંગ ઘુંટાતો હશે. માટે એમની રચનાઓ લોકહૃદયને સ્પર્શી છે અને લોકપ્રિય બની છે. એમની ભક્તિરચનાનો એક અંતરમાં અંકિત થઇ જાય તેવો પ્રસંગ નિહાળીએ :

પંજાબપ્રદેશના ગ્રીષ્મકાલીન ગરમીના વિહારોનો એક દિવસ. એ દિવસોમાં પંજાબપ્રાંતમાં ગોચરીમાં 'ઠંડાઇ' સહજતાથી મળી જતી. મુનિઓ ગોચરીમાં ઠંડાઇ વહોરી લાવ્યા અને પૂ.લબ્ધિસૂરિદાદાએ એ વાપરી. થોડી વાર થતાં જાણે નશો ચડતો હોય તેવો વિચિત્ર-વિલક્ષણ અનુભવ થવા માંડ્યો. એમને ખ્યાલ આવી ગયો કે ઠંડાઇ સાથે ભાંગનું મિશ્રણ થઇ ગયું હશે. નશો અસર ન જમાવી દે તે માટે એમણે ભક્તિરસપાન કરવાનો નિર્ણય કર્યો અને તન્મયભાવે ચોવીશ શ્રી તીર્થંકરભગવંતોના ચૈત્યવંદનોની અને થોયજોડાની રચનાનો પ્રારંભ કર્યો. એમાં એવી તલ્લીનતા આવી ગઇ કે કલાકો ક્યાં વીતી ગયા અને નશો ક્યાં ગાયબ થઇ ગયો એની ખબર ન પડી!

એક અન્ય પ્રાસંગિક વાત. ભક્તિસાહિત્યની રચનામાં ભક્તિરસ અને સંગીતરસ, બન્ને હોય તો સુવર્ણમાં સુગંધ ભળ્યા જેવું થાય. આચાર્યશ્રીમાં આ બન્ને રસ હોવાની પ્રતીતિ એમના ભક્તિસાહિત્યના શબ્દો અને રાગવૈવિધ્ય જોતા થાય. આ બન્ને રસ જીવનની આથમતી સંધ્યાએ ય કેવા હતા એનો એક પ્રસંગ અમારા ગુરુદેવ પૂજ્યપાદ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે વર્ષો પૂર્વે અમને કાંઇક આવો જણાવ્યો હતો કે ''સ્વ.પૂ.લબ્ધિસૂરીશ્વરજી મ.ના અંતિમ દિવસોમાં અમે

શાતાપૃચ્છા માટે મુંબઈ-લાલબાગના ઉપાશ્રયે વિ.સં.૨૦૧૭ના ચાતુર્માસમાં ગયા હતા. ત્યાંનું વાતાવરણ મનને ભક્તિમય-સમાધિતરબોળ કરી દે એવું હતું. એકદમ રમણીય મધુર લયમાં ઠંડા સૂરે સંગીતકાર દેવેન્દ્રવિજય વિવિધ ભક્તિરચના-સમાધિસ્તોત્રો શાંત સંગીત સાથે ગાય અને આચાર્યશ્રી બંધ આંખે એનાં ભાવજગતમાં લયલીન રહે. મુલાકાતીઓ-શાતાપૃચ્છાર્થે આવનાર સાથે કોઈ વાત નહિ!'' ભક્તિ અને સંગીતની જુગલબંદી જીવનના અંતિમ દિવસોમાં ય કેવી સાતત્યસભર સચવાઈ હતી તે આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે.

**(૩) ગ્રન્થસર્જન :-** પૂ. લબ્ધિસૂરિદાદાએ અનેકાનેક આકર ગ્રન્થો પ્રૌઢ શૈલીમાં રચ્યા છે. ક્યાંક એ વખણાયા છે, તો ક્યાંક એની સખ્ત સમાલોચના ય થઈ છે. એ સર્જનસૃષ્ટિમાંથી અમારે પ્રસ્તુતિ કરવી છે 'વૈરાગ્યરસમંજરી' ગ્રન્થના કેટલાક ઝલકરૂપ શ્લોકોની. આ ગ્રન્થ પૂજ્યશ્રીએ વિ.સં. ૧૯૮૨માં એમના ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.સા. (પંજાબી)ના અંતિમ સમયકાળ દરમ્યાન રચ્યો છે. મનઃપ્રબોધ-આત્મવિવેક-નર્કવર્ણન-તત્ત્વત્રયી-ધર્મચર્ચારૂપ પાંચ ગુચ્છક અને કુલ ૬૪૨ શ્લોકમાં પથરાયેલ આ ગ્રન્થની રચના પૂજ્યશ્રીએ માત્ર પંદર દિવસમાં કરી હતી. એટલે કે લગભગ પ્રતિદિન સરેરાશ ૪૩ શ્લોકોની રચના તેઓએ કરી ગણાય. વિ.સં. ૧૯૮૬માં પ્રો. હીરાલાલ કાપડીયાએ એનો વિસ્તારપૂર્વકનો અનુવાદ પ્રકાશિત કર્યો. એનો હીંદી અનુવાદ પૂજ્યશ્રીની શિષ્યપરંપરાના પૂ.આ.શ્રી વીરસેનસૂરિજી મહારાજે કર્યો છે. તે પૈકી વિ.સં. ૨૦૪૭માં પ્રકાશિત ચતુર્થ ગુચ્છકનો ગ્રન્થ અહીં-અમારી પાસે ઉપલબ્ધ છે. આપણે એ ચતુર્થ ગુચ્છકમાંની થોડી ઝલક નિહાળીએ :

સ્થાનકમાર્ગી પરંપરા મૂર્તિપૂજાનો વિરોધ કરે છે. એમાં એમની દલીલ એ છે કે ''મૂર્તિ તો જડ છે. જડમૂર્તિ સચેતન આત્મા પર ઉપકાર ક્યાંથી

કરે? જો પથ્થરમાં કંડારાયેલ જડ ગાય દૂધ આપી શકતી નથી, તો પથ્થરમાં કંડારાયેલ જડ ભગવાન પણ કોઈ કલ્યાણદાન કરી શકતા નથી.'' આના સચોટ જડબેસલાખ ઉત્તરો પૂર્વના જ્ઞાનીભગવંતોએ આપ્યા છે. જેમ કે પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજીગણિવરે 'પ્રતિમાશતક'માં ધારદાર સજ્જડ ઉત્તર આપ્યો છે કે ''જો મૂર્તિ જડ છે તો શબ્દ-પ્રભુનું નામ પણ જડ છે. તમે-સ્થાનકમાર્ગીઓ શાસ્ત્રોએ દર્શાવેલ ચાર નિક્ષેપ પૈકી જો મૂર્તિનો વિરોધ કરી સ્થાપનાનિક્ષેપ ફગાવો છો, તો પછી નામનિક્ષેપ અર્થાત્ પ્રભુનું નામસ્મરણ-જાપ વગેરે કેમ સ્વીકારો છો? એકનો ઈન્કાર અને એકનો સ્વીકાર તો 'વદતો વ્યાઘાત' પુરવાર થાય છે.'' આવી જ કાંઈક જરા અલગ પ્રકારની દલીલ ચતુર્થ ગુચ્છકના સાડત્રીશમા શ્લોકમાં પૂજ્યશ્રી કરે છે કેઃ-

जडरूपं यथा भोज्यं, बुद्धिबलविवर्धकम्।
तथा मूर्तिर्जिनेशानां, केवलज्ञानदायिका ॥

ભાવાર્થ કે બદામ-દૂધ વગેરે ભોજનપદાર્થો જડ છે, છતાં તે જીવમાં-વ્યક્તિમાં બુદ્ધિ-બલ વગેરેની વૃદ્ધિ કરે જ છે. તેમ શ્રી જિનેશ્વરભગવંતોની મૂર્તિ પથ્થરસ્વરૂપે જડ હોવા છતાં આત્મામાં કેવલજ્ઞાનનું પ્રગટીકરણ કરી જ શકે છે! કેવી સચોટ છતાં સરલ-ગળે ઊતરી જાય તેવી દલીલ છે આ! ખાસ, શ્રદ્ધાવંત ભાગ્યવાનોએ તો એ પણ સમજવાનું જ કે તે જડ મૂર્તિમાં પણ ચ્યવન-કલ્યાણકનાં મન્ત્રો દ્વારા પ્રાણની અને અંજનવિધાન દ્વારા કેવલજ્ઞાનજ્યોતિની પ્રતિષ્ઠા-સ્થાપના તો થઈ જ છે. તે પછી જ તેની પૂજનીયતા અને પ્રભાવકતા સ્વીકારાઈ છે...

શ્રી જૈનશાસનમાં ગુરુવંદનનું વિધાન નિત્યનું છે, આવશ્યકોમાં પણ એનો સમાવેશ છે. કઈ કેટલા ય પુણ્યવાનો આવશ્યક વિધિ સમજીને એ

ગુરુવંદન કરી લેતા હશે. પરંતુ આ ચતુર્થ ગુચ્છકમાં ગુરુવંદનનો મહિમા અલગ અલગ દલીલોથી ખૂબ સરસ પ્રસ્તુત કરાયો છે. અટ્ઠાવનમા શ્લોકમાં પૂજ્યશ્રી લખે છે કે :-

त्यागिनां वन्दने त्यागा–नुमोदो भवति ध्रुवम्।
त्यागानुमोदनाद् भावी, त्यागगुणो निजात्मनि।।

ભાવાર્થ કે ત્યાગી-સંયમીભગવંતોને વંદન કરવાથી એમના સંયમની-ત્યાગની ચોક્કસપણે અનુમોદના થાય છે. નિયમ એ છે કે જેની અનુમોદના કરો તે ગુણ તમારામાં આજે-કાલે-ગમે ત્યારે પ્રગટે જ. એટલે વ્યક્તિનું વર્તમાન જીવન ભલે સંયમનું ન હોય, તો પણ ગુરુવંદનથી એનાં ભાવિ જીવનમાં સંયમધર્મ પ્રગટવાની પૂરી સંભાવના રહે. જો 'ત્યાગીની અનુમોદનાથી જીવનમાં ત્યાગધર્મ પ્રગટે' આવી સમજ સ્પષ્ટ ખીલી હોય તો ગુરુવંદન માટે જાગરૂકતા-તત્પરતા-ઊમળકો કેવો સરસ-ઉદાહરણીય હોય તે જાણવું છે? તો વાંચો આ સત્ય ઘટના :

મુંબઇ-વાલકેશ્વરના સુપાર્શ્વનાથ સંઘના એક શ્રાવક. એ જિનાલયે પૂજા બાદ અચૂક ગુરુવંદન માટે ઉપાશ્રયે આવે. એ સંઘમાં જિનાલયથી ઉપાશ્રય દૂર અને વિશેષ તો એકદમ નીચાણમાં હોવાથી ઢાળ ઊતરવો-ચડવો પડે. એટલે લગભગ દરેક શ્રાવક-શ્રાવિકાઓ ત્યાં પ્રવચનસમયે-એક વાર આવે. અપવાદ માત્ર પેલા શ્રાવક. ત્યાંના અમારા સમગ્ર ચાતુર્માસ દરમ્યાન અમે આ વાત Mark કરી. એક વાર તે શ્રાવકને અમે આ અંગે પૂછ્યું તો કહે : ''સાહેબજી! સાધુભગવંત હોય કે ન હોય, હું જિનપૂજા બાદ અવશ્યમેવ ઉપાશ્રયે વંદન કરવા આવું જ.'' અમને વિશેષ આશ્ચર્ય થયું. એમણે સ્પષ્ટતા કરી કે ''પ્રવચન સમયે જ જો વંદન કરું તો પ્રવચન ન હોય ત્યારે વંદનનો નિયમ ન સચવાય. માટે સવારે અલગથી

આવવાનો ચુસ્ત નિયમ રાખ્યો છે. રહી વાત સાધુભગવંત ન હોય તો કોને વંદન કરવા તે. હું ત્યારે સુધર્માસ્વામી-પ્રવચનપાટને વંદન કરુ છું. એવી કલ્પનાથી કે ઉપર વિરાજી ગુરુભગવંત પ્રવચન આપી રહ્યા છે. વંદન તો મારે અચૂક ભાવવિભોર કરવા છે. સાધુને વંદન કરીશું તો આ ભવે-પરભવે સાધુપણું મળશે!''

વિધિ ખાતર કરાતાં વંદનમાં અને આ સમજ સાથે કરાતાં વંદનમાં બહુ મોટો તફાવત છે...

જીવદયાનું લક્ષ્ય ઘણાનું હાય છે. પરંતુ એનાં પાલનમાં જાત-જાતનાં મતાંતરો હોય છે. જેમ કે તેરાપંથીવર્ગ એમ માને છે કે ''બિલાડી ઉંદરને પકડે તો ઉંદરને બચાવવો નહિ.'' કેમ? તો કારણ એ દર્શાવાય છે કે બચેલો ઉંદર પછી જે કીટ વગેરેનું ભક્ષણ કરે એ હિંસામાં, બ ચા વ ના ર ને અનુમોદનાનો દોષ લાગે.'' હકીકતમાં આ વાહિયાત તર્ક છે. જો આમ જ મનાય તો ગાય-ભેંસ-માનવ સુદ્ધાને ન બચાવાય. કેમ કે તે જીવો પછી જે પાપ કરે તેમાં ય અનુમોદનાની દલીલ આવી જશે. વાસ્તવિકતા એ છે કે બચાવનારનો હેતુ માત્ર તે પીડિત ઉંદર વગેરેને જીવનદાનનો છે- બચાવવાનો છે. એ જીવી જઇને-બચી જઇને નાની-મોટી હિંસા કરતો રહે આવો કોઈ હેતુ બચાવનારનો છે જ નહિ. માટે બચાવનારને દોષ લાગવાની વાત વાહિયાત છે. પૂજ્યશ્રી દયાના અધિકારમાં ૧૨૬ શ્લોકમાં આ વાત રજૂ કરે છે કે :-

दोषदुष्टेऽपि जीवेऽपि, दयां कुर्युर्दयालवः।
संहरेन्न निजां ज्योत्स्नां, चन्द्रश्चण्डालवेश्मतः।।

ભાવાર્થ કે દોષદુષ્ટ જીવો પર પણ દયાળુ વ્યક્તિઓએ તો દયા જ કરવી. દયાળુ વ્યક્તિએ દુઃખી જીવ સારો-નરસો છે એ જોવાનું ન હોયઃ

જેમ ચન્દ્ર ચાંદની વરસાવવામાં ઊંચ-નીચ વર્ણનો ભેદ કરતો નથી તેમ. (ખાસ સ્પષ્ટતા કે દુષ્ટ-નિર્દુષ્ટનો ભેદ નહિ કરવાની આ વાત ધર્મનીતિની છે. રાજનીતિની વાત અલગ છે. એ તો 'दुष्टस्य दण्डः' માં માને છે.) જીવદયાપાલનમાં ક્યાં ય ભ્રાંતિ ન રહે તે માટે આ શ્લોક સરસ દિશાસૂચક છે...



ધર્મારાધનાની પ્રેરણા કરતા પૂજ્યશ્રી ૮૫મા શ્લોકમાં ધર્મકરણીને કૃતજ્ઞભાવ સાથે જોડતા આ પ્રસ્તુતિ કરે છે કે :-

धर्माद्धिगतैश्वर्यो, यो नित्यं तं च सेवते।
स हि शुभगतिर्भावी, कृतज्ञेषु शिरोमणिः।।

શ્લોક એમ જણાવે છે કે વર્તમાન જન્મમાં શુભ ગતિ-સ્વસ્થ દેહ-કૌશલ્ય-ઐશ્વર્ય વગેરે જે વિશેષતા મળી છે તે પૂર્વજન્મની ધર્મસાધનાનું પરિણામ છે. આથી વ્યક્તિએ ધર્મ પ્રત્યે કૃતજ્ઞભાવ (ધર્મ ઉપકારી હોવાનો ભાવ) રાખી પુનઃ એની જ સેવા-ધર્મની જ આરાધના કરવી જોઈએ. કૃતજ્ઞ વ્યક્તિ એ છે જે ઉપકારીની સેવા કરે. આ બુદ્ધિ રાખી ધર્મસાધના કરનાર વ્યક્તિ જાણે કે કૃતજ્ઞશિરોમણિ બને છે. એને ઈનામરૂપે પરલોકમાં ય શુભ ગતિ મળે છે!

શુભ ગતિ ધર્મસાધનાથી જ છે. એને કૃતજ્ઞભાવ સાથે અનુસંધાન આપવાથી વ્યક્તિ આસાનીથી ધર્મ તરફ વળે. આ કે આનાં જેવું સુંદર

અનુસંધાન આપવાથી વ્યક્તિ કેવી આસાનીથી ધર્મ તરફ વળે એનું એક રસપ્રદ દૃષ્ટાંત જોઇએઃ

નાસ્તિક પરિવારમાં લગ્ન કરીને આવેલ આસ્તિક પુત્રવધૂએ Mark કર્યું કે ગત જન્મની ધર્મસાધનાજન્ય પુણ્યાઇથી આ જન્મમાં આ ઘરમાં લીલાલહેર છે ખરી. પરંતુ કોઇને ધર્મમાં રસ ન હોવાથી આગામી જન્મે ઘરના સભ્યો આ બધી સુવિધાથી વંચિત રહેશે. છતાં પોતાનું સ્થાન ઘરમાં સૌથી નાનું-નવું હોવાથી એ યોગ્ય તકની પ્રતીક્ષામાં હતી. એક વાર એના સસરા અને એ દીવાનખાનામાં બેઠા હતા ત્યાં કોઇ મુનિવર 'ધર્મલાભ' કહી પ્રવેશ્યા. પુત્રવધૂએ તુર્ત જ હાથ જોડી કહ્યુંઃ ''અમારે ત્યાં તો સહુ વાસી ભોજન કરે છે.'' મુનિવર પરત ફરી ગયા. નારાજ સસરાએ પુત્રવધૂને કહ્યુંઃ ''ઘરની ઇજ્જત જાય તેવું ખોટું કેમ બોલ્યા?'' પુત્રવધૂએ ઠાવકાઇથી કહ્યુંઃ ''પિતાજી! ગત જન્મની ધર્મજન્ય પુણ્યાઇનું આ જન્મમાં ભોગવાય છે. પરંતુ નવું-તાજું પુણ્ય ઉપાર્જિત થાય તેવું તો કાંઇ થતું નથી. એટલે આ બધું વાસી ભોજન જ છે ને?''

સસરાને આ ચોટ બરાબર લાગી ગઇ. ઘરમાં ધર્મનો પહેલો એકડો ઘુંટાવાની શરૂઆત થઇ ગઇ...



'વૈરાગ્યરસમંજરી' ગ્રન્થમાં ઉપરોક્ત જેવા શ્લોકો ઘણા છે જે ઉત્તમ શુભ વિચારોની ઉત્તમ પ્રસ્તુતિ કરે. આપણે એમાંના આ ઝલકરૂપ શ્લોકોનાં રસપાનનું સમાપન કરતાં રસમંજરીઉપવનના માળી પૂ.આ.ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ને એમના સૂરિપદશતાબ્દિ વર્ષે અંતરથી વંદન કરીએ.

❐ ❐ ❐



૨

# આકૃતિ પ્રકૃતિ અને કૃતિથી પણ 'પુણ્ય' : પૂ. આગમપ્રભાકર મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મ.

ચિંતકો કહે છે કે માનવીનાં વ્યક્તિત્વનાં પરિચાયક પરિબળો ત્રણ છે : આકૃતિ, પ્રકૃતિ અને કૃતિ.

આકૃતિ અર્થાત્ દેખાવ જો પ્રભાવશાળી હોય તો સામી વ્યક્તિ એનાથી તુર્ત પ્રભાવિત થઇ જાય છે. પરંતુ એની અસર પ્રથમદર્શી હોય છે. એ લાંબા ગાળે ટકે યા ન પણ ટકે... પ્રકૃતિ અર્થાત્ સ્વભાવની અસર દીર્ઘકાળ પર્યંત છવાઇ જતી હોય છે. સ્વભાવ જો સરસ હોય તો વ્યક્તિ જીવે ત્યાં સુધી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સુવાસ પ્રસરાવતી રહે. પરંતુ એ અસર પણ વ્યક્તિના જીવનકાળ આસપાસની જ લગભગ

રહે... જ્યારે કૃતિ અર્થાત્ સર્જન એવું પરિબળ છે કે જે સર્જન દાયકાઓ જ નહિ સૈકાઓ સુધી અસર સર્જે અને વ્યક્તિની સ્મૃતિ કરાવતું રહે. એટલે આકૃતિ-પ્રકૃતિ-કૃતિને ઉત્તરોત્તર વધુ પ્રભાવશાળી પરિબળ ગણવામાં આવે છે.

કેટલાક વ્યક્તિવિશેષ મહાનુભાવો એવા હોય છે કે જે આકૃતિ-પ્રકૃતિ અને કૃતિ, ત્રણેય ક્ષેત્રે ઉત્તમ સ્તર સર કરી શક્યા હોય. વિ.સં. ૨૦૬૫નું આ વર્ષ જેમની દીક્ષાશતાબ્દીનું વર્ષ છે તે દિવંગત આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ પૂજ્ય શ્રમણશ્રેષ્ઠ શ્રી પુણ્યવિજયજી મહારાજ પણ આવા જ એક વિરલ વ્યક્તિવિશેષ સાધુપુરુષ હતા. એમના માટે એમ જરૂરી કહી શકાય કે તેઓ આકૃતિથી-પ્રકૃતિથી અને કૃતિથી પુણ્ય અર્થાત્ પવિત્ર-પ્રભાવસંપન્ન હતા. એમની દીક્ષાશતાબ્દી નિમિત્તે એમની કેટલીક જીવનઝલક નિહાળીએ :

આગમોદ્ધારક પૂ.આ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.ની જન્મભૂમિ કપડવંજમાં વિ.સં. ૧૯૫૨ ના જ્ઞાનપંચમીદિને એમનો જન્મ. જ્ઞાનસાધના એમનું જીવનધ્યેય બનશે એવું સૂચિત કરવા જ જાણે જ્ઞાનપંચમીએ એમનો જન્મ થયો હતો! આયુષ્યના ચૌદમા વર્ષના પ્રારંભે વિ.સં. ૧૯૬૫ના મહા વદિ પંચમીએ તેઓ પૂ. મુનિ શ્રી ચતુરવિજયજી મ.ના શિષ્યરૂપે જૈન શ્રમણ બન્યા અને દીક્ષાનું સર્વપ્રથમ ચાતુર્માસ ગુજરાતના પ્રાચીન જૈન તીર્થ ડભોઈમાં કર્યું. ડભોઇ એટલે અઢારમી વિક્રમીય શતાબ્દીના મહાન શ્રુતધર પુરુષ પૂજ્યપાદ ન્યા. ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરની અંતિમ સમાધિભૂમિ. ત્રણસો બાવીશ વર્ષો પૂર્વે ડભોઇમાં અંતિમ ચાતુર્માસ રહીને શ્રીમદ્ યશોવિજયજીએ ડભોઇમાં જ અંતિમ શ્વાસ લીધો હતો. એ શ્રુતતીર્થમાં મુનિ શ્રી પુણ્યવિજયજીના પ્રથમ ચાતુર્માસમાં પણ કોઇ કુદરતી સંકેત હશે. જેથી આગળ જતાં એવું

બન્યું કે હસ્તલિખત પ્રતોનાં સંશોધનક્ષેત્રે અદ્‌ભુત કાર્ય કરનાર મુનિશ્રીને શ્રીમદ્ યશોવિજયજીના સ્વહસ્તે લખાયેલી પ્રાચીન પ્રતો જ વિવિધ સ્થળેથી મોટી સંખ્યામાં પ્રાપ્ત થઇ! શ્રીમદ્ યશોવિજયજી પ્રત્યે એમનાં અંતરમાં છલકાતાં વિશિષ્ટ ભક્તિભાવમાં પણ આ પ્રથમ ચાતુર્માસભૂમિ ચોક્કસ ભાગ ભજવી ગઇ હશે. અહીં એક પ્રાસંગિક નિર્દેશ કરવો અનુચિત નહિ લાગે કે આ ડભોઇતીર્થ અમારી પવિત્ર જન્મભૂમિ છે...

દીક્ષાનાં પ્રાથમિક વર્ષોમાં જૈન શાસ્ત્રીયગ્રન્થો-સંસ્કૃતભાષા-પ્રાકૃતભાષા આદિનું વિશદ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તેઓ એમની ગુરુપરંપરાનાં પગલે આગમાદિ શાસ્ત્રસંશોધન તરફ વળ્યા. હસ્તલિખિત પ્રતો સાથે તો એમનો એવો પ્રગાઢ આત્મીય નાતો થઇ ગયો કે પ્રત એમના હાથમાં આવતાની સાથે જ જાણે આપોઆપ બોલવા માંડે. કઇ પ્રત કયા સૈકાની, એની લિપિશૈલી, એની ચિત્રશૈલી વગેરે બધી જ બાબતો હાથમાં લેતાંવેંત એમને પરખાઇ જતી. હસ્તલિખિત પ્રતોની જાળવણી અને નુકસાનીનાં નિવારણ માટે ય એમની પાસે આધુનિક ઢબની પદ્ધતિ અને નિષ્ણાત દૃષ્ટિ હતી.

સામાન્યતઃ એમ કહેવાય કે સાધુ તો ચલતા ભલા. સાધુને ગ્રામાનુગ્રામ વિહારના બદલે એક સ્થળે રહેવું પડે એ પ્રથમ નજરે Debit ગણાય. પરંતુ પુણ્યવિજયજીએ એ Debit ને Creditમાં પરિવર્તિત કરી બતાવી. બન્યું હતું એવું કે ગુરુજનોનાં પ્રતિકૂળ સ્વાસ્થ્યનાં કારણે તેઓને સળંગ અઢાર વર્ષ પાટણમાં રહેવાનો પ્રસંગ આવ્યો હતો. એ દરમ્યાન એમણે સખત જહેમત લઇને પાટણમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરનું શ્રુતસમૃદ્ધ નિર્માણ કરાવ્યું. એનું ઉદ્‌ઘાટન વિ.સં. ૧૯૯૫માં કનૈયાલાલ મુનશીના હસ્તે કરાયું. આ ઉપરાંત એમના ગુરુજનો સાથે

મળીને પાટણ-ખંભાત-વડોદરા-લીંબડી-અમદાવાદ-ભાવનગર-જેસલમેર-બિકાનેર-જોધપુર વગેરે અનેક સ્થળોના પ્રાચીન જ્ઞાનભંડારો એમણે સખત જાતમહેનતપૂર્વક સુવ્યવસ્થિત કર્યા છે. એમાં સૌથી વિશેષ ઉલ્લેખનીય છે જેસલમેરના જ્ઞાનભંડારનો ઉદ્ધાર.

જેસલમેરના જ્ઞાનભંડારના ઉદ્ધાર માટે તેઓ ગુજરાતથી પદયાત્રા વિહારપૂર્વક ઠેઠ પાકિસ્તાનની સરહદ પાસે આવેલ જેસલમેર ગયા, ત્યાંના સખત ગરમીના વાતાવરણમાં સળંગ સોળ મહિના રહ્યા અને અનેક જીર્ણ-શીર્ણ-મૃતપ્રાયઃ પ્રતોને નવજીવન આપ્યું. એની Microfilm Photocopy અને Enlargement વગેરે દ્વારા એ અમૂલ્ય જ્ઞાનસમૃદ્ધિ અન્યત્ર પણ સુલભ બની શકે એમ કરાવ્યું. એમની જેસલમેરસફર જ્ઞાનપ્રીતિની દ્યોતક તો છે જ. પરંતુ એમાંનો એક પ્રસંગ એવો ય છે કે જે એમની ટોચગામી શ્રદ્ધાનો દ્યોતક બની રહે અને તે અમને ખૂબ સ્પર્શી ગયો છે. એ પ્રસંગ તે આ :

મહારાજશ્રી ગણ્યાગાંઠ્યા સાથી સાથે એ કાળે ખૂબ કઠિન કહેવાય તેવી જેસલમેરવિહારયાત્રા આરંભી રહ્યા હતા ત્યારે ગામના કોઈ હિતસ્વી શ્રાવકે સૂચન કર્યું કે ‘‘તમે અધિષ્ઠાયક દેવતાનું વિધાન કરી એમની સહાય યાચીને વિહાર કરો તો એમનું બળ મળી રહેશે.’’ આમનું સત્ત્વ ઉચ્ચ કોટિનું હતું. એથી મરક મરક હસતા ઉત્તર દીધો : ‘‘ભાઈ! અધિષ્ઠાયક દેવો છે તો શાસનના રખેવાળ જ ને ? એમનું કર્તવ્ય જ છે કે તેઓ શાસનની સેવા કરનારને સહાયક બને. હું જ્ઞાનોદ્ધારનું આ કાર્ય નિતાંત શાસનસેવા માટે જ, કોઈ અંગત મહત્ત્વાકાંક્ષા વિના, કરવા જઉં છું-તો દેવો મને આપોઆપ સહાયક થશે જ.’’

**સમ્યક્ત્વના એકમાત્ર ઠેકેદાર હોવાની આભા રચીને અને વ્યાખ્યાનોમાં સમ્યક્ત્વની મસમોટી વાતો કરીને જીવનનાં ક્ષુલ્લક**

ધ્યેયો પાર પાડવા ઇતર દેવોનો-મન્ત્રોનો આશ્રય લેનારાઓની તકલાદી સાધુતા સામે આ નિખાલસ અને નિષ્ઠાભરી સાધુતા ચોક્કસપણે વિશેષ નમસ્કરણીય છે એમ હર કોઇ વિચારકને લાગ્યા વિના ન રહે.

જ્ઞાનદશાની સાથોસાથ એમનામાં એક તરફ જેમ આવી છલોછલ શ્રદ્ધાનિષ્ઠા હતી, એમ બીજી તરફ ભારોભાર નમ્રતા પણ હતી. એનાં વિરલ દર્શન, આગમ-પ્રકાશનયોજનાના પ્રથમ ગ્રન્થ ‘નંદિ-અનુયોગદ્વાર’ સૂત્રનું અમદાવાદમાં પ્રકાશન થયું ત્યારનાં એમના વક્તવ્યમાં થાય છે. મહારાજશ્રીએ ત્યારે આ વિનમ્ર વચનો ઉચ્ચાર્યાં હતાં કે ‘‘આ આગમો તૈયાર કરીએ છીએ તે વિદ્વાનો તપાસશે અને તપાસીને સ્ખલના હોય તેમજ સંપાદનપદ્ધતિમાં દોષ હોય તેનું ભાન કરાવશે તો અમે રાજી થઇશું. સ્તુતિ કરનાર તો ઘણા મળે છે, પરંતુ ત્રુટિઓ દેખાડનારા એવા વિદ્વાનો ઘણા ઓછા મળે છે. હું ઇચ્છું છું કે કોઇ ત્રુટિઓ બતાવે. અમે એ વસ્તુ લક્ષમાં લઇ તેનો ભવિષ્યે અમારાં સંપાદનોમાં ઉપયોગ કરીશું...’’

કેવી નમ્રતા પ્રતિબિંબિત થાય છે આ શબ્દોમાં!

જેવી એમની નમ્રતા હતી, એવી જ એમની નિરીહતા-નિસ્પૃહતા હતી. એ સંબંધી એક-બે ઘટનાને સંક્ષેપમાં નિહાળીએ.

જ્ઞાનોદ્ધારની-સંશોધનની ભરચક પ્રવૃત્તિનાં કારણે એમનો ખુદનો પ્રતસંગ્રહ-શાસ્ત્રસંગ્રહ અઢળક હતો. પરંતુ એમને એના પ્રત્યે

માલિકીભાવ-મૂર્છાભાવ ન હતો. એટલે જ અમદાવાદમાં વિ.સં. ૨૦૧૩ માં શ્રી કસ્તૂરભાઇ લાલભાઈના ઔદાર્યથી ‘લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર’ની સ્થાપના થઇ ત્યારે મુનિશ્રીએ પોતાની દશ હજાર પ્રતોની વિશાલ શ્રુતરાશિ એ સંસ્થાને કાચી ક્ષણમાં અર્પણ કરી દીધી!! કારણ કે ત્યાં એની સુરક્ષા બરાબર થવાની હતી અને એનો સદુપયોગ પણ બહોળો થવાનો હતો...

બીજો પ્રસંગ એવો મળે છે કે એક પ્રાચીન સાહિત્ય સંશોધક મુનિવરને અમૂલ્ય હસ્તલિખિત ગ્રન્થનાં અધૂરાં પાનાં મળ્યાં. એમણે પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી મ.ને પોતાને સાંપડેલ આ અધૂરી છતાં અમૂલ્ય શ્રુતસંપદાની જાણ કરી. કુદરતી એવું બન્યું હતું કે એ પ્રતનાં જેટલાં પાના ખૂટતાં હતાં તેટલાં તમામ પાનાં અન્ય જ્ઞાનભંડારમાંથી શ્રી પુણ્યવિજયજીને વર્ષો પૂર્વે સાંપડ્યા હતાં. શ્રી પુણ્યવિજયજીએ વગર માંગ્યે એ પાનાં પેલા મુનિવરને મોકલાવવા સાથે નોંધ્યું કે ‘‘એ પ્રત બન્ને પાસે અધૂરી રહે તે કરતાં તમારી પાસે પરિપૂર્ણ થઇને રહેશે એ મને વધુ ગમશે...’’ નિતાંત નિસ્પૃહતાનું આ પરિણામ હતું..

આવા અનેક વિરલ ગુણોના ધારક આગમપ્રભાકર શ્રુતશીલ-વારિધિ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજને દીક્ષા શતાબ્દીએ અંજલિ આપતા આ લેખનાં સમાપનમાં એમના માટે સાવ સાર્થક ઠરે એવી પંક્તિ યાદ કરીએ કે :-

‘‘ધ્યેયની ખાતર
જે જિંદગીને મૂકે છે હોડમાં,
એ સિતારા ઝળહળે છે,
પણ કદી ખરતાં નથી.’’

❒ ❒ ❒



# ૩

# પ્રભુભક્તિનું પર્યાયવાચી નામ : પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.

સમર્થ શ્રુતધર મહર્ષિ અને ભક્તિયોગના પરમ આશિક પૂજ્યપાદ મહામહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી મહારાજે** એમના અદ્‌ભુત ભક્તિગ્રંથ **'પરમાત્મપંચવિંશિકા'** માં મજાની વાત લખી છે કે :

**श्रम: शास्त्राश्रय: सर्वो, यज्ज्ञानेन फलेग्रहि: ।**
**ध्यातव्योऽयमुपास्योऽयं, परमात्मा निरञ्जन: ।।**

ભાવાર્થ કે શાસ્ત્રનું પઠન-પાઠન-અધ્યયન-અધ્યાપનાદિ તમામ પ્રખર-પ્રબળ પુરુષાર્થ પણ જે તારક પરમાત્માનાં સ્વરૂપનાં જ્ઞાન થકી-ધ્યાન થકી-ખ્યાલ થકી જ યથાર્થ ફલપ્રદ બની શકે છે તે નિરંજનરૂપ પરમાત્મા ધ્યાન ધરવા યોગ્ય છે. ઉપાસના-સેવના-સ્તવના કરવા યોગ્ય છે.

શાસ્ત્રશ્રમને ય સાર્થક બનાવનાર પરિબળરૂપે પ્રભુભક્તિને જણાવીને પૂજ્યપાદ મહોપાધ્યાયજીએ જાણે જીવનમાં સર્વાધિક આત્મસાત્ કરવા યોગ્ય તત્ત્વરૂપે પરમાત્મશક્તિ જ હોવાનો મજાનો અંગુલિનિર્દેશ કરી દીધો છે. આ અંગુલિનિર્દેશનો સાક્ષાત્કાર કરાવતું વર્તમાનકાલીન વ્યક્તિત્વ એટલે પૂજ્ય અધ્યાત્મયોગી **આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ.** એમ જરૂર કહી શકીએ. આપણે કે તેઓશ્રી વર્તમાનકાળમાં પ્રભુભક્તિના પર્યાયવાચી નામ સમા હતા. એમનું નામ આવે, એટલે એમની અદ્ભુત પ્રભુભક્તિ અચૂક યાદ આવે જ.

ક્યારેક નહિ, કિંતુ હરહંમેશ અને મિનિટો નહિ પરંતુ કલાકોના કલાકો પર્યંત પ્રભુભક્તિમાં ઓતપ્રોત બની જઈને પ્રભુ સમક્ષ સ્તવના-ઉપાસના કરતા એમને નિહાળીએ ત્યારે આપણને આંશિક અહેસાસ થાય કે ભક્તિયોગને એમણે કેવો આત્મસાત્ કર્યો છે. એમના અદ્ભુત ભક્તિયોગની ઝલક જાણવા એક જ બાબતનો નિર્દેશ કરીએ. કહેવાય છે કે જીવનના છેલ્લાં સોળ વર્ષો દરમિયાન એમણે એક નિયમ સાચવ્યો હતો કે નિત્યની પ્રભુભક્તિમાં ‘‘પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું...’’ આ ભક્તિછલકતું સ્તવન અચૂક ગાવું. સ્તવનમાં નિર્બંધ વહેતી ભક્તિ-રસધારામાં એ ભરપૂર ભીંજાયા કરે અને એકની એક પંક્તિ પુનઃ રટ્યા કરે-ગાયા કરે ! ત્યારે એ કોઈ અલગ જ ભાવનાવિશ્વમાં વિહરતા હોય. એમાં ય ‘‘તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી...’’ પંક્તિની રટણા દરમિયાન એમની સ્થિતિ ગુલાબપુષ્પની આસપાસ ભમ્યા કરતા ભ્રમર જેવી બની જાય. આગળ જઈ ન શકે, ત્યાં ને ત્યાં રમ્યા કરે !

યાદ રહે કે અત્યંત પ્રિય મિષ્ટાન્ન પણ ઉપરાઉપરી દશ-બાર દિવસ સુધી આરોગ્યા પછી આપણે એના પ્રતિ થોડો સમય નીરસ-ઉદાસીન બની જતા હોઈએ છીએ. જ્યારે પૂજ્યશ્રી તો લગાતાર સોળ-સોળ વર્ષ

એક જ સ્તવના ગાતા રહીને, એની એ જ પંક્તિઓ રટતા રહીને ય નીરસ-ઉદાસીન તો ન બન્યા. બલ્કે વધુ ને વધુ રસિક-ભક્તિમગ્ન બનતા ગયા. આ એ દર્શાવી જાય છે કે એમણે આત્મસાત્ કરેલ ભક્તિયોગ કેવો અદ્ભુત હતો. કદાચ આ ભક્તિએ જ એમને એક તરફ આત્મવિશુદ્ધિની ભૂમિકાઓ સર કરાવવા સાથે બીજી તરફ વર્તમાન શ્રી જિનશાસનમાં એક અનેરું સ્થાન સંપ્રાપ્ત કરાવી દીધું હશે. જો સૂર્યકિરણોના સંસ્પર્શથી કાચ જેવી સામાન્ય ચીજ પણ ઝળહળી શકતી હોય, તો પ્રભુકૃપાના સંસ્પર્શથી આવા સાધુરત્ન ઝળહળી ઉઠે એમાં શું આશ્ચર્ય?

એમના પ્રત્યક્ષસંપર્ક અને અક્ષરસંપર્કની એક-બે એવી ઘટનાનો નિર્દેશ કરીએ કે જેમાં જાણે Telepathy જેવી વિસ્મયજનક બાબત અનુભવાઈ હોય.

પહેલી પ્રત્યક્ષસંપર્કની ઘટના બની વિ.સં.૨૦૪૭માં. ત્યારે અમે રાજસ્થાનની યાત્રાઓ પૂર્ણ કરીને ગુજરાતમાં પ્રવેશ્યા હતા. વિહારક્રમમાં આવ્યું મહેસાણા-સીમંધરસ્વામીતીર્થ. પૂજ્યશ્રી ત્યાં કોઈક અનુષ્ઠાન પ્રસંગે વિરાજમાન હતા. સવારે પૂજ્યશ્રી તેમજ અમારા વડીલો **પૂજ્ય આ.ભ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ. અને પૂજ્ય ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.** નું સંયુક્ત પ્રવચન યોજાયું. એ દિવસે સવારે જ વિહારમાં કંઠસ્થ કરેલ 'અષ્ટક પ્રકરણ'નાં ૨૨મા અષ્ટકના પદાર્થો મનમાં રમતા હતા. એ અષ્ટકમાં રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન)રૂપ ભાવમાલિન્યના હેતુઓનાં નિવારણ દ્વારા ભાવશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે સાધકને મુખ્ય બે ઉપાયો દર્શાવાયા છે. (૧) પ્રજ્ઞાપનીયતા. એટલે કે પોતાના દોષોનું નિખાલસભાવે ગુર્વાદિસમક્ષ પ્રકટીકરણ. અને (૨) ગુણવત્પારતન્ત્ર્ય. અર્થાત્ ગુણવાન સાધુપુરુષની પરતન્ત્રતાનો સ્વીકાર. યોગાનુયોગ પૂજ્યશ્રીનાં પ્રવચનમાં આ જ બે બાબતોનું વિવેચન

આવ્યું અને ખૂબી એ થઈ કે ગુણવત્પારતન્ત્ર્ય ઉપાયનાં અનુસંધાનમાં ત્યાં અષ્ટક પ્રકરણમાં જે **'ક્ષમાશ્રમણહસ્તેન'** ઉદાહરણ અપાયું છે એ જ ઉદાહરણ પૂજ્યશ્રીએ આપ્યું. હૈયામાં ત્યારે અનહદ આનંદ થયો કે જે મનમાં રમતું હતું એ જ પ્રવચનરૂપે વિશદપણે સાંભળવા મળ્યું.



બીજો અક્ષરસંપર્કનો પ્રસંગ છે વિ. સં. ૨૦૫૭નો. એ વર્ષે શાશ્વતી આસો માસની ઓળીના પ્રથમ દિવસે અરિહંતપદનાં વિવેચનસમયે પ્રભુભક્તિના ઉદાહરણરૂપે અમે પ્રસંગ ટાંક્યો પૂજ્યશ્રીનો. એમની અદ્‌ભુત પ્રભુભક્તિને પ્રવચનમાં રજૂ કરી. પ્રવચન બાદ ઉપાશ્રયે પહોંચ્યા ત્યાં જ Post દ્વારા પૂજ્યશ્રીનો પત્ર મળ્યો. માત્ર 'પ્રભુ'ને કેન્દ્રમાં રાખીને લખાયેલ અમારાં પુસ્તક 'હૈયાના હસ્તાક્ષર' માટે એ પત્રમાં પૂજ્યશ્રીએ પ્રતિભાવ આપતાં લખ્યું હતું કે "પુસ્તક મળ્યું. સંવેદનો વાંચ્યા. પ્રસન્નતા થઈ. ભક્તનું હૃદય ભક્તિરસથી ભીંજાય છે ત્યારે તેમાં શુભ ભાવોનો સ્ત્રોત પ્રવાહિત થાય છે. જેને રોકી શકાતો નથી. યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં તેના છાંટા બહાર ઊડી આવે છે અર્થાત્ હૈયાનો ભક્તિભાવ શબ્દોમાં વણાઈને વ્યક્ત થઈ જાય છે. તમારા ભક્તહૃદયમાંથી ઉદ્‌ભવેલા સંવેદનાના સૂર 'હૈયાના હસ્તાક્ષર'માં ગુંજાયમાન થાય છે. એ ભક્તિપ્રિય જનોને શુભ ભાવોનાં સર્જનમાં ઉપકારક બની રહે એવાં છે."

Telepathy જેવા નીવડેલ ઉપર્યુક્ત બે ય પ્રસંગોનું આજે એમને અંજલિ અર્પતાં સહજભાવે જ સ્મરણ થઈ જાય છે.

અંતે, પૂજ્યશ્રી પ્રત્યેની હૃદયોર્મિ વ્યક્ત કરવા લેખના પ્રારંભે ટાંકેલ 'પરમાત્મ પંચવિંશિકા' ગ્રંથના જ એક મસ્ત શ્લોકનો ઉપયોગ કરીએ કે :-

**इलिका भ्रमरीध्यानाद्, भ्रमरीत्वं यथाऽश्नुते।**
**तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात्।।**

ભાવાર્થ કે ભ્રમરીનું ધ્યાન ધરવાથી ઈયળ જેમ આખરે સ્વયં ભ્રમરી થઈ જાય છે એમ પરમાત્માનું ધ્યાન ધરનાર આત્મા સ્વયં પરમાત્મા બની શકે છે...આપણે ઈચ્છીએ કે પૂજ્યશ્રી પરમાત્મભક્તિના પ્રભાવે વહેલામાં વહેલી તકે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે.

❒ ❒ ❒





૪

# સૂર્યોદય સૂરિરાયા...
# પ્રેમે પ્રણમું પાયા...
## [જીવન પરિચય]

પંદરસો વર્ષ પૂર્વેના ગ્રન્થોમાં જેનો ઉલ્લેખ મળે છે તે ગુજરાતની પ્રાચીન દર્ભાવતી (ડભોઈ) નગરી એટલે લગભગ એક હજાર વર્ષ આસપાસના સમયખંડમાં થયેલ મહાન શાસનજ્યોતિર્ધર આજીવન આયંબિલતપસ્વી સૌવીરપાયી પંચશતશિષ્યગણાધિપતિ આચાર્યપ્રવર શ્રીમાન **મુનિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજની જન્મભૂમિ, તાર્કિકચક્રવર્તી સમર્થશ્રુતધર ન્યા. ન્યા. પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** ગણિવરની તથા પૂજ્યપ્રવર પ્રવચનપ્રભાવક આ.ભ. શ્રીમાન **મોહનસૂરીશ્વરજી** મહારાજની અંતિમભૂમિ, અને ૧૫૦ મુમુક્ષુ

આત્માઓની માતૃભૂમિ બનવાના ગૌરવને વરેલી ધન્યાતિધન્ય ભૂમિ. આ મહાન નગરી પૂર્વકાલમાં મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલે સર્જેલ સપ્તતિશતજિનાલય તથા સુકૃતસાગર મહામાત્ય પેથડશાહે રચેલ દ્વિસપ્તતિજિનાલયથી અલંકૃત હતી, તો વર્તમાનકાલમાં સાત સાત જિનાલયો-ચાર ચાર ઉપાશ્રયો-પાઠશાલાદિ વિવિધ સ્થાનોથી વિભૂષિત છે.

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિજય સૂર્યોદય-સૂરીશ્વરજી મહારાજ**નો જન્મ આ તીર્થભૂમિ ડભોઇનગરીમાં વિ.સં. ૧૯૮૮ના મહા વદ ૧૪ (મહાશિવરાત્રિ) ના પાવન દિને થયો હતો. ધર્મપરાયણ પિતા ચીમનભાઈ અને સંસ્કારશીલ માતા મણિબહેનના સુખી સમૃદ્ધ અને સંસ્કારી કુટુંબનાં કારણે બાલ્યકાળથી જ તેમનામાં ધર્મસંસ્કારો દઢ અને વૃદ્ધિંગત બન્યા હતા. ધાર્મિક અને વ્યવહારિક અભ્યાસમાં તેમની તેજસ્વી પ્રતિભા લઘુવયથી જ ચમકતી હતી. બાલ્યવયે તેમની ધાર્મિક સૂત્રો બોલવાની વિરલ છટા, ગાથાઓ-શ્લોકો-પ્રાર્થના ગાવાની અનુપમ શૈલી તેમ જ કંઠની હલક એટલી ભાવોત્પાદક હૃદયંગમ અને મધુર હતી કે ખુદ પૂજ્યપાદ પ્રવચનપ્રભાવક ગીતાર્થશિરોમણિ આ.ભ.શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજ પોતે સં. ૨૦૦૦ના ડભોઈતીર્થના ચાતુર્માસમાં પક્ખી-ચોમાસી-સાવંત્સરિક પ્રતિક્રમણમાં તેમની પાસે બૃહત્શાંતિ બોલાવતા હતા અને ખાસ કરીને અજિતશાંતિસ્તવનનું ગાન કરાવતા હતા. એ જ રીતે, વ્યાવહારિક અભ્યાસમાં પણ તેઓ દરેક ધોરણની પરીક્ષામાં પ્રથમ નંબરે Pass થયા હતા.

પૂજ્યોની છાયામાં સાથે રહી ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં પાદવિહાર કરીને અનેક ગામ-નગર-તીર્થોની યાત્રાઓ સાથે

ધર્માભ્યાસ કરવા દ્વારા સંયમની કેળવણી લઈને તેઓ દીક્ષા માટે તત્પર બનતાં વિ.સં.૨૦૦૪ના ફાગણ સુદ બીજના રાજકોટ પાસેના ત્રંબા મુકામે પૂજ્યપાદ સમર્થસંઘનાયક યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી (ત્યારે ઉપાધ્યાય) મહારાજે તેઓને સોળ વર્ષની વયે દીક્ષા આપી અને તેઓ પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ.નાં નામે પ્રસિદ્ધ થયા.

દીક્ષા પછી પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે તેઓશ્રીનું આદર્શ જીવનઘડતર કરવા માંડ્યું. પરિણામે જ્ઞાનોપાસના-ગુરુભક્તિ-સેવા-શુશ્રૂષા-વિનય-વિવેક-સમર્પિતતા, મધુરતા-કાર્યતત્પરતા-કુશાગ્રતા આદિનો સુમેળ સધાતા 'સોનામાં સુગંધ ભળે' તેમ તેઓશ્રી સૌના જાણીતા-માનીતા બની ગયા. પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના નિકટતમ અને એકનિષ્ઠ અખંડ ગુરુકુલવાસનાં કારણે પ્રાપ્ત થયેલ તેઓશ્રીની પરમ કૃપાથી તેમજ તીવ્ર રુચિ-તેજસ્વી બુદ્ધિપ્રભા સાથેના પ્રબળ પુરુષાર્થથી **પૂ. મુનિ શ્રી સૂર્યોદયવિજયજી મ.** ની પારગામિની પ્રજ્ઞાએ અતિ અલ્પ સમયમાં ચમત્કૃતિ જેવા ચમકારા દર્શાવવાનું શરૂ કરી દીધું. માત્ર ૧।।। દિવસમાં પક્ખીસૂત્ર અને ૧।। દિવસમાં ગુણસ્થાનક્રમારોહ નામે સંસ્કૃત પ્રકરણ તેઓશ્રીએ દીક્ષાના પ્રારંભે કંઠસ્થ કરી લીધું હતું. આગળ પ્રગતિ કરતા તેઓશ્રીએ પ્રકરણો, ભાષ્યો, કર્મગ્રન્થો, બૃહત્ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, યોગશાસ્ત્ર, તત્ત્વાર્થાધિગમસૂત્ર, પંચસંગ્રહ તેમજ એનાં સ્વોપજ્ઞ ભાષ્યો-ટીકાઓ વગેરે ધર્મગ્રન્થોનો પ્રૌઢ અને ગંભીર અભ્યાસ પૂ. યુગદિવાકર આચાર્યદેવશ્રી પાસે કર્યો. ઉપરાંત, વ્યાકરણ, સાહિત્ય, કાવ્ય, તર્ક, ન્યાય, કોષ, છંદ આદિનો વિશદ અભ્યાસ તેઓશ્રીએ ષડ્દર્શનના પ્રકાણ્ડ વિદ્વાન પંડિતવર્ય શ્રી ઈશ્વરચંદ્રજી વગેરે પાસે કરીને તે તે વિષયોમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું.



તેઓશ્રીની અધ્યયન-અધ્યાપનરુચિ ખૂબ જ્વલંત હતી. તેઓશ્રીએ ઘણાં સાધુ-સાધ્વીજી તેમ જ જિજ્ઞાસુઓને પ્રકરણાદિ ગ્રન્થો-કર્મગ્રન્થ-ટીકાઓ-પંચસંગ્રહ વગેરે અને સંસ્કૃત વ્યાકરણાદિનો અભ્યાસ કરાવ્યો હતો. પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવારને પ્રકરણો, ભાષ્યો, કર્મગ્રન્થો, બૃહત્ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થાધિગમાદિ ગ્રન્થોનો અર્થસહિત અભ્યાસ અને ટીકાઓ તેમજ વ્યાકરણ, કાવ્ય, કોષ, તર્ક અને છંદ વિષયક ગ્રન્થોનો સંપૂર્ણ અભ્યાસ તેઓએ જાતે કરાવીને તેમને પ્રતિભાશાળી વિદ્વાન લેખક પ્રવક્તારૂપે તૈયાર કર્યા હતા. તેવી જ રીતે અન્ય સાધુ-સાધ્વીભગવંતો પણ પૂજ્યશ્રી પાસે ભણીને સુંદર રીતે તૈયાર થયા છે. મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, જૈન Education Board વગેરે શિક્ષણસંસ્થાઓનાં ઉચ્ચ ધોરણોની તત્ત્વજ્ઞાન-ઇતિહાસ-વ્યાકરણાદિની 'વિશારદ'-'ભૂષણ' આદિ પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો વર્ષો પર્યંત તેઓએ તૈયાર કરીને તે તે પરીક્ષાઓ લીધી હતી.

આજે સમસ્ત જૈન સંઘો અને સાધુસમુદાયોમાં બુકપંચાંગો અવનવી પદ્ધતિએ Offset Printing દ્વારા આકર્ષક સ્વરૂપે ખૂબ ખૂબ પ્રચલિત-પ્રસિદ્ધ બની ગયા છે. પરંતુ સાધુસમુદાયમાં સર્વપ્રથમવાર વ્યવસ્થિત પદ્ધતિએ એનો પ્રારંભ કરવાનું શ્રેય પૂજ્યશ્રીને ફાળે જાય છે. વિ.સં. ૨૦૧૭માં પૂ. સિદ્ધાંતનિષ્ઠ આચાર્ય શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજના આજ્ઞા-આશીર્વાદથી તેઓશ્રીએ

સર્વપ્રથમવાર બુકપંચાંગનું સુંદર અને આકર્ષક આયોજન કરીને સંપાદન કર્યું હતું અને તે પછી વર્ષો પર્યંત હજારો-લાખોની સંખ્યામાં એ બુકપંચાંગનું સંપાદન તેઓશ્રી દ્વારા ચાલુ રહ્યું.

પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની સતત અને અખંડ નિશ્રામાં આજીવન રહેવાનાં કારણે પૂજ્યશ્રીમાં શાસનપ્રભાવક કાર્યોની સૂઝ-સમજ અને શક્તિ-સામર્થ્ય પણ એટલાં વિસ્તર્યા કે તેઓશ્રી પૂ. યુગદિવાકર આચાર્યદેવશ્રીની છાયારૂપ-એકરૂપ અને શ્રીસંઘના માર્ગદર્શક શ્રમણ બની ગયા. આથી જ પૂ. યુગદિવાકરશ્રીનાં સાન્નિધ્યે શાસનપ્રભાવનાનાં અખંડ પ્રવર્તતા વિધવિધ કાર્યોમાં તેઓશ્રીનું તન-મન-જીવન-સર્વસ્વ સદા ય વહેતું રહ્યું. એ રીતે તેઓશ્રીએ પૂ. યુગદિવાકર આચાર્યદેવશ્રીના જીવનકાર્યમાં પોતાની જાતને સંપૂર્ણ સમર્પિત કરી દીધી હતી. આ જ કારણે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીએ તેઓશ્રીને પોતાની સાથે જ જીવનના અંતિમ શ્વાસ પર્યંત રાખ્યા હતા. પૂજ્યશ્રી પણ એવા સમર્પિત કે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની હયાતિમાં અલગ ચાતુર્માસનો વિચાર સુદ્ધા કદી કર્યો નહિ. પૂ. યુગદિવાકરશ્રીના કાળધર્મ પછી જ તેઓશ્રીએ સ્વતંત્ર ચાતુર્માસ કરવાનો પ્રારંભ કર્યો.



સ્વતંત્ર ચાતુર્માસનાં પ્રથમ જ વર્ષે વિ.સં. ૨૦૩૯માં ઘાટકોપર સાંઘાણી સંઘમાં તે સમયે રૂ. ૨૦ લાખના ખર્ચે આલીશાન 'ધર્મવિહાર' ઉપાશ્રયનિર્માણ અને ઉપધાન-તપઆરાધના કરાવવારૂપે તેઓશ્રીએ શાસન-પ્રભાવનાનાં મંગલાચરણ એવાં કર્યાં કે અનરાધાર વરસતી 'ધર્મ' કૃપાના પ્રભાવે એની ક્ષિતિજો સદા વિસ્તરતી જ રહી છે. જીવનનાં છેલ્લા

૧૮ વર્ષોમાં તેઓશ્રીના વરદ્ હસ્તે વિવિધ શિખરબદ્ધ જિનાલયોનાં અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવો થયાં છે. જેમાં બોરીવલી-કાર્ટર રોડ સંઘ, વસઈ રોડ સંઘ, મજગામ-Dockyard સંઘ, જગડૂશાનગર સંઘ, ડભોઈતીર્થ જૈન સંઘનું પ્રાચીન શાંતિનાથ જિનાલય, ઠાકોરદ્વાર સંઘનું ચતુર્વિંશતિમહાજિનાલય, National Highway ઉપર મુંબઈના પ્રવેશદ્વારે ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થનું આલીશાન ભવ્ય આયોજન, વાલકેશ્વર Legend Palace જિનાલય અંજનશલાકા, વડોદરા-દેરાપોળના શ્રી ગોડીપાર્શ્વતીર્થની અંજનશલાકા ઈત્યાદિ મહોત્સવોએ તો અદ્ભુત નવઈતિહાસોનું સર્જન કર્યું છે.

છેલ્લાં ૨૨ વર્ષોમાં ૮૩ પ્રતિષ્ઠાઓ-અનેકાનેક જિનાલય નિર્માણો - ૨૦ અંજનશલાકા મહામહોત્સવો કરાવનાર પૂજ્યશ્રીની પ્રેરણાથી સર્જાયેલ ઉપાશ્રયોની વાત વિચારીએ તો ડભોઈતીર્થમાં રાજમહેલ શા રમણીય 'મહો. યશોવિજયજી જૈન ઉપાશ્રય' વગેરે ઉપાશ્રયો લગભગ ૪૧ સ્થળે તેમની પ્રેરણાથી નિર્માણ પામ્યા છે. પૂજ્ય યુગદિવાકરશ્રીની સ્વકીય જીવન પરની ઉપકારસ્મૃતિરૂપે આમાંના મોટા ભાગના ઉપાશ્રયોનાં નામ તેઓની પ્રેરણાથી 'ધર્મવિહાર' 'ધર્મધામ' જેવા રખાયા છે. જેમાં ભાયંદરબાવનજિનાલય તીર્થે તેઓશ્રીના ઉપદેશથી નિર્મિત 'ધર્મ આરાધના ભવન', તથા આલીશાન ત્રિમજલી 'ધર્મ' વાટિકા સંકુલ, ધર્મધામતીર્થનું 'આ.શ્રી ધર્મસૂરીશ્વરજી આરાધનાભવન' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ઉપધાનતપઆરાધના છેલ્લાં વર્ષોમાં લગભગ શૃંખલાબદ્ધરૂપે તેમની નિશ્રામાં થતી રહી છે. પૂજ્ય યુગદિવાકરશ્રી પછી તેમના સમુદાયમાં સૌથી વધુ ૨૧ વાર ઉપધાન પૂજ્યશ્રીની નિશ્રામાં થયાં છે. ઉપધાન-અંજનશલાકાદિની સાથે ૭૧ છોડ-૫૫ છોડ-૫૧ છોડ આદિનાં ભવ્ય ઉદ્યાપનો સમયાનુસાર સરસ થયા છે. લગભગ દરેક

અંજનશલાકા-ઉપધાનાદિ સાથે પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષામહોત્સવો પણ થાય છે. તેમાં વિ.સં. ૨૦૫૭ના માગશર શુદિ પાંચમે ડભોઈતીર્થે માળમહોત્સવની સાથે યોજાયેલ પાંચ બાળ-યુવાન ભાઈઓ સહિત કુલ છ મુમુક્ષુઓનો દીક્ષામહોત્સવ ખાસ ઉલ્લેખનીય છે. ડભોઈતીર્થની ૧૫૦ દીક્ષાઓના ઈતિહાસમાં અને પૂજ્યશ્રીના સમુદાયના ઈતિહાસમાં એક સાથે પાંચ ભાઈઓની દીક્ષાની ઘટના આ સર્વપ્રથમ જ હતી. પૂજ્યશ્રી સુવિશાલ શિષ્ય-પ્રશિષ્યોનો તેમજ સુવિશાલ શ્રમણીવૃંદનો સંયમનિષ્ઠ આરાધક પરિવાર ધરાવતા હતા. જેમાં આજે ૨૨ શ્રમણો સહિત કુલ ૧૧૦ સંયમીઓ છે. ડભોઈથી શ્રી શત્રુંજયમહાતીર્થનો વિરાટ ભવ્ય છ'રી'પાલક યાત્રાસંઘ-વડોદરાથી શ્રી શત્રુંજયમહાતીર્થ પદયાત્રાસંઘ-અમદાવાદથી શ્રી શંખેશ્વરતીર્થ પદયાત્રાસંઘ વગેરે ૧૫/૧૫ છ'રી' પાલક સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં ખૂબ આરાધનાપૂર્ણ રીતે યોજાયા છે.

વિ.સં. ૨૦૬૦માં પૂ. યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દી નિમિત્તે તેમનાં ગ્રન્થોનાં સંશોધન-સંવર્ધન અને સંપાદનનો યજ્ઞ આરંભીને તેઓએ આ ગ્રન્થમાળાના નાના-મોટા ૨૯ ગ્રન્થો પ્રકાશિત કરાવ્યા છે. જેમાં ઘણાં ગ્રન્થો દલદાર અને અભ્યાસપૂર્ણ છે. આ ઉપરાંત તેમનાં પ્રવચનોનું **'નવપદ ધરજો ધ્યાન'** પુસ્તક પણ જૈન સંઘમાં પ્રિય બન્યું છે. આ તમામમાં સૌથી મહાન શ્રુતસેવારૂપે પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી કૃત છ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત 'નવતત્ત્વ સુમંગલા' ટીકાનો દશ હજાર શ્લોકપ્રમાણ 'કુશલ' નામે ગુર્જરભાવાનુવાદ કર્યો છે ! તેમણે તથા શિષ્યોએ મળીને અત્યાર સુધીમાં કુલ ૨૧૫ પુસ્તકોનું આલેખન-સંપાદન કર્યું છે અને હજુ ૫૦ પુસ્તકોનો સર્જનયજ્ઞ ચાલુ છે!

જીવનનાં છેલ્લા વર્ષોમાં પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં સર્જાયેલ ત્રણ ઘટનાઓ ખૂબ ઉલ્લેખનીય છે. એક છે એમની સાંસારિક

જન્મભૂમિ પંદરસો વર્ષ પ્રાચીન તીર્થભૂમિ ડભોઇનો ઉદ્ધાર. પ્રાચીન શાંતિનાથ દેરાસરનાં સ્થાને ૨૪ કુલિકાયુક્ત ભવ્ય શિખરબદ્ધ જિનાલય, બે ઉપાશ્રયો, નૂતન પાઠશાળાભવન, ભોજનશાળા-ધર્મશાળા-જૈન ભવન, જ્યાં ૧૨૦૦ વિદ્યાર્થીઓ ગુજરાતી Medium તથા English Medium માં પણ અભ્યાસ કરે છે તે આલીશાન નવપદ Highschool, યશોવાટિકાઉદ્ધાર, શ્રી લોઢણપાર્શ્વનાથ જિનાલય પુનરુદ્ધાર-બસો વર્ષ પ્રાચીન શાંતિનાથ જિનાલય ઉદ્ધાર-અન્ય ધર્મશાળા પુનરુદ્ધાર-૧૦૮ વર્ષ પુરાણી પાંજરાપોળનો આમૂલચૂલ નયનરમ્ય ઉદ્ધાર વગેરેનાં કારણે આજે ડભોઇતીર્થની જે રોનક બદલાઇ ગઇ છે તે પૂજ્યશ્રીની પ્રેરણાને આભારી છે. સંઘે આથી એમને યથાર્થપણે જ જાહેર સમારોહમાં 'દર્ભાવતીતીર્થોદ્ધારક' બિરુદ અર્પણ કર્યું હતું...

બીજી ઘટના એટલે ઘાટકોપર-જગડૂશાનગરના વિરાટ શિખરબદ્ધ જિનાલયની રક્ષા. પૂજ્યશ્રીની નિશ્રામાં જ જેની અંજન-પ્રતિષ્ઠા થયેલ એ આ મહાજિનાલયને વિ.સં. ૨૦૬૦માં Court-આદેશથી તોડી પાડવાની હિલચાલ થતાં પૂજ્યશ્રીએ મક્કમ નેતૃત્વ લઇને ચાલુ ચાતુર્માસમાં ભાયંદરથી વિહાર કરી જગડૂશાનગર પહોંચી જવાપૂર્વક શાસનરક્ષાનું અભિયાન ઉપાડી લેતાં તેને સમસ્ત જૈન સંઘના ચારે ય ફિરકાઓ તરફથી અભૂતપૂર્વ ટેકો મળ્યો. એકમાત્ર તા. ૨૫-૭-૨૦૦૪ને રવિવારની મંત્રજાપસભામાં સાઠ હજાર જૈનો ઊમટી પડતાં જૈનોની વિરાટ સંખ્યાનું શક્તિપ્રદર્શન થયું અને Court ના આદેશમાં તત્કાલ સુધારો થયો. દેરાસરની એક કાંકરી પણ ન ખરી. પૂજયશ્રીનાં જીવનનું આ શાસનરક્ષાકાર્ય એમનાં અનેક શાસનપ્રભાવનાનાં કાર્યો કરતા ય ચડી જાય તેવું થયું. અનેક સૂરીશ્વરોએ-મુનિપુંગવોએ આ મહાન કાર્યને બુલંદ રીતે બિરદાવ્યું...

ત્રીજું મહાન કાર્ય એટલે શ્રી ધર્મધામ - નાગેશ્વર - પાર્શ્વનાથતીર્થનિર્માણ. મુંબઇ મહાનગરના પ્રવેશદ્વાર સમા આ નવનિર્મિત તીર્થમાં સમગ્ર મુંબઇ - અમદાવાદ Highway પરના તીર્થોમાં સર્વાધિક વિરાટ ૧૪ Feet ના નીલવર્ણા કાયોત્સર્ગ મુદ્રાલીન શ્રી નાગેશ્વરપાર્શ્વપ્રભુ વિરાજમાન છે, તો સંપૂર્ણ સંગેમરમરીય જિનાલય નિર્માણ પામ્યું છે કે જેના રંગમંડપમાં એક સાથે નવસો ભક્ત વિરાજી શકે!! આ અતિ ભવ્ય તીર્થ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પુણ્યસ્મૃતિમાં નિર્મિત તીર્થોમાં સૌથી વિરાટ અને ભવ્યાતિભવ્ય છે.



ચેમ્બુરતીર્થે ઐતિહાસિક પ્રતિષ્ઠા સુવર્ણ મહોત્સવ તેમ જ સામૂહિક ૨૫૦ વર્ષીતપનું ભવ્યાતિભવ્ય આયોજન, કાંદિવલી-પૂર્વ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો શાનદાર રજતમહોત્સવ, વિ.સં. ૨૦૭૧ના જીવનનાં અંતિમ વર્ષે શેષકાળમાં ત્રણ-ત્રણ વિરાટ અદ્ભુત અંજનશલાકા - પ્રતિષ્ઠામહોત્સવો સહિત ૩૬/૩૬ વિશિષ્ટ શાસનકાર્યો કરનાર, ચોર્યાશી વર્ષનું નિરામય દીર્ઘાયુષ્ય અને ૬૮ વર્ષનું સુદીર્ઘ સંયમજીવન પાળનાર પૂજ્યપાદશ્રીનાં પાવન ચરણોમાં વિનમ્ર વન્દન.

(નોંધ :- આ જીવનપરિચયલેખ પૂજ્યશ્રીના કાલધર્મસમયે પ્રકાશિત થયો હતો. તે અગ્રન્થસ્થ હોવાથી વિગતોના જરૂરી સુધારા સાથે અહીં સમાવિષ્ટ છે.)

❒ ❒ ❒



૫

# અનુભવની આરસીમાં પ્રદ્યુમ્નસૂરિજીનાં પ્રતિબિંબ

સંસ્કૃત સુભાષિતસાહિત્યમાં અન્યોક્તિનો એક મજેદાર શ્લોક અભ્યાસકાળ દરમ્યાન વાંચવા મળ્યો હતો અને સહજભાવે સ્મૃતિપટમાં અંકિત થઈ ગયો હતો કે :-

**अध्वन्यध्वनि तरवः, पथि पथि पथिकैरुपास्यते छाया।**
**विरलः स कोऽपि विटपी, यमध्वगः गृहगतः स्मरति।।**

ભાવાર્થ આ શ્લોકનો એ છે કે અલગ અલગ રાજમાર્ગો પર જાત-જાતના અને ભાત-ભાતના વૃક્ષો માર્ગની બે બાજુ શોભા માટે-આશરા માટે રોપાયા હોય, ઘેઘૂર બની ગયેલ એ વૃક્ષોની છાયામાં પરિશ્રાંત પ્રવાસીઓ ઘડીભર આશ્રય લે, તનના તાપ-મનના સંતાપ એ દરમ્યાન દૂર થવાથી પ્રવાસીને એ વૃક્ષોની ઘટાદાર છાયા તત્ક્ષણ ગમી પણ જાય. પરંતુ પ્રાયઃ

આ આકર્ષણ ક્ષણિક હોય છે. ઘરે પહોંચ્યા પછી એ પ્રવાસીઓ પેલા વૃક્ષોને લગભગ વીસરી જતા હોય છે. પણ...સબૂર ! ક્યારેક કોઈ એકાદ વૃક્ષ પ્રવાસીને એવું વિરલ-શ્રેષ્ઠ મળી જતું હોય છે કે એની ઘેઘૂર છાયા-ટાઢક આપવાની ક્ષમતા-સૌંદર્યસમૃદ્ધિ-ફલસમૃદ્ધિ વગેરે કારણે તે પ્રવાસીનાં ચિત્તમાં પોતાની અમીટ છાપ અંકિત કરી દે. એવી છાપ કે પ્રવાસી ઘરે ગયા પછી વર્ષોનાં વર્ષો પર્યંત પણ એ વૃક્ષને વીસરી ન શકે, વારંવાર સ્મર્યા કરે.

પ્રારંભે જ જણાવ્યું છે તેમ આ અન્યોક્તિશ્લોક છે. એથી એનો ખરો અંગુલિનિર્દેશ કાંઈક અલગ છે. એ નિર્દેશ આવો છે કે જેમ પ્રવાસીને પ્રવાસ દરમ્યાન અઢળક વૃક્ષોનો સંપર્ક થાય છે, તેમ દરેક વ્યક્તિને જીવનયાત્રા દરમ્યાન અઢળક વ્યક્તિઓનો સંપર્ક થતો હોય છે. એમાંના કેટલાક સંપર્ક તત્કાળ ગમી જાય, અસરકારક પણ લાગે. પરંતુ એ અનુભવ તે તે ઘટનાઓ-પ્રસંગો પૂરતો રહે. દીર્ઘકાલ દરમ્યાન એવું ય બને કે એ પરિચયોનો પરિમલ નેસ્તનાબૂદ થઈ જાય અને અંતે એ સંપર્ક સ્મૃતિશેષ બની રહે. પણ... સબૂર! એમાં આંગળીના વેઢે ગણાય તેવા કેટલાક પરિચય, પેલા વિરલ વૃક્ષની જેમ, એવા ય હોય છે કે જેનો પરિમલ વર્ષો જાય તેમ તેમ વધુ પ્રગાઢ થતો જાય અને અંતે એ સંબંધ સ્થાયીરૂપે સ્મૃતિપટમાં સતત ગુંજ્યા કરે.

વિદ્વદ્વરેણ્ય પ્રખર પ્રવચનકાર અને કલમકસબી પૂ.આ.શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજનો સંપર્ક અમારા માટે આ વિરલ વૃક્ષની કક્ષાનો રહ્યો છે. અતીતના દીર્ઘ પટ પર એ સંપર્ક-એ પરિચય લગભગ ત્રણ દાયકાથી ય વધુ સમય પર્યંત ઊછરતો ને ઊછળતો રહ્યો છે. એમાં એમનાં આંતર-બાહ્ય વ્યક્તિત્વનાં વિવિધ પાસાઓ હૂ-બ-હૂ પ્રતિબિંબત થાય છે. આવો, આપણે વિધવિધ પ્રસંગોનાં માધ્યમથી એમનાં વ્યક્તિત્વને માણીએ :

**(૧) વિ.સં. ૨૦૩૫** માં સુરેન્દ્રનગરમાં અમને એમનો પ્રથમ પ્રત્યક્ષ પરિચય થયો. એ વર્ષે અમારું ચાતુર્માસ પૂ. પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની સાંસારિક જન્મભૂમિ વઢવાણ શહેરમાં પરમગુરુદેવની નિશ્રામાં હતું અને તેઓનું ચાતુર્માસ એમના પ્રગુરુદેવાદિ સાથે સુરેન્દ્રનગરમાં હતું. હું ન ભૂલતો હોઉં તો ત્યારે તેઓ ભગવતીસૂત્રનાં યોગ વહન કરી રહ્યા હતા. ચાતુર્માસપ્રારંભ પૂર્વે અમારી સુરેન્દ્રનગરમાં સ્થિરતા થતાં ત્યાં દૂરથી કહી શકાય તેવો એમનો પરિચય થયો. પરંતુ એ પરિચય એક અલગ ભાત ઉપસાવનાર હતો. એમની યુવાનીના એ દિવસોમાં એમનું દેહલાલિત્ય છટાદાર હતું. '**प्रद्युम्नरूपः प्रद्युम्नविजयः**' અર્થાત્ પ્રદ્યુમ્ન = કામદેવ સમું રૂપ ધરાવતાં પ્રદ્યુમ્નવિજયજીઃ આવી ઉક્તિ મુખમાંથી સહજ સરી જાય તેવું એમનું બાહ્ય વ્યક્તિત્વ હતું. અને... અવાજ? ઘુંટાઇ ઘુંટાઈને બોલાતા એમના શબ્દોમાં જાણે કે કો' અજબ ચુંબકીય આકર્ષણ હતું. 'હૂ-બ-હૂ' શબ્દ એ બોલે તેમાં જે લય અને વજન વર્તાતું, એનાથી મને 'હૂ-બ-હૂ' શબ્દનો ખરેખર સચોટ અર્થ શું હોય એ વગર શબ્દકોશે સમજાયાની અનુભૂતિ થતી. જો કે, ત્યારે એમનો વાર્તાલાપ અમારા ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. સાથે થતો હતો અને એ સાંભળતા મને આ પ્રતીતિ થઇ હતી. બાકી ત્યારે અમારું સ્થાન બાલમુનિનું હોવાથી પ્રત્યક્ષ-સીધો વાર્તાલાપ એમની સાથે એક પણ વાર થયો ન હતો...

**(૨) વિ.સં. ૨૦૪૮.** સંયમજીવનના લગભગ ચૌદ વર્ષ વીતી ચૂક્યા હતા અને એ દરમ્યાન વાંચનશોખ વિકસ્વર બનવાનાં કારણે ત્યારના ઘણા શ્રમણ લેખકોને મળવા કાજે મન ખૂબ ઉત્સુક રહેતું. એ સમયખંડમાં શાસનસમ્રાટ-સમુદાયના બે શ્રમણલેખકો પર મારી વિશેષ અભિરુચિ હતીઃ એક, પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ. અને બે, પંન્યાસ શ્રી શીલચન્દ્રવિજયજી ગણિ. યોગાનુયોગ આ બન્ને શ્રમણોનો વ્યક્તિગત નિકટનો પરિચય એક સાથે થાય તેવી સ્થિરતાનો પ્રસંગ બન્યો આ વિ.સં.૨૦૪૮માં.

એ વર્ષે અમે વિહાર કરીને શંખેશ્વરજીમહાતીર્થે આવ્યા ત્યારે ત્યાં ઉપરોક્ત બન્ને પંન્યાસજી ભગવંતો અગાઉથી ત્યાં પધારેલ હતા. એક તરફ પરંપરાગત ઘનિષ્ઠ સામુદાયિક સંબંધો હતા, તો બીજી તરફ એમનાં લેખનનું આકર્ષણ હતું. એથી બહુ જલ્દીથી સંબંધતંતુ ગુંથાઇ ગયો. એ જ અરસામાં ત્યારના પ્રસિદ્ધ જૈન સામયિક ‘સુઘોષા’માં અમારો એક વિસ્તૃત લેખ આવ્યો હતો. એનું શીર્ષક હતું ‘સમર્થ શાસ્ત્રકાર ન્યા.ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર.’ એમણે એ લેખને કેન્દ્રમાં રાખી ઘણી સરસ અનુમોદના કરી. તેઓ સ્વયં પૂ. ઉપાધ્યાયજી મ.ના. સાહિત્યના અભ્યાસુ વિદ્વાન હોવા છતાં એમણે જે એ ઉપબૃંહણા કરી એનાથી એમના ગુણાનુરાગી અંતરંગ વ્યક્તિત્વનો અમને મજાનો-મુલાયમ અનુભવ થયો. અમારા માટે વિ.સં. ૨૦૩૫ જો એમનાં બાહ્ય વ્યક્તિત્વનું પરિચાયક વર્ષ હતું, તો વિ.સં. ૨૦૪૮ એમનાં અંતરંગ વ્યક્તિત્વનું પરિચાયક વર્ષ હતું.



શ્રી શંખેશ્વરજી મહાતીર્થની એ સ્થિરતા દરમ્યાન પૂ. પરમ ગુરુદેવ આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની ગુણાનુવાદસભામાં અમારાં સહુનાં સંયુક્ત પ્રવચનો થયાં. જિનાલયે ઘણી બધી વાર સાથે ચૈત્યવંદન થયાં, તો પરસ્પરનાં સ્થાને વારંવાર વાર્તાલાપ-મુલાકાતો પણ થઇ. આનાથી બન્ને પંન્યાસજી મ. સાથે અમારો વ્યક્તિગત ઘનિષ્ઠ સંબંધ આરંભાયો. એમાં પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ. માટે અમારાં મનમાં પ્રથમ વાર્તાલાપથી જ એવી અસર ઊપસી હતી કે તેઓ મહેફિલના-નિજી મસ્તીના માણસ છે. ઘટનાઓ-વાતો-અભિપ્રાયો કહેતી વેળા તેઓ એમાં જાણે કે નખશિખ

તરબોળ હોય. કોઇ કાર્યબોજ-ચિંતા એમનાં વ્યવહારમાં-વર્તનમાં ન દેખાય. એક પસંદગીના લેખકના બહિરંગ-અંતરંગ પરિચયનો આનંદ રહ્યો એ દિવસોમાં...

**(૩) એ જ વિ.સં. ૨૦૪૮નું વર્ષ.** શ્રી શંખેશ્વરજી બાદ અમારી વિહારયાત્રા મહેસાણા વિસ્તારના ચારૂપ-મેત્રાણા-કંબોઇ આદિ તીર્થોની સ્પર્શના માટે આગળ વધી. પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ.ને એ સમાચાર મળ્યા એટલે એમણે એક મજેદાર પત્ર અમારા પર પાઠવ્યો. એમાં તાજી જ પૂર્વમુલાકાતની રસભરપૂર નવી વાતો ઉપરાંત એક પ્રેમાળ સૂચન હતું કે ‘‘આટલે સુધી ગયા છો, તો પૂ. ઉપાધ્યાયજી મહારાજની સાંસારિક જન્મભૂમિ કનોડાગામમાં ભલે એક દિવસ પૂરતું પણ ખાસ જજો. ગામજનો ખૂબ ભાવિક છે. અમે ત્યાં પૂ.ઉપાધ્યાયજી મ.ની પુણ્યસ્મૃતિમાં સરસ્વતીસદન (School)નું નિર્માણ કરાવીને તેમાં તેઓના જીવનપ્રસંગો અંકિત કરાવ્યા છે. તમે એ ધ્યાનથી જોજો અને કાંઇ ભૂલ હોય તો જરૂર સૂચવજો.’’

એક સાવ નવા અને નાના મિત્રમુનિને તદ્દન સહજભાવે એમણે જે આ હૃદયોર્મિ દર્શાવી એમાં એમની નિખાલસતા મહેંકતી હતી. પૂ. ઉપાધ્યાયજી મ.ની જન્મભૂમિ કનોડાનું સર્વપ્રથમ વાર સંશોધન કરી ત્યાં પદાર્પણ કર્યું હતું આગમપ્રભાકર સ્વ. પૂ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે વિ.સં. ૨૦૧૦ આસપાસમાં. એ પછીના તરતના સમયખંડમાં એમણે આ અંગે એક લેખ પણ લખ્યો હતો. એ વાંચ્યો હતો ત્યારથી કનોડાની સ્પર્શનાની ઝંખના તો પ્રગટી જ હતી. એમાં પૂ. ઉપાધ્યાયજીના ભક્ત પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ.ની ઉપરોક્ત સૂચના-પ્રેરણા ભળતા કનોડાને પણ આવરી લેવાનું નક્કી થયું...



(૪) અમે અર્ધા દિવસ માટે કનોડા સ્થિરતા કરી.

ગામમાં એક પણ જૈન ઘર ન હોવા છતાં કમાલ એ હતી કે પાટીદાર આદિ અન્ય ધર્મીજનો પાંચ તિથિ લીલોતરી ત્યાગ-ત્રણ ઉકાળાનું અચિત્ત પાણી આદિ જૈન ધર્મની પ્રણાલિકાના જાણકાર હતા. આ પ્રભાવ પૂ. પ્રદ્યુમ્નવિજયજી મહારાજનો હતો. પૂ. ઉપાધ્યાયજી મ. પ્રત્યેની અંતરંગ ભક્તિથી પ્રેરાઈને તેઓ, પૂ. ઉપાધ્યાયજી મ.ના સ્વર્ગારોહણ-ત્રિશતાબ્દી વર્ષે કનોડા પધાર્યા હતા. અજૈન ગામમાં પૂ. ઉપાધ્યાયજી મ. જેવા જૈન મુનિપુંગવની જીવંત કાયમી સ્મૃતિ સચવાઈ રહે તેવી દૃષ્ટિ કેળવીને એમણે ત્યારે 'પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સરસ્વતીસદન'ની સ્થાપના કરાવી હતી અને એની સાથોસાથ ભદ્રિક અજૈનોમાં જૈનત્વના સંસ્કારોનું આરોપણ કર્યું હતું. એના પ્રતાપે જ અમને પેલો કમાલ અનુભવ થયો.

વાપરીને અમે સહુ 'સરસ્વતીસદન'નાં નિરીક્ષણાર્થે ગયા. જે ખંડમાં પૂ. મહોપાધ્યાયજીનાં જીવનપ્રસંગ ચિત્રો હતા એ ભાવથી નિહાળ્યા. એમાં એક સ્થળે વિગતદોષ જેવું લાગ્યું. અમને પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ.ના પત્રગત શબ્દો યાદ આવ્યા કે ''ભૂલ હોય તો જરૂર સૂચવજો.'' સ્થાન પર પહોંચ્યા બાદ એ જ દિવસે-કનોડાથી જ અમે એમને પત્ર લખ્યો. એમાં એમની ઉપાધ્યાયજીભક્તિની-દૃષ્ટિસંપન્નતાની-કલાપ્રેમની અનુમોદના કરીને પછી ધ્યાન દોર્યું કે ''દીક્ષાના ચિત્રમાં આપે ત્યાં વિ.સં. ૧૬૮૯ની દીક્ષા લખાવી છે એ ક્ષતિ છે, ખરેખર ૧૬૮૮ની દીક્ષા લખાવી જોઈએ.''

પ્રત્યુત્તરમાં એમણે 'સુજસવેલીભાસ'ની કડી ટાંકીને જણાવ્યું કે ૧૬૮૯ નું વર્ષ જ બરાબર છે.' ભાસમાં દીક્ષા પૂર્વેનાં વર્ણનમાં આ કડી મળે છે કે :-

**સંવત સોલ અઠ્યાશીએજી, રહી કુણઘેર ચોમાસ;**
**શ્રી નયવિજયપંડિતવરુજી, આવ્યા કનોડે ઉલ્લાસ.**

આ કડીને અન્વય કર્યા વિના સીધી જ વાંચવામાં આવે તો પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ.નું અર્થઘટન બિલકુલ બરાબર લાગે. પરંતુ અમે વળતા પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ''ઉપરની કડીમાં ત્રીજી-બીજી-પહેલી અને

ચોથી : આ રીતે પંક્તિનો અન્વય કરવાથી અર્થ આ ઉપલબ્ધ થશે કે પં. શ્રી નયવિજયજી મ. કુણઘેરગામમાં (વિ.સં. ૧૬૮૭માં) ચાતુર્માસ રહીને ૧૬૮૮માં કનોડા આવ્યા અને ત્યાં જશવંતકુમારનો પરિચય થયા બાદ તે વર્ષે એને દીક્ષા આપી.'' આ રીતનું અર્થઘટન અનિવાર્યપણે કરવું જરૂરી એટલે બન્યું હતું કે વડીદીક્ષાસંબંધી આગળની કડીમાં, વિ.સં. ૧૬૮૮માં વડીદીક્ષા થયાનો અસંદિગ્ધ ઉલ્લેખ આ રીતે મળે છે કે :-

**વિજયદેવગુરુ હાથથીજી, વડી દીક્ષા હુઇ ખાસ;**
**બિહુંને સોળ અઠયાશીએજી, કરતાં યોગ અભ્યાસ...**

એ પત્ર વાંચતા જ વળતા પત્રમાં એમણે લખ્યું કે ''તમારી વાત બરાબર છે. અમે ત્યાં એટલો સુધારો કરાવી દઈશું.'' સ્વયં નામાંકિત વિદ્વાન હોવા છતાં, કોઇ ઘુમાવી ઘુમાવીને રજૂઆત કરવાનાં સ્થાને એમણે દર્શાવેલી આ સહજ નિખાલસતાએ એમના પ્રત્યેના આદરને એક નવી ઊંચાઇ બક્ષી દીધી. બાકી અન્યત્ર એક એવો ય વરવો અનુભવ થયો હતો કે જેમાં દીવા જેવી સ્પષ્ટ ક્ષતિ દર્શાવી તો ઉત્તર સાવ વાહિયાતરૂપે ઘુમાવીને અપાયો. વાતને ઘુમાવવાની એ ગુરુભગવંતની આવડત (!) પર નવાઇ પ્રગટી હતી. જ્યારે અહીં - પૂ. પ્રદ્યુમ્નવિજયજી મ.ના પ્રસંગમાં ખૂબ હાર્દિક અહોભાવ પ્રગટ્યો.

એક પ્રાસંગિક નોંધ કે એમની આ નિખાલસતાનો અનુભવ અન્ય રીતે પણ થયો હતો. જ્યારે કોઇ પુસ્તકની પ્રસ્તાવનાદિરૂપે એમનું લખાણ આવ્યું હોય ત્યારે સાથેના પત્રમાં તેઓ લખે કે ''આ પ્રસ્તાવના મેં મારી રીતે લખી છે. તમને જે સુધારો કરવા જેવો લાગે એ કરવાની છૂટ છે.'' ભારોભાર નિખાલસતા-સરલતા વિના આવું લખવું શે શક્ય બને ?

(૫) પૂ. ઉપાધ્યાયજી મ.ની દીક્ષાસંવત્ વિશે ઉપરોક્ત પત્રસંપર્ક થયો એમાં એમણે પહેલી જ વાર અમારા હસ્તાક્ષરનો પરિચય થયો. પહેલા પત્રનાં પ્રત્યુત્તરમાં જ એમણે અમને ઊમળકાભેર આડવાત એક આ લખી કે ''તમારા મોતી જેવા મરોડદાર અક્ષર જોઇ મન ખૂબ ખુશ થઇ ગયું.

મને તો એવું થાય છે કે તમારી પાસે મોતી જેવા મનોહર અક્ષરોમાં પૂ. ઉપાધ્યાયજી મ.નો કોઈ એક ગ્રન્થ લખાવવો.'' એ વાત ઝીલી લઈને વળતા પત્રમાં અમે જણાવ્યું કે ''આપને જે ગ્રન્થ પસંદ આવે એ જણાવો. ચોક્કસપણે એક ગ્રન્થ એ રીતે લખીને પૂ. ઉપાધ્યાયજીની ભક્તિ અને શ્રુતની ભક્તિ કરીશ.''

તે પછી તેઓએ વિ.સં. ૨૦૪૮ના એ ચાતુર્માસમાં પૂ. ઉપાધ્યાયજી મ. દ્વારા સ્વહસ્તે લખાયેલ 'અધ્યાત્મસાર' ગ્રન્થની Photocopy અને હાથવણાટના કાગળની એક પ્રત લખવા માટે પાઠવી. પ્રાયઃ નવ દિવસમાં સમગ્ર 'અધ્યાત્મસાર' ગ્રન્થની હસ્તલિખિત પ્રત તૈયાર કરી એમના પર પાઠવી ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થઈ ગયા. આ ઘટનામાં, અન્યોની નાની નાની વિશેષતાઓને બિરદાવવાની એમની હાર્દિક ઉદારતાનાં અને પૂ. ઉપાધ્યાયજીના ગ્રન્થો પ્રત્યેની એમની પ્રગાઢ પ્રીતિનાં અમને મજાનાં દર્શન થયાં...

**(૬) વિ.સં. ૨૦૫૧.** 'પાઠશાળા' સામયિક શરૂ થયું એ પૂર્વેનો એ સમયખંડ. ત્યારે એમનાં અંતરમાં કોઈ નવતર જૈન સામયિક શરૂ થાય એવી સતત ખેવના રમતી હતી. એક દિવસ અમારાં પરનાં પત્રમાં એમણે લખ્યું : ''તમારી કલમ હવે સડસડાટ વિસ્તરતી જાય છે. તો એક એવું સામયિક શરૂ કરો જે દરેક મુખ્ય મુખ્ય શહેરોમાં ખરીદી માટે ઉપલબ્ધ હોય અને જેનું લખાણ ચીલાચાલુ સામયિકો કરતાં અલગ ભાત ઉપસાવતું હોય. એનું નામ 'સેતુ' રાખી શકાય. અથવા તમને પૂ. ધર્મસૂરીશ્વરજી મ. ઉપર અત્યંત ભક્તિ છે. એથી એનું નામ સાંકળીને 'ધર્મસેતુ' નામ પણ રાખી શકાય. કહો, વર્ષ-૧ અંક-૧ ક્યારે શરૂ કરો છો ?''

અમે એમના ઉમળકામાં એમની અમારા પ્રત્યેની કૃપા જ નિહાળી. અલબત્ત, અમારાથી આ કાર્ય શક્ય થાય એમ અમને ન લાગ્યું. અમને પેલું નીતિસૂત્ર સ્મરણમાં આવ્યું કે ''**कार्यशक्तिमविज्ञायोत्साहः शिरसा पर्वतभेदनमिव.**'' (કાર્યશક્તિનો અંદાજ માપ્યા વિના કાર્ય કરવા ઉત્સાહી

બની જવું એ મસ્તકથી પર્વત ભેદવા જેવું દુઃસાહસ છે.) અમે એમને સવિનય આ માટે ના લખી. એ પછી પણ એમના બે વાર પત્રો સામયિક શરૂ કરવાની ભારપૂર્વકની - ભાવપૂર્વકની પ્રેરણાનાં આવ્યાં. પરંતુ અમે એ દિશામાં આગળ વધવાનું મુનાસિબ ન માન્યું.

કાલાંતરે એમની જ કસદાર કલમે 'પાઠશાળા'સામયિક આરંભાયું. બધા જ સામયિકો કરતા તદ્દન નોખા અને વાચકોને મન સાવ અનોખા એ સામયિકમાં તેઓ પૂર્ણરૂપેણ ખીલ્યા. વિ.સં. ૨૦૬૧માં જ્યારે 'પાઠશાળા-ગ્રન્થ' (ભાગ-૧) એમણે અમને પાઠવ્યો ત્યારે અપાર વિષયવૈવિધ્ય ધરાવતાં એ ગ્રન્થમાં તેઓ અમને સમર્થ સાહિત્યકારરૂપે સૂર્ય શા ઝળહળતા લાગ્યા. ગ્રન્થ-૧નું એમનું ભાષાપોત અને વિચારદર્શન દિગ્ગજ સાહિત્યસ્વામીને છાજે એવું હતું. એ ગ્રન્થ મોકલતી વેળાએ એમણે એમાં અમારા માટે આ શબ્દો લખ્યા હતા કે ''વિદ્યાવિપિનવિહારી આ. શ્રી રાજરત્નસૂરિ મહારાજને સપ્રેમ. અભિપ્રાય ખાસ જણાવશો.''

**(૭) વિ.સં. ૨૦૬૧નું વર્ષ.** અમારાં જીવનનાં સર્વોચ્ચ શ્રદ્ધાકેન્દ્ર પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. નો સાતસો પેજનો દલદાર જીવનચરિત્ર ગ્રન્થ એ વર્ષે અમારા દ્વારા લખાઇને પ્રકાશિત થયો. એ ગ્રન્થની એક પ્રત એમને મળી ત્યારે એમનાં ગુણાનુરાગમઢ્યાં અંતરમાં જે ખુશીની ખુશબૂ લહેરાઇ એ એમનાં મજેદાર પત્રમાં મઘમઘતી જણાય છે. એ પત્ર અક્ષરશઃ આ મુજબ હતોઃ

''પ્ર.

શ્રી                    મહા વદિ-૬ બુધવાર,

દેવકીનંદન, અમદાવાદ

તત્ર નૂતન આ. શ્રી રાજરત્નસૂરિમહારાજ ! વન્દના...

ખોબો ભરીને શાતાપૃચ્છા.

'યુગદિવાકર' હમણાં જ ૯.૩૫ મિનિટે મળ્યું. આજે જ લોચ કરાવ્યો

હતો. છતાં હાથમાં લીધાં પછી પૂરા કલાક સુધી એ ગ્રન્થે મને, મારાં મનને-આંખને અને હાથને જકડી રાખ્યા. તમે કમાલ કરી છે રાજા મહારાજ !! શબ્દ પાછળ પરિશ્રમ કરવાની તમારી આવી અદ્‌ભુત શક્તિ જોઈને તે બિરદાવવા આ પુસ્તક, ના... ના... ગ્રન્થ; દળદાર અને રસદાર ગ્રન્થને નીચે મૂકીને આ પત્ર લખી રહ્યો છું. મનમાં ખુશી ઉભરાવા લાગી, છલકાવા લાગી. તેથી લખ્યા વિના, એ ખુશીને તમારી પાસે પહોંચાડ્યા વિના, જંપ વળે તેમ નથી. માટે લખી રહ્યો છું.

તમે અને તમારા ગુરુજીએ દષ્ટાંતરૂપ ગુરુઉપકારને કૃતજ્ઞતાથી મઢીને સંઘના ચોકમાં મૂકી આપ્યો છે!! શું તમે આખો એ જમાનો જીવતો કરી દીધો છે!! એ યુગને ફરી ફરી જીવવો ગમે તેવો કરી દેખાડ્યો છે. તમારી કલમ, તમારા ગુરુજીની સૂઝ-બૂઝ અને જયંત પ્રિન્ટરીની સાજ-સજ્જાઃ વાહ રે ભાઇ વાહ! કમાલ કરી, ન્યાલ કરી દીધા. એક માનસ્તંભ રોપી દીધો. માણેકસ્તંભ પણ કહી શકાય તેવું જાજરમાન કામ કર્યું. એકલા હાથે આવું ગંજાવર કામ, વળી એ પણ કલાદષ્ટિથી દીપતું કામ...સમયસર કર્યું.

તમે (શુભેચ્છાપત્રની) ઉઘરાણી કરી ત્યારે કલ્પના ન'તી કે આ કાર્ય આવું શકવર્તી બની રહેશે. જુગ જુગ જીવો!! ગુરુ અને તેના આવા ચેલા!!

ચાલો, મઝા આવી ગઇ. ફરી ફરીને તેમાં રમવાનું, ભમવાનું અને તાલેવાન થવાનું બનશે અને દિલથી ગમશે.

બસ, અહીં અટકું.

- પ્ર. (વિજય પ્રદ્યુમ્નસૂરિ.)''

સ્વયં દિગ્ગજ સાહિત્યકાર હોવા છતાં અન્યની સાહિત્યપ્રવૃત્તિને આ હદે બિરદાવવાની એમની વૃત્તિ-પ્રવૃત્તિ બીજું કાંઇ નહિ, એમના

અપ્રતિમ ઔદાર્યની અને વિશુદ્ધ ગુણાનુરાગિતાની દ્યોતક છે...

(૮) અમારાં ત્રણ પુસ્તકોમાં એમની 'પ્રસ્તાવના' છે. તે તે વિષયને પ્રસ્તાવનામાં આવરી લેવા ઉપરાંત એ સંદર્ભની જ એકાદ વાત તેઓ એવી નવીન લાવી મૂકે કે જે ચોક્કસ વિચારપ્રેરક હોય. વિશાલ વાંચન અને સતત ચિંતન-મનનની વૃત્તિની એ નીપજ હતી એમ જરૂર કહી શકાય. 'પાઠશાળા' જ્યારે આરંભાયું ન હતું ત્યારનાં વર્ષોમાં એમને વધુમાં વધુ વાંચવાનો લાભ વિવિધ પુસ્તકોની-ગ્રન્થોની 'પ્રસ્તાવના'માં મળતો. એક તિથિનાં શ્રમણોનાં પુસ્તક હો કે બે તિથિનાં, કથાનાં પુસ્તકો હો કે અભ્યાસના, નવોદિત શ્રમણોના પુસ્તકો હો કે નીવડેલ લેખકોનાઃ પૂ. પ્રદ્યુમ્નસૂરિજી મ.ની પ્રસ્તાવનાઓ ઠેર ઠેર નિહાળવા મળતી. એ પ્રસ્તાવનાઓ એમની વ્યાપક સ્વીકૃતિની પણ દ્યોતક હતી...

(૯) વિ.સં. ૨૦૬૩. કાંદિવલી-પૂર્વ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ-જિનાલય-ઉપાશ્રયે અમે એક દિવસ સાથે રહ્યા. દીર્ઘ બેઠક થઇ. એમની ગંભીર બીમારી પૂર્વેની અમારી એ છેલ્લી મુલાકાત હતી. એમાં એમણે ઘણી બધી વાતો કરી. એ વર્ષે મુંબઈમાં યોજાયેલ મધ્યમકક્ષાના શ્રમણ સંમેલનમાંની અમારી ભૂમિકાની એમણે ખૂબ ઉપબૃંહણા કરી, તો અમારા સમુદાયસ્તરે કરવા યોગ્ય એક સાહિત્યિક કાર્ય અંગે ખાસ પ્રેરણા ય કરી; અમને સામેથી એવી હિતશિક્ષા આપી કે "તમારી પાસે નાના-યુવાન સાધુઓ છે. એમને ભણાવવાનું ખાસ લક્ષ્ય રાખજો," તો અમે વર્ષોથી નોંધી રાખેલ ચાર-પાંચ શંકાઓનાં ઘણે અંશે સ્વીકાર્ય બને તેવાં સમાધાનો ય આપ્યાં...



તે પછીનાં વર્ષોમાં તેઓ ગંભીર



બીમારીનો ભોગ બન્યા. છેલ્લે વિ.સં. ૨૦૭૨ ના વર્ષે, એમના કાલધર્મના બે માસ પૂર્વે પાલિતાણામાં યોજાયેલ વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલન પ્રસંગે એમનાં દર્શન થયાં. હૈયું વિષાદગ્રસ્ત બની ગયું કે એક તબક્કે ખીલતા ગુલાબ સમા પ્રસન્ન પ્રદ્યુમ્નસૂરિજી ક્યાં અને આજના મુરઝાયેલ ગુલાબ સમા રોગગ્રસ્ત પ્રદ્યુમ્નસૂરિજી ક્યાં? પરંતુ કુદરતના ક્રમને-કર્મસત્તાની કાતિલતાને સ્વીકાર્યા સિવાય વિકલ્પ ન હતો. આસાયેશ અહીં એટલી હતી કે રોગગ્રસ્ત ભયાનક વિષમ સ્થિતિમાં ય તેઓ અંદરથી પૂર્ણ જાગૃત-સમતામગ્ન હતા. એ અવસ્થામાં તેઓ ત્રણેક વાર શ્રમણ સંમેલનના ચર્ચાસત્રોમાં શ્રમણ પર્ષદાનાં દર્શનાર્થે પધાર્યા હતા. અમારા માટે આ તેમનાં અંતિમ દર્શન હતા.

એ પ્રજ્ઞાવંત-પ્રતિભાવંત-પરિણતિવંત-પરોપકારવંત પુણ્યાત્મા જ્યાં પધારેલ હોય ત્યાં પ્રભુશાસન પામીને પરમપદ તરફ પ્રગતિ કરતો રહે એ જ પ્રભુપ્રાર્થનાપૂર્વક, એમની સાથેની સંસ્મરણ યાત્રાના આ શબ્દસ્વરૂપને વિરામ આપતાં એમના જીવનસંદેશને પેલી શાયરી દ્વારા ટાંકીશું કે :-

"जिंदगी ऐसी बना, जिंदा रहे दिल साद तुं।
जब न हो दुनियामें, दुनिया को याद आये तुं।।"

❒ ❒ ❒



૬

# ત્રિવેણીતીર્થ સૂરિદેવ : પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી હેમપ્રભસૂરિજી મહારાજ

પવિત્ર આગમગ્રન્થ શ્રી ઠાણાંગસૂત્રનાં ત્રિસ્થાનક અધ્યયનમાં, બીજા ઉદ્દેશના એકસો એકસઠમા સૂત્રના ઉત્તરાર્ધ ભાગમાં રસપ્રદ નિરૂપણ કરાયું છે કે ''तओ ठाणा सुसीलस्स सुव्वयस्स सुगुणस्स सुमेरस्स सपच्चक्खाण–पोसहोववासस्स पसत्था भवंति तं जहाः– अस्सिं लोए पसत्थे भवति, उववाए पसत्थे भवति, आयाती पसत्था भवति।'' આ આગમવચનનો ભાવાર્થ એ છે કે જેઓ સુ-શીલ છે, વ્રતસંપન્ન છે, સદ્ગુણોથી અલંકૃત છે, મર્યાદામય જીવન ધરાવનાર છે, પચ્ચક્ખાણ-પૌષધોપવાસ વગેરે આરાધનાયુક્ત છે તેઓના ત્રણે ય સ્થાન-ત્રણે ય જન્મ પ્રશસ્ત-અનુમોદનીય બને છે. તે આ પ્રમાણે કે ઉત્તમ

સદાચારમય જીવનનાં કારણે તેમનો આ લોક-આ જન્મ પ્રશસ્ત બને છે, આરાધનાના પરિણામે આગામી જન્મ સદ્ગતિમય મળવાથી એ જન્મ પ્રશસ્ત બને છે અને ત્યાંની આરાધનાના પ્રભાવે તે પછીનો જન્મ પણ ઉત્તમ મળવાથી તે ય પ્રશસ્ત બને છે!

જીવન સંસારીનું હોય કે સંયમીનુંઃ એ જો શીલસંપન્ન-વ્રતસંપન્ન વગેરે રૂપે ઉત્તમ વ્યતીત થયું હોય તો એની સફલતાના સીમાડા કેવા ફેલાય એ ઉપરોક્ત આગમવચનમાં ખૂબ સરસ પ્રતિબિંબિત થાય છે. દિવંગત ગચ્છાધિપતિ સ્વનામધન્ય પૂ. આચાર્યદેવ શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના ગુણસંકીર્તનલેખના પ્રારંભે ઉપરોક્ત આગમવચન એટલે સ્મરણપથમાં આવ્યું કે એમાં જણાવેલ સુશીલ-સુવ્રત-સુગુણ-સુમેર વગેરે યોગ્યતાઓ તેઓશ્રીમાં વિશેષપણે નિખાર પામી હોવાનું સાંપ્રત શાસને અનુભવ્યું છે. ઠાણાંગસૂત્રનું એ વચન ત્રિસ્થાનક અધ્યયનનું છે, તો અમે એમનું ગુણસંકીર્તન પણ ત્રણ પ્રસંગો દ્વારા કરીશું :

**(૧) સુ-શીલતા :-** આપણે ત્યાં લખવામાં-બોલવામાં બે સમાન જણાતાં શબ્દોનો અવાર-નવાર ઉપયોગ થાય છેઃ શિયલ અને શીલ. એમાં શિયલ શબ્દનો સંબંધ ચતુર્થ વ્રત સાથે છે, જ્યારે શીલ શબ્દનો સંબંધ ચતુર્થવ્રત ઉપરાંત વ્યક્તિત્વના વિવિધ ગુણસંપન્ન પાસાઓ સાથે છે. સમાન જણાતા બે શબ્દોના અર્થમાં આટલો તફાવત છે. સુ-શીલ એટલે એવું વ્યક્તિત્વ કે જેમાં ચારિત્રસંપન્નતા ઉપરાંત પણ વિવિધ વિશેષતાઓ નજરે તરી આવે તેવી વિલસતી હોય. આચાર્યશ્રીના સંદર્ભમાં અમને આવો પ્રત્યક્ષ અનુભવ થયો મુંબઈ મહાનગરમાં.

લગભગ બે દાયકા પૂર્વે મુંબઈ-ભાયખલા તીર્થે અમારા પૂ. ગુરુદેવશ્રી અને દિવંગત આચાર્યશ્રીનું મિલન થયું. અમારો આચાર્યશ્રી સાથેનો એ પહેલો અને છેલ્લો પ્રત્યક્ષ પરિચય. એ મિલન પ્રવચન હૉલમાં

સુધર્માસ્વામીપીઠ પર જ થયું હતું. શબ્દમય પ્રવચન અમારા પૂ.ગુરુદેવશ્રીએ આપ્યું હતું. પરંતુ ત્યારે અમે એ મહેસૂસ કર્યું કે મૌન પ્રવચન પૂ. દિવંગત સૂરિવરે પણ આપ્યું હતું. એ મૌન પ્રવચનની પ્રથમ બાબત હતી અંતર્મુખતા. અમે બરાબર Mark કર્યું કે તેઓ સભા વચ્ચે હોવા છતાં નીચી નજરે કાંઇક જાપ કે સ્વાધ્યાય કરી રહ્યા હતા. એ બધા વચ્ચે હતા છતાં બધાથી અલિપ્ત હતા. અધ્યાત્મોપનિષદ્ ગ્રન્થમાં પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર યોગીનું એક લક્ષણ આ ફરમાવે છે કે ''आत्मप्रवृत्तावतिजागरूक:''. મતલબ કે તેઓ આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં અત્યંત જાગરૂક હોય. આ જાગરૂકતા એમનામાં અમને દેખાઇ સભા વચ્ચેની અલિપ્તતામાં-અંતર્મુખતામાં.

એમનાં મૌનપ્રવચનમાં અમને બીજી બાબત જણાઇ અલ્પભાષિતા. એ સમયખંડમાં એમણે અમારા પૂ. ગુરુદેવશ્રી સાથે ય અલ્પ વાત કરી. જેટલું પુછાયું-કહેવાયું એટલું જ-એટલા પૂરતું જ એ બોલ્યા. એ પણ ખપપૂરતા શબ્દોમાં. યાદ આવે અહીં સાધક માટે દશવૈકાલિક આગમે દર્શાવેલ 'अप्पभासी' વિશેષણ. સાધક મુખર (વધુ પડતું બોલનાર) ન હોય, પ્રાયઃ મૌન હોય... એમનાં મૌન પ્રવચનની ત્રીજી બાબત હતી અનાગ્રહ. એવું યાદ છે કે ત્યાં-પ્રવચનપીઠ પર એક સામાન્ય વ્યવહારની વાત એવી બની કે એમાં એમની અનાગ્રહી સરલતા અલગ તરી આવી. આત્મવિકાસ માટેની ગુજરાતી કાવ્યકંડિકામાં એક પંક્તિ આવી મળે છે કે ''સરલ સરલ અતિ સરલ બન.'' પંક્તિના આ શબ્દોનો સાક્ષાત્કાર અમને એ અનાગ્રહમાં થયો...

(૨) સમતા :- શ્રી દશવૈકાલિક આગમમાં શ્રમણ માટે સરસ પંક્તિ છે કે ''निच्चं चित्तसमाहिओ हविज्जा''. સાધક ચિત્તસમાધિને સૌથી વધુ અગ્રતાક્રમ આપે. આચાર્યશ્રી ગચ્છનાયક હતા. એ સ્થાનની



જવાબદારીરૂપે શિષ્યોની-આશ્રિતોની હિતચિંતા એમનું કર્તવ્ય હતું. પરંતુ એ કર્તવ્ય ચિત્તસમાધિના ભોગે ન હોય. આવી એમની સમજ હશે. આવો અંદાજ એમના વિશે સાંભળેલ એક પ્રસંગ પરથી આવે. પ્રસંગ કાંઈક આવો હતો :

આચાર્યશ્રીની નિશ્રામાં મુનિવરોની યોગઆરાધના ચાલતી હતી. યોગક્રિયા બાદ સહુ સાથે જિનાલયે સમયસર જઈ દેવવંદનાદિ કરે એ તેઓની ભાવના હતી. જેથી આગળની પચ્ચક્ખાણ પારવાદિની ક્રિયા સમયે અવરોધ ન આવે. એમણે સહુ મુનિવરોને સમજાવ્યું કે મુખ્ય યોગક્રિયા બાદ સૌએ સમયસર અને સાથે જિનાલયે જવું. અન્ય સહુ મુનિવરોએ એ સૂચનનો અમલ કર્યો. પરંતુ એક મુનિવર પ્રમાદાદિ કારણે આ સૂચનની ઉપેક્ષા કરતા હતા. પ્રથમ દિવસે એ વિલંબથી અને અલગથી જિનાલયે દર્શનાદિ માટે ગયા. આચાર્યશ્રીએ કોઈ આવેશ-ગુસ્સા વિના એ જ સમતાથી કહ્યું : ''સહુની સાથે અને સમયસર જિનાલયે જવું.'' પરંતુ ભવિતવ્યતા ગણો કે ગમે તે, મુનિવરે બીજે દિવસે પણ એ જ ભૂલનું પુનરાવર્તન કર્યું. આચાર્યશ્રીએ એ જ સમતાથી પુનઃ મિષ્ટભાવે સૂચન કર્યું. થોડા દિવસ બન્ને પક્ષે આ ક્રમ ચાલ્યો.

એમાં એક દિવસ એવું બન્યું કે અન્ય મુનિવરો સમયસર દર્શનાદિ કરી જિનાલયેથી પરત આવી ગયા. પેલા 'લેટ લતીફ' મુનિવર આજે ય વિલંબમાં હતા અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. એ મુનિવર કલાકો સુધી

જિનાલયે જઇ ન શક્યા. અન્યોનું આગળનું કાર્ય બધું સમયસર થયું અને આમનું વિલંબે! એ દિવસે ધાર્યું હોત તો આચાર્યશ્રી કડક ઠપકો આપી શક્યા હોત અથવા વ્યંગ કરી શક્યા હોત કે ''ગુરુઅવજ્ઞાનાં ફળ ચાખ્યાં ને.'' પરંતુ એ દિવસે પણ આવું કાંઇ કર્યા વિના આચાર્યશ્રીએ એ જ શાંત શબ્દો કહ્યા કે ''સહુની સાથે અને સમયસર જિનાલયે જઇ આવવું.'' નથી લાગતું કે **''समयाए समणो होइ''** આ શ્રમણવ્યાખ્યા આચાર્યશ્રીનાં જીવનમાં સાકાર થતી હતી?

**(૩) સૌભાગ્ય :-** સૃષ્ટિશિરતાજ તારક તીર્થાધિરાજ શ્રી શત્રુંજય-ગિરિરાજ ઉપરના પવિત્ર રાયણવૃક્ષ સાથે આ માન્યતા સજ્જડ વ્યાપક પ્રચલિત છે કે એ રાયણવૃક્ષનું દૂધ જેના શિર પર ઝરે એ નિકટ મુક્તિગામી પુણ્યાત્મા હોય. સહજભાવે આવી ઘટના બહુ Rare કિસ્સામાં બનતી હોય છે. આચાર્યશ્રી એવા સૌભાગ્યશાલી કે થોડા વર્ષ પૂર્વે તેઓ સિદ્ધગિરિરાજની યાત્રાએ પધાર્યા અને રાયણપગલાંની સ્પર્શના કરી ત્યારે એમને આ સહજ સૌભાગ્ય વર્યું ! જાણે કે રાયણવૃક્ષે એમના પર ક્ષીરનાં માધ્યમે સિદ્ધિગતિનો મુદ્રાલેખ કર્યો...

સનાતનધર્મની પરંપરામાં એ માન્યતા છે કે જ્યાં ત્રણ નદીનો-ત્રિવેણીનો સંગમ થાય તે સ્થાન તીર્થરૂપ ગણાય. બરાબર એ જ રીતે, ઉપરોક્ત ત્રણ ગુણોની ત્રિવેણીનાં માધ્યમે આપણે પણ આચાર્યશ્રીનાં જીવનને તીર્થરૂપ કહી શકીએ. ત્રિવેણીતીર્થ સૂરિદેવને અંતરથી વિનમ્ર વંદન.



❒ ❒ ❒

૭

# સ્વાધ્યાય-સરલતા-સત્ત્વનો સુવર્ણસંગમ : પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી અભયદેવસૂરિજી મ.

ઐતિહાસિક ઘટનાઓમાં વિશેષ જિજ્ઞાસા ધરાવતા પરદેશી પ્રવાસીએ કાઠિયાવાડની ધરતીમાં પગ મૂક્યો અને એ આનંદવિભોર બની ગયો. કારણ કે ત્યાં દરેક ગામની બહાર પાળિયાઓ-ખાંભીઓ એને મળતી. એ ઝીણવટથી પાળિયા-ખાંભીની વિગતો નોંધે અને અવનવા ઈતિહાસથી માહિતગાર બને.

પણ... એક ગામની બહાર પહોંચતા એ ઊલઝનમાં મુકાઈ ગયો. ત્યાં પણ પાળિયા તો હતા. પરંતુ એની નીચે અંકિત નોંધ ચકરાવે ચડાવી દે તેવી હતી. એમાં અલગ અલગ પાળિયા નીચે લખાયું હતું કે

‘‘શેઠ ખુશાલદાસ. ઉંમર : બે વર્ષ... શેઠ જીવણદાસ. ઉંમર : એક વર્ષ. ઈત્યાદિ.’’ પ્રવાસીની મુંઝવણ એ હતી કે પાળિયા કાંઈક કરી બતાવનાર યુવાન-પ્રૌઢ-વૃદ્ધ વયની વ્યક્તિના હોય. એક-બે વર્ષના બાળકોના ન હોય. વળી આ બધાનાં નામની આગળ લખાયેલ **‘શેઠ’** શબ્દ પણ દ્વિધામાં વૃદ્ધિ કરતો હતો.

પ્રવાસી મુંઝવણ સાથે ગામમાં પ્રવેશ્યો. ત્યાં સામે ગામની વ્યક્તિ મળી. પ્રવાસીએ પેલો અનુભવ વર્ણવી કાંઈક કટાક્ષમાં પૂછ્યું : ‘‘શું તમારે ત્યાં બધા નાના જ બાળકો જન્મ્યા છે? કોઈ મોટો માણસ નથી જન્મ્યો?’’ એનો કટાક્ષ પરખી ગયેલ ગ્રામ્ય વ્યક્તિએ ધારદાર જવાબ આપતા કહ્યું : ‘‘ભાઈ! અમારે ત્યાં જન્મતી વેળાએ બધા જ નાના બાળકરૂપે જન્મ્યા છે, કોઈ મોટો માણસ ‘જન્મ્યો’ નથી! બીજી વાત એ કે પાળિયા પર જે વય લખાઈ છે તે, વ્યક્તિએ એની પૂરી જિંદગીમાં સત્કર્મ-ધર્મકાર્ય માટે જેટલા દિવસ-કલાક યાવત્ મિનિટો ગાળી હોય તેનો કુલ સરવાળો કરીને લખાઈ છે. એ સિવાયનાં સ્વાર્થકાર્યોનાં-પ્રમાદનાં વર્ષોને-સમયને અમે વયમાં ઉમેરતા નથી, બલ્કે એની બાદબાકી કરીએ છીએ!’’

આ અફલાતૂન ઉત્તરથી પ્રવાસી વિસ્મયચકિત થઈ ગયો.

મજાનું આ દૃષ્ટાંત એ વાત પર ભારપૂર્વક અંગુલિનિર્દેશ કરે છે કે કોઈ પણ વ્યક્તિ જન્મમાત્રથી મોટી-મહાન નથી હોતી : ભલે ને એ ખૂબ પ્રસિદ્ધ અગ્રેસર કે ખાનદાન કુટુંબમાં જન્મી હોય તો પણ! વ્યક્તિ મોટી-મહાન બને છે એનાં વ્યક્તિત્વથી-કર્તૃત્વથી. યાદ આવે અહીં ‘મહાભારત’માં કર્ણે આપેલ યાદગાર ઉત્તર. વિદ્યાર્થીકાળમાં ધનુર્વિદ્યાપરીક્ષા પ્રસંગે અર્જુનની બરાબરીએ આવેલ કર્ણને

અપમાનિત કરવા જાહેરમાં 'સૂતપુત્ર' રૂપે ચિતરાયો ત્યારે કર્ણે ખુમારીભર્યો ઉત્તર આ આપ્યો હતો કે ''दैवायत्तं कुले जन्म, मदायत्तं तु पौरुषम् !'' મતલબ કે જન્મ ક્યાં થવો તે મારા હાથની નહિ, કુદરતના-કર્મના હાથની વાત છે. પણ પુરુષાર્થ-કર્તૃત્વ કેવું દાખવવું એ મારા હાથની વાત છે. (એ કર્તૃત્વના આધારે જ હું અત્યારે અર્જુનની બરાબરીએ આવ્યો છું.)

* * *

તપાગચ્છીય પ્રવરસમિતિના કાર્યવાહક શાસનપ્રભાવક ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મહારાજના જીવનઅમૃતવર્ષ નિમિત્તેના આ ગુણસંકીર્તનલેખની ભૂમિકામાં ઉપરોક્ત પ્રસ્તુતિ કરવાનું કારણ એ કે તેઓ માત્ર ડહેલાની સમૃદ્ધ પૂર્વપરંપરાનાં કારણે જ સંઘ-શાસનમાં એક અગ્રેસર નથી બની રહ્યા. બલ્કે એની સાથોસાથ કેટલીક પોતીકી વિશેષતાઓથી એ સ્થાન શોભાવી રહ્યા છે. અમારું એ ચોક્કસ મંતવ્ય છે કે કોઈ પણ સ્થાનને શોભાવવા એને અનુરૂપ પોતીકી વિશેષતા અનિવાર્ય છે. આવો, આપણે એ વિશેષતા બે-ત્રણ ઘટનાઓનાં માધ્યમે માણીએ :

**(૧) સ્વાધ્યાયસમૃદ્ધિ :-** વિ.સં. ૨૦૭૮. અમારું ચાતુર્માસ ત્યારે મુંબઇના બોરીવલી-ગીતાંજલિસંઘમાં હતું અને પૂજ્યશ્રીનું ચાતુર્માસ ત્યારે મુંબઇના પાર્લા-ચન્દ્રપ્રભસ્વામી સંઘમાં હતું. એ ચાતુર્માસમાં, પૂજ્યપાદ સંઘસ્થવિર ગચ્છાધિપતિ આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૧૦૨મા જન્મપર્વોત્સવે અમે અને મુંબઇના લગભગ સર્વ મૂળ તપાગચ્છીય સમુદાયોના આચાર્યાદિ વડિલો પાર્લા-ચન્દ્રપ્રભસ્વામી સંઘમાં બે દિવસ માટે ગયા હતા. પચીશથી વધુ આચાર્યભગવંતો, દોઢસો જેટલા મુનિવરો, ત્રણસો

આસપાસ શ્રમણીભગવંતોની ઉપસ્થિતિ હતી. કાર્યક્રમો-વાચનાઓની હારમાળા વચ્ચે અગ્રણી શ્રાવકોનું આવાગમન અને અમારી ચર્ચા-વિચારણાઓ પણ જારી હતી.

વાત-વાતમાં જાણવા મળ્યું કે પૂજ્યશ્રી નિત્ય દૈનિક એક હજાર ગાથાઓના સ્વાધ્યાયનો નિયમ જાળવે છે. અમે ચકાસણી માટે પૂજ્યશ્રીને પૂછ્યુંઃ ''અત્યારે આવા વ્યસ્ત માહોલમાં આપ સ્વાધ્યાયનો સમય સાચવી શકો છો કે ફેરફાર થાય છે?'' એમણે સસ્મિત ઉત્તર આપ્યો : ''ગઈ કાલે વ્યસ્તતાઓમાં થોડો સ્વાધ્યાય બાકી હતો તો રાત્રે બાર-સાડા બાર સુધીમાં પૂર્ણ કર્યો. પછી જ સંથારો કર્યો!'' અમારું અંતર વિસ્મયવિભોર બની ગયું.

સ્વાધ્યાય અંગે અમારો અનુભવ જણાવીએ તો, સ્વાધ્યાય અમારા માટે અવશ્ય કર્તવ્યથી પણ અધિક **'શોખ'** નો વિષય છે. હા, **'શોખ'** એટલા માટે કહ્યો કે એમાં અમને મનગમતા શોખ જેવો અધિકાધિક આનંદ રહે છે. આમ છતાં હકીકત એ રહે છે કે પ્રવચનો-સમૂહ માસક્ષમણો કે ઉપધાન-પદયાત્રાસંઘો આદિ સમયે લાખ ભાવના છતાં સમય મેળવવો કાફી કઠિન રહે છે. લેખન અને સ્વાધ્યાય માટે રીતસર સમય ચોરવો પડે-આંચકી લેવો પડે. તો ય કેટલીક વાર મજબુરીમાં સ્વાધ્યાય જતો કરવો પડે. આ સ્થિતિમાં, પ્રવરસમિતિના કાર્યવાહક તરીકેની ભાત-ભાતની જવાબદારીઓ-પ્રશ્નો વચ્ચે સ્વાધ્યાયનું લક્ષ્ય જાળવી રાખવું ધારણાથી ય અધિક કઠિન કાર્ય છે.

સ્વાધ્યાયની સહજ રુચિ-લગાવ હોય તો ય આ આસન નથી. અમને ત્યારે યાદ આવી ગઈ શ્રમણનાં વિશેષણરૂપ આ પંક્તિ કે ''**नित्यं स्वाध्यायसंयमरतानाम्**''.

**(૨) સરલતાસમૃદ્ધિ :-** વિ.સં. ૨૦૭૨. તપાગચ્છીય મૂળ પરંપરાના અઢાર સમુદાયોનું વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલન એ વર્ષે સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં યોજાયું. શ્રમણસંખ્યાની દૃષ્ટિએ અંતિમ સૈકાના આ સૌથી વિરાટ શ્રમણસંમેલનની નિત્યની બબ્બે બેઠકોમાં વિવિધ ગચ્છાધિપતિઓ-એકસો પચીશથી વધુ આચાર્યદેવો અને સાડા છસો થી સાતસો શ્રમણો એક સાથે વિરાજમાન થતા. પૂજ્યશ્રી એ સંમેલનના મુખ્ય સંચાલક હતા, તો અમારે દરેક સૂચિત મુદ્દાની ચર્ચાના અંતે એના ઠરાવનું તાત્કાલિક મૌખિક સ્વરૂપ રજૂ કરવું, બીજા દિવસની બેઠકના પ્રારંભે પૂર્વદિનના તમામ ઠરાવોનું લેખિત સ્વરૂપ રજૂ કરવું વગેરે જવાબદારી અદા કરવાની હતી. આ સમાન કાર્યોનાં કારણે અને વૈચારિક સામ્યનાં કારણે પરસ્પરને સૂચન કરી શકાય તેવી આત્મીયતા પણ અમારી વચ્ચે પાંગરી હતી.



એક દિવસની વાત. શ્રમણસંમેલનની કાર્યવાહીમાં વિચારણાનો એક મુદ્દો એ આવ્યો કે પર્યુષણામહાપર્વમાં અષ્ટમંગલ દર્શનની ઉછામણી સાધારણદ્રવ્યવૃદ્ધિ માટે કરવી. એક વર્ગે એ મુદ્દાનું વ્યવસ્થિત મંડન કર્યું, તો બે-ત્રણ સૂર એના વિરોધના ય આવ્યા. વિરોધ માટે દરેકે અન્યાન્ય કારણો ય દર્શાવ્યા. ઉપરાંતનું એક કારણ અમારી ધારણા મુજબ હતું

અષ્ટમંગલની રજૂઆત કરનાર વર્ગનું આગ્રહી વલણ. હજુ એ દિવસે સવારે જ અન્ય મુદ્દાની ચર્ચામાં તે વર્ગનું આગ્રહી અને અન્યોની ગર્ભિત અવગણના કરતું વલણ ઘણા સમુદાયોને ઉચિત ન લાગ્યાનું અનુભવાયું હતું. આ અને અન્ય જણાવાયેલ કારણસર અષ્ટમંગલની વાત અટકે એવી સ્થિતિ આકાર લઇ રહી હતી. એવામાં ખુદ સંમેલનસંચાલક પૂજ્યશ્રીએ પોતાનો અભિપ્રાય જાહેર કર્યો કે 'અષ્ટમંગલની ઉછામણીની વાત બાજુ પર રાખીએ.'

અમે ત્યારે તુર્ત અમારાં આસનેથી પૂજ્યશ્રીનાં આસને જઇ વ્યક્તિગત સમજાવ્યું કે ''કોણે રજૂઆત કરી છે તે વાત બાજુ પર રાખીએ. પરંતુ એ વાત નક્કી છે કે સાધારણદ્રવ્યની તંગી લગભગ દરેક સંઘમાં છે જ. એમાં જો આ નિર્દોષ પદ્ધતિ પર ગીતાર્થ પૂ. ગુરુભગવંતોની ઠરાવરૂપે મહોર લાગશે તો સંઘોને સાધારણક્ષેત્રે ચોક્કસ ટેકો મળશે. માટે આમાં સહયોગનું વલણ રખાવું જોઇએ.'' પૂજ્યશ્રીનાં હૈયે આ વાત વસી ગઇ અને એમણે સંમતિ આપી. તે પછી અમે પુનઃ સંમેલનપર્ષદા સમક્ષ અષ્ટમંગલની તરફેણ કરતું વક્તવ્ય કર્યું. અંતે, એ મુદ્દો સર્વસંમતિથી ઠરાવરૂપે નિશ્ચિત થયો.

આ સમગ્ર ઘટનામાં પૂજ્યશ્રીની હાર્દિક સરલતા પ્રતિબિંબિત થાય છે. તે વિના યોગ્ય વિમર્શમાત્રથી તાત્કાલિક પોતાના પૂર્વઅભિપ્રાયથી અલગ વલણ લેવું જલ્દીથી શક્ય ન બને. એમાં ય વળી તેઓ એક મુખ્ય ગચ્છાધિપતિ, પ્રવરસમિતિમાં સ્થાન પામેલ આચાર્યશ્રી અને શ્રમણસંમેલનના સંચાલકરૂપે અગ્રેસર હતા. છતાં કોઇ માન-અહંકાર અવરોધક ન બન્યો એ પૂજ્યશ્રીની હાર્દિક સરલતાને આભારી હતું! ત્યાં-તે ક્ષણે જ અમને પૂજ્યશ્રીની સરલતા માટે આદર પ્રગટી ગયો...

**(૩) સત્ત્વ સમૃદ્ધિ :-** ગુજરાતીમાં એક ઉક્તિ છે કે **'મોભને ખીલા વાગે.'** સૂચિતાર્થ એનો એ છે કે જેઓ અગ્રણી હોય એમને ઘણી સમસ્યાઓ-મુશ્કેલીઓ સહન કરવાની આવે. શું પરિવાર કે શું સમાજ, શું સંઘ-શાસન કે શું રાષ્ટ્ર : દરેકના અગ્રણીઓને સામાન્યતઃ આ સ્થિતિમાંથી પસાર થવાનું આવે.

પૂજ્યશ્રી પ્રવરસમિતિના કાર્યવાહક હોવાના નાતે સંઘ-શાસનના મુખ્ય અગ્રણીઓ પૈકીના એક અગ્રેસર આચાર્યશ્રી છે. પ્રવરસમિતિ સાથે અઢાર-અઢાર શ્રમણસમુદાયો અને એમનો અનુયાયી લાખો શ્રાવક-શ્રાવિકાઓનો સંઘ સંલગ્ન છે. અમારું એક સૌભાગ્ય છે કે અમે પ્રવરસમિતિ સાથે અઢાર વર્ષો વિચારવિમર્શસ્તરે સંલગ્ન છીએ. એમાં **તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ની ચિરવિદાય પછી છેલ્લા નવ વર્ષથી સંચાલનસ્તરે મુખ્ય કાર્ય પૂજ્યશ્રીનું રહ્યું છે. આ  દરમ્યાન, એવી ઘટના કયારેક ક્યારેક બની છે જેમાં સંખ્યાના જોરે-પર્યાયના જોરે-ભક્તવર્ગના જોરે પ્રસ્થાપિત મર્યાદાઓ ઈરાદાપૂર્વક નેવે મૂકવાની કોશિશ થઈ હોય. આવા સમયે અગ્રણીએ ન છૂટકે પોતાના જ સાથીઓ સાથે કડક વલણ અખત્યાર કરવું પડે.

અમને એવી ત્રણેક ઘટનાઓ યાદ છે કે જેમાં પૂજ્યશ્રીએ આવું કડક વલણ મક્કમપણે અખત્યાર કર્યું હતું. એમાંની બે ઘટનાઓમાં તો બે-ધડક પોતાની સહી સાથે તેઓએ સકલ સંઘ જોગ નિવેદન કરવાની નીતિ અપનાવી હતી. એમનું સૌભાગ્ય એવું સમૃદ્ધ કે આવા પ્રસંગોમાં એમને ત્વરિત બહુમતી સમુદાયોના ગચ્છાધિપતિઓનો ટેકો સંપ્રાપ્ત થયો હતો. મર્યાદાભંગ કરનાર વર્ગ ભલે કબૂલે કે ન કબૂલે. પરંતુ એમને આવાં કડક પગલાથી જોરદાર સબક શીખવા તો મળી જ ગયો હતો!

આનો પુરાવો એ કે 'અમને કાંઈ ફર્ક નથી પડતો'નો ગાલ લાલ રાખતો દેખાવ કરનાર એ વર્ગને દિવસો નહિ, મહિનાઓ સુધી માત્ર એ એક નિવેદનનો પ્રતીકાર ભાત-ભાતની રીતે કરવો પડ્યો હતો!



અમે બહુ નિકટથી નિહાળેલ આ ઘટનાઓનો સાર અહીં એટલો જ પ્રસ્તુત કરવો છે કે અગ્રણીએ શરમ-શેહ વગેરે કારણે ગેરશિસ્ત ચલાવવાની ન હોય. શિસ્ત માટે જરૂર પડ્યે સાથીઓને ય સબક શીખવવો ક્યારેક અનિવાર્ય બને. પૂજ્યશ્રીએ અગ્રણીનું આ લક્ષણ અમૂક પ્રસંગોમાં બરાબર અદા કર્યું હોવાનું અમારું નિરીક્ષણ છે. સત્ત્વ વિના-દૃઢતા વિના આ કર્તવ્ય અદા ન થઈ શકે. નિઃસત્ત્વ અથવા મંદસત્ત્વ વ્યક્તિત્વો આવાં કદમ ભરી ન શકે અને ભરે તો જાતજાતનાં દબાણોને વશ થઈ જઈ પીછેહઠ કરી બેસે. પૂજ્યશ્રીમાં આવું નિહાળવા નથી મળ્યું તે એમની સત્ત્વસમૃદ્ધિનું દ્યોતક છે.

સ્વાધ્યાયસમૃદ્ધ - સરલતાસમૃદ્ધ - સત્ત્વસમૃદ્ધ પૂજ્યશ્રી ભાવિકાળની જીવનયાત્રામાં વધુ ને વધુ સાધનાસમૃદ્ધ-શુદ્ધિસમૃદ્ધ-સમાધિસમૃદ્ધ બની રહે એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

❒ ❒ ❒



૮

# આચારચુસ્ત આચાર્યદેવ : પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરિજી મ.

તારક શ્રી તીર્થંકરભગવંતોનાં ધર્મશાસ્ત્રોએ પંચપરમેષ્ઠીના તૃતીયપદે પ્રતિષ્ઠિત આચાર્યભગવંતોને ચોક્કસ અપેક્ષાને આધીન એવું અદ્ભુત મહત્ત્વ આપ્યું છે કે એ શબ્દો વાંચતાં આંખ વિસ્મય-વિકસ્વર થઇ જાય અને ચિત્ત ચમત્કૃત થઇ જાય. હૈયે અહોભાવનું પ્રચંડ પૂર પ્રગટે કે ‘ઓ..હો! આચાર્યપદની ગરિમા શું આટલી બધી ઉત્કૃષ્ટ છે!’ આપણે આવાં એક-બે શાસ્ત્રવિધાન જોઇએ :

* ‘સંબોધ સિત્તરી’ ગ્રન્થમાં એક ગાથાનો પૂર્વાર્ધ આવો મળે છે કે :- ‘‘तित्थयरसमो सूरि, सम्मं जो जिणमयं पयासेइ।’’ ભાવાર્થ કે

જિનપ્રવચનનું સમ્યક્ પ્રકાશન-નિરૂપણ કરે છે તે આચાર્યભગવંત તો તીર્થંકરતુલ્ય છે.

* શ્રી તીર્થંકરપ્રભુ અને શ્રી ગણધર ભગવંતના કાર્યક્ષેત્ર સાથે આચાર્યભગવંતનાં કાર્યક્ષેત્રની સરખામણી કરતી એક ગાથામાં બહુ મજાની કલ્પના પ્રસ્તુતિ કરાઈ છે કે :-

अत्थमिए जिणसूरे, केवलिचंदे वि जे पईयुव्व।
पयडंति इह पयत्थे, ते आयरिए नमंसामि।।

ભાવાર્થ કે શ્રી તીર્થંકરપ્રભુરૂપી સૂર્ય અને કેવલીભગવંતરૂપી ચન્દ્ર અસ્ત પામે ત્યારે જેઓ દીપક બનીને આ સૃષ્ટિમાં પદાર્થોનું પ્રકાશન કરે છે તે આચાર્યભગવંતોને હું નમન કરુ છું.

પણ.. સબૂર ! લૌકિક જગત અને લોકોત્તર જગતના આચાર્યપદ વચ્ચે બહુ મોટો તફાવત હોવાનું ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. લૌકિક જગતમાં અભ્યાસનાં-જ્ઞાનનાં કારણે પદવી-Degreeરૂપે આચાર્યપદ એનાયત થતું હોય છેઃ જેમ કે વ્યાકરણાચાર્ય-ન્યાયાચાર્ય વગેરે વિશેષણો. જ્યારે લોકોત્તર પ્રભુશાસનમાં આચાર્યપદ જ્ઞાનસંલગ્નતાનાં જ નહિ, બલ્કે ભારોભાર આચારસંલગ્નતાનાં કારણે એનાયત થતું હોય છે. નજર કરીશું આચાર્યના 'पंचविहायारपालणसमत्थो' વિશેષણ પર, તો ત્યાં પાંચ આચારની વાત મળશે. અલબત્ત, એમાં પ્રથમ જ્ઞાનાચાર જ્ઞાનસંલગ્નતાનો સૂચક છે ખરો. પરંતુ એમાં પણ 'આચાર' શબ્દ જોડીને અને શેષ ચારે ય માં આચારમયતા જોડીને શાસ્ત્રો એ પ્રતિપાદિત કરે છે કે લોકોત્તર પ્રભુશાસનનું આચાર્યપદ ભારોભાર આચારનું પ્રાધાન્ય ધરાવે છે. આ વિધાનને પુષ્ટિ આપતી એક ગાથાનો ઉલ્લેખ આમ પણ મળે છે કે :-

जे पंचविहायारं, आयरमाणा सया पयासंति।
लोगाणणुग्गहाए, ते आयरिए नमंसामि।।

ભાવાર્થ કે જેઓ સ્વયં પંચાચારનું પાલન કરે છે અને લોકાનુગ્રહ માટે સદા ય પંચાચારનો ઉપદેશ આપે છે તે આચાર્યભગવંતોને હું નમન કરું છું.

વર્તમાનકાલીન પ્રભુશાસનના સૂરિભગવંતોમાં જ્ઞાનશક્તિ-પ્રવચનશક્તિ - પ્રભાવનાશક્તિ - પ્રેરણાશક્તિ વગેરે વિધવિધ વિશેષતાઓ નિહાળવા મળે છે. પરંતુ એમાં જો ઊડીને આંખે વળગે તેવી આચારચુસ્તતાના આધાર પર એક યાદી બનાવવામાં આવે તો એમાં અગ્રિમ હરોળમાં એક નામ અવશ્ય સ્થાન પામે અને એ નામ છે **પૂજ્ય માલવભૂષણ આચાર્યપ્રવર શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મહારાજ.** માલવપ્રદેશના અને અન્યત્રના ભક્તવર્ગમાં આ નામ ખૂબ શ્રદ્ધેય છે, તો અનેક સંયમીઓમાં આ નામ આચારનિષ્ઠાનું પ્રતીક છે. તેઓની આચારનિષ્ઠાનો એક પ્રત્યક્ષ નિહાળેલ પ્રસંગ ટાંકીએ :

ત્યારે અમે શાશ્વત સિદ્ધગિરિરાજની છાયામાં સામૂહિક ચાતુર્માસ-ઉપધાન-નવાણુંયાત્રાદિ અનુષ્ઠાનો કરાવીને પાલિતાણાથી પ્રથમ વિહાર કર્યો હતો. પ્રથમ મુકામ હતો રાજેન્દ્રધામમાં. જિનાલયે દર્શન-ચૈત્યવંદનાદિ કરી અમે હજુ તો પ્રથમ મજલાના એક હૉલમાં સ્થિરતા કરી હતી. ત્યાં તીર્થપરિસરમાં એક મુનિભગવંતને પ્રવેશતા જોયા. કૃશ કાયા છતાં તમામ ઉપધિ સ્વયં ઊંચકીને આવી રહેલ એ સંયમીભગવંતનાં મુખ પર સહજ પ્રસન્નતા હતી. અમે તો ઉપરના ઉપાશ્રયહૉલમાં હતા. છતાં જાણકારી મેળવી તો આશ્ચર્યચકિત થઇ જવાયું. જાણકારે કહ્યું કે તેઓ પૂ. આચાર્યદેવ

શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મહારાજ છે!



પછી તો અમે આચાર્યશ્રીને વંદના-શાતાપૃચ્છાર્થે એમના ખંડમાં ગયા ત્યારે એમના શિષ્યો દ્વારા જાણકારી મળી કે તે દિવસોમાં તેમને આયંબિલઓળી ચાલતી હતી અને તેઓ કાયમ પોતાની ઉપધિ પોતે જ ઊંચકવાનો આગ્રહ ધરાવતા હતા. બહુ જૂજ જોવા મળે એવાં એ સવારનાં દૃશ્યથી અમે ખૂબ પ્રભાવિત તો હતા જ. એમાં વળી આ તપની અને અન્યાન્ય આચારવિષયક નિષ્ઠા જાણી. એથી એમની આરાધકતાને સહજ વંદન થઇ ગયા. તેઓશ્રી સાથે થોડો વાર્તાલાપ કર્યો. એમાં ય એમની સહજતા-નિરાડંબરતા-સામી વ્યક્તિને આંજી દેવાની વૃત્તિનો અભાવ બહુ સ્પષ્ટ નિહાળવા મળ્યો. ત્યારે તેઓનું વય અંદાજે ૬૩વર્ષનું હતું અને આચાર્યપદપર્યાય અંદાજે ૧૪ વર્ષનો હતો. શિષ્યાદિ વિશાલ પરિવાર છતાં આ રીતની આચારનિષ્ઠ જીવનશૈલી-નિરાડંબર વૃત્તિ અમારાં અંતરને ખૂબ ઊંડાણ સુધી સ્પર્શી ગઇ.

જેવી એમની ઉત્કૃષ્ટ સંયમચર્યા હતી, એવી જ એમની તપશ્ચર્યા હતી. વર્ધમાન તપ આયંબિલની ઓળીઓ પાંચ-દશ નહિ, બલ્કે એકસો ચોરાણું જેવી માતબર સંખ્યામાં તેઓએ આરાધી હતી. આ ઉપરાંત સળંગ ઉપવાસની તપશ્ચર્યાઓ અને અન્ય અનેકાનેક તપસાધનાઓ અલગ!

આનો અર્થ એવો નહિ સમજતા કે તેઓ માત્ર અદના આરાધક

મહાત્મા હતા અને વિશિષ્ટ પુણ્યાઈવંત પ્રભાવક ન હતા. વાસ્તવિકતા એ છે કે તેઓ ઉત્તમ આરાધક હોવા ઉપરાંત પ્રબળ પુણ્યાઈવંત શાસનપ્રભાવક પણ હતા. તેઓશ્રીની પ્રેરણા-નિશ્રામાં થયેલ, ભોપાવર-રાજગઢ-મંદસૌર-ઊઘરોજ આદિ સ્થાનોના જીર્ણોદ્ધારો, વિવિધ જિનાલય-ઉપાશ્રય નિર્માણો, ૬૨ જેટલા છ'રી'પાલક પદયાત્રાસંઘો, ૩૦ જેટલા ઉપધાનતપ આદિ શાસનકાર્યોની હારમાળા તેઓશ્રીની પ્રબળ પુણ્યાઈ અને પ્રભાવક્તાનો પરિચય કરાવી જાય તેમ છે. આ ઉપરાંત અનેકાનેક પુણ્યાત્માઓનાં જીવનમાં ધર્મપ્રતિષ્ઠા કરવારૂપે એમના દ્વારા થયેલ શાસનપ્રભાવના અલગ. એક તરફ આવી શાસનપ્રભાવનાઓ અને બીજી તરફ મૂઠીઊંચેરી આચારચુસ્તતા એમનાં જીવનને એક અલગ જ ઊંચાઈ બક્ષે છે. એમની આચારચુસ્તતાનો અન્ય એક પ્રસંગ આલેખીને આપણે આ લેખનું સમાપન કરીશું :

હજુ ચાલીશ-પચાસ વર્ષ પૂર્વેનો ભૂતકાળ એવો હતો કે જેમાં ઘણા ઘણા સંયમીઓ ડોળીનો ઉપયોગ કરતા ન હતા. Chair તો ત્યારે હતી જ નહિ. જ્યાં સુધી શરીરનો કસ કાઢી વિહાર કરાય ત્યાં સુધી તે સમયના પૂજ્યો વિહારના જ આગ્રહી રહેતા. અમને યાદ આવે છે અમારી યશસ્વી ગુરુપરંપરાના સંયમશિખર પૂજ્યપાદ ચારિત્રચૂડામણિ આ.ભ.શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ. અનેક ઉચ્ચતમ અભિગ્રહો-આચારોથી ઓપતા એ પૂજ્યશ્રી આયુષ્યના સત્યાશીમા વર્ષના પ્રારંભ સુધી પગપાળા જ વિહાર કરતા હતા. કોઈ જ વિકલ્પ ન બચ્યો અને સહુનું સખત દબાણ



થતાં એમણે અંતિમ એક વર્ષ ડોળીનો ઉપયોગ કચવાતાં હૈયે કર્યો. બાકી સંપૂર્ણ જીવન પગપાળા જ વિહાર!



પણ... ચાલીશ-પચાસ વર્ષ પૂર્વેના એ યુગ કરતા આજના યુગમાં ધરખમ પરિવર્તન નિહાળવા મળે છે. ડોળી-Chair નો ઉપયોગ આજે પૂર્વની અપેક્ષાએ પ્રચૂર પ્રમાણમાં વધી ગયો છે. આ સાંપ્રત વાતાવરણમાં પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.એ સ્વયંમર્યાદા અપનાવી આજીવન પગપાળા વિહારનો ઉપક્રમ રાખ્યો હતો.

છેલ્લે છેલ્લે વધતી શારીરિક અસમર્થતાવશ શિષ્યોના-ભક્તોનાં દબાણથી કચવાતાં મને તેઓએ માત્ર એક જ વાર-એક જ વિહારમાં ડોળીનો ઉપયોગ કર્યો. યોગાનુયોગ એ જ વિહાર એમનાં જીવનનો અંતિમ વિહાર બની ગયો! છેલ્લી ક્ષમતા સુધી પગપાળા જ વિહારનો એમનો આગ્રહ વીર્યાચારગાથાની પેલી પંક્તિનું સ્મરણ કરાવી જાય છે કે ''**झुंझइ अ जहाथामं.**''

આચાર્યશ્રીની ઉત્તમ આચાર-નિષ્ઠાને આદરાંજલિ અર્પણ કરવા સાથે લેખ સમાપ્ત કરતા અમે ટાંકીશું એક મસ્ત આચારસમર્થક સુવાક્ય કે :- ''**મણ જેટલા ઉપદેશ કરતાં કણ જેટલું આચરણ વધુ અસરકારક નીવડે છે.**''

❐ ❐ ❐



# ૯

# સમ્યક્ પુરુષાર્થ - સદ્ભાવ - સરલતાનો ત્રિવેણીસંગમ : પૂ. અચલગચ્છાધિપતિ આ.શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.

આકાશમાં ચમકતું તારામંડલ ! એ તેજસ્વી તારલાઓની વિશેષતા એક નહિ, ત્રણ ત્રણ હોય છે : (૧) દૂરથી-ધરતી પરથી નિહાળતા એ ભલે સાવ નાનકડા ભાસે. પરંતુ જેમ જેમ એમની નિકટ જઇએ તેમ તેમ એની વાસ્તવિક વિરાટતાનો અનુભવ થાય. જૈન શાસ્ત્રોનાં વર્ણન અનુસાર દરેક તારાનું વિમાન એક હજાર ધનુષ્ય દીર્ઘ-એક હજાર ધનુષ્ય પૃથુલ અને પાંચસો ધનુષ્ય ઊચ્ચ હોય છે. આ વિરાટ સ્વરૂપનું દર્શન માત્ર નિકટ જવાથી જ થઇ શકે. (૨) તારા ભલે આકાશમાં હોય, દૂર-સુદૂર હોય. પરંતુ એ ધરતી પર રહેલ પથિકને કે સાગરમાં રહેલ

નાવિકને દિશાસૂચન કરવાનું કાર્ય આબાદ કરી શકે છે. એ સુવિદિત છે કે ઘોર અંધારી રાત્રે વનની કેડીઓ પર ચાલતો પથિક કે સાગરમાં હલેસાં લગાવીને નાવ હંકારતો નાવિક દિશાનો સાચો નિર્ણય ચમકતા ધ્રુવતારકના આધારે જ કરતો હાય છે. (૩) રાત્રિનો અંધકાર જેમ જેમ ઘેરો બનતો જાય, તેમ તેમ તારા વધુ ને વધુ ચમકદાર દીસતા જાય. આસપાસનો અંધકાર એની ચમક પર હાવી ન થાય.

સંયમી પુણ્યાત્માઓનાં જીવનાકાશે ચમકતા ગુણો પણ આ ત્રણ વિશેષતા ધરાવતા હોય છે : (૧) વ્યક્તિ એમનો સામાન્ય-ઉપલક પરિચય કરે ત્યારે એને તે તે પુણ્યાત્માના ગુણો નાના-સામાન્ય ભાસે. કિંતુ જેમ જેમ વ્યક્તિ એમનો અત્યંત નિકટનો-ઘનિષ્ઠ પરિચય કરે તેમ તેમ એને તે તે પુણ્યાત્માના ગુણોની વિશિષ્ટતાનો-મહત્તાનો સાચો અનુભવ થાય. (૨) આકાશી તારાને જેમ ધરતી પરની વ્યક્તિ આંબી ન શકે, પરંતુ એના દ્વારા દિશાસૂચન જરૂર પામી શકે; તેમ સરેરાશ વ્યક્તિ તે તે પુણ્યાત્માના ગુણોને આંબી ન શકે, કિંતુ એમાંથી જીવનને સાચી દિશા તરફ લઇ જવાનું માર્ગદર્શન જરૂર પામી શકે. (૩) આસપાસ ભલે નકારાત્મક પરિબળોનો અંધકાર જામ્યો હોય, તો ય સંયમી પુણ્યાત્માનો ગુણવૈભવ ચમકતો જ હોય. એ નકારાત્મક પરિબળોને પોતાના પર હાવી ન થવા દે.

આવો આકાશી તારા સમો વિરલ ગુણવૈભવ ધરાવતાં અનેક પુણ્યાત્માઓ પરમાત્માનાં શાસનમાં આજ પૂર્વે અગણિત થઇ ગયા છે, તો સાંપ્રતમાં ય અનેક પુણ્યાત્માઓ શાસનને શોભા બક્ષી રહ્યા છે. તે તે ગુણવાન પુણ્યાત્માઓના ગુણવૈભવના અવસરે મુક્તમને અનુમોદના કરવાનો અગત્યનો પાઠ આપણને શીખવે છે પ્રભુશાસને

દર્શાવેલ પ્રમોદભાવના. આનાથી સંઘ-શાસનમાં તો સૌહાર્દનું વાતાવરણ સર્જાવાનો લાભ થાય જ છે, ઉપરાંત ગુણાનુમોદના કરનાર વ્યક્તિને પણ સ્વજીવનમાં ઘણા બધા ઉત્તમ લાભો થાય છે. પૂજ્યપ્રવર મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરકૃત **'શાંતસુધારસ'** ભાવનાગ્રન્થના પ્રમોદભાવનાધિકારનો શ્લોક ટાંકીએ તો :-

**प्रमोदमासाद्य गुणै: परेषां, येषां मतिर्मज्जति साम्यसिन्धौ।**
**देदीप्यते तेषु मन:प्रसादो, गुणास्तथैते विशदीभवन्ति।।**

ભાવાર્થ કે અન્યોના ગુણો પર પ્રમોદભાવ ધરીને જેઓની મતિ-માનસિકતા સમતાસિંધુમાં નિમગ્ન થાય છે તેમનાં જીવનમાં માનસિક પ્રસન્નતા દીપ્તિમંત બને છે અને તે તે ગુણો વિશદપણે પ્રગટ થાય છે. આવો... આપણે આ ભૂમિકા પર, સંયમ સુવર્ણવર્ષમાં પ્રવેશ કરી ચૂકેલ પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજની ત્રણ સ્વાનુભૂત વિશેષતાનું મજેદાર દર્શન કરીએ :

**(૧) સમ્યક્ પુરુષાર્થશીલતા :-** દરેક પંખી પાસે બે પાંખ સલામત હોય તો જ એ ગગનમાં ઊંચી ઉડાન ભરી શકે. એમ મનોરથ નામે પંખી પાસે પણ સુદઢ સંકલ્પ અને પ્રબળ પુરુષાર્થરૂપ બે પાંખ હોય તો જ એ કાર્યસિદ્ધિનાં આકાશમાં ઉડાન ભરી શકે. મજબૂત સંકલ્પ અને સાતત્યસભર પુરુષાર્થ વિનાના મનોરથ કદી સાકાર થઈ શકતા નથી. આચાર્યશ્રી પાસે આ બન્ને પરિબળો પ્રબળપણે મોજૂદ હશે એવી અમારી ધારણા છે. એ ધારણાનો આધાર છે અમારો એક અનુભવ :

મુંબઈ અને આસપાસનાં વિચરણ દરમ્યાન, જ્યારે જ્યારે પ્રસંગોપાત્ત અમારે અચલગચ્છીય ઉપાશ્રયોમાં એકેક દિવસની સ્થિરતાના પ્રસંગો બન્યા ત્યારે ત્યારે અમે એ વાતની નોંધ મનોમન લીધી છે કે લગભગ એ તમામ ઉપાશ્રયો આચાર્યશ્રીની પ્રેરણાથી

થયા હતા. એક સાથે અનેક સંઘોનાં કાર્યોની જવાબદારી વહન કરવાની તત્પરતા સિવાય આટલાં બધાં સ્થાનોનાં નિર્માણ શક્ય નથી હોતા અને એ તત્પરતા સતત પુરુષાર્થશીલતા સિવાય શક્ય નથી હોતી. અમારું નિરીક્ષણ છે કે શ્રમણોની સંખ્યા નહિવત્ થવાથી મૃતપ્રાયઃ થવાના આરે આવી ગયેલ અચલગચ્છને નવચૈતન્ય બક્ષવાનો જે મહાયજ્ઞ આચાર્યશ્રીના ગુરુદેવ દ્વારા આરંભાયો હતો તેમાં, પોતાના શિરે આવેલ સિંહફાળા સમી જવાબદારી અદા કરવા આચાર્યશ્રીએ સતત પુરુષાર્થશીલતાના સહારે ઉપરોક્ત કાર્યો સંપન્ન કર્યાં હતાં. આ ઉપરાંત શ્રુતસંબંધી-સાહિત્યસંબંધી અઢળક કાર્યો, અહિંસાસંમેલનની વિશાલ ફલક પરની પ્રવૃત્તિઓ, સતત ઉગ્ર વિહારો અને સાથે વિશિષ્ટ તપોયોગસાધના : આ બધું સતત પુરુષાર્થશીલતા વિના શક્ય જ શે બને? આપણે આચાર્યશ્રીની આ સતત અને સમ્યક્ પુરુષાર્થશીલતાનું પ્રતિનિધિત્વ કરતી આ પંક્તિઓ ટાંકીએ કે :-

આદર મળે કે ના મળે, એ જાણવા ઇચ્છા નથી,
ફળ મળે કે ના મળે એની કશી પરવા નથી;
કર્તવ્ય કરવા જન્મ આ દિન-રાત એમાં રત રહી,
ઋણમુક્ત સંઘતણા થવા કર્તવ્ય કરવું છે અહીં...

**(૨) સદ્ભાવ :-** ગચ્છ કે પક્ષ, આખર તો પ્રભુશાસનનાં જ અંગો છે. એ વ્યવસ્થારૂપ બની રહે અને વિગ્રહરૂપ ન બને એ માટે હૈયે છલકતો સદ્ભાવ જોઈએ. સ્વપક્ષ હોય કે પરપક્ષ, સ્વગચ્છ હોય કે પરગચ્છઃ જ્યાં જ્યાં શુભ પ્રવૃત્તિઓ નિહાળાય-ગુણાઢ્ય વ્યક્તિત્વો નિહાળાય ત્યાં ત્યાં અંતઃકરણપૂર્વકની અનુમોદના થવી જોઈએ. આ અનુદમોદના ય હૈયે ઊછળતા સદ્ભાવથી કરાવી જોઈએ. આચાર્યશ્રીમાં આ સદ્ભાવ કેવો સરસ વિલસે છે એની બે ઝલકો નિહાળીએ :

* વિ.સં. ૨૦૬૦. એ અમારા પરમગુરુદેવ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. નું જન્મશતાબ્દી વર્ષ હતું. આ નિમિત્તે યોજાયેલ અનેક કાર્યો પૈકી એક મહાન કાર્ય હતું એમનાં સળંગ જીવનચરિત્રરૂપ સાતસો પેજના વિરાટ 'યુગદિવાકર' મહાગ્રન્થનાં પ્રકાશનનું. અમારા દ્વારા આલેખાયેલ એ મહાગ્રન્થમાં મુદ્રિત શુભેચ્છાપત્રમાં તેઓ અમારા પરમ ગુરુદેવ માટે લખે છે કે :- ''તેઓશ્રી દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા જિનશાસન પ્રત્યે અનન્ય પરમ શ્રદ્ધાવંત મહાન શાસનપ્રભાવક સૂરિરાજ હતા. જે ખરા સમયે મુંબઈમાં જિનમંદિરો, ઉપાશ્રયો, પાઠશાળાઓની જરૂરત હતી તે જ સમયે તેઓએ પોતાનાં નિર્મલ-સુંદર સંયમજીવનના સાત્ત્વિક પ્રભાવથી અને ઓજસ્વી વાણીથી જનતા પર પ્રભાવવૃદ્ધિ કરી શાસનપ્રભાવના વિસ્તારેલ. તેઓએ ઘાટકોપર, કાંદિવલી, અંધેરી વગેરે અનેક સ્થળોએ ધર્મસંકુલો માટે મોટા મકાનો-Plots તે તે સંઘો દ્વારા ખરીદાવ્યા અને વિશાલ કલાત્મક ભવ્ય તીર્થ જેવા જિનાલયો-વિશાલ ઉપાશ્રયો-પાઠશાળાઓ-આયંબિલશાળાઓ વગેરે માટે સચોટ પ્રેરણાત્મક માર્ગદર્શન આપેલ...''

* વિ. સં. ૨૦૭૪. અમારા ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી પરમ શાસનપ્રભાવક આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નો સાતસો પેજનો દલદાર મહાગ્રન્થ **'તમે સૂરજ થઈને ચમક્યા'** નું પ્રકાશન અમારા હસ્તક થયું. તેમાં અંજલિલેખ લખતાં આચાર્યશ્રીએ પવઈના અચલગચ્છીય જૈન સંઘ સંબંધી એક ઘટનાનો ઉલ્લેખ કરતા લખ્યા છે આ શબ્દો કે :- ''ત્યાં શ્રી શાંતિનાથ ભગવાનના શિખરબદ્ધ દેરાસરની પ્રતિષ્ઠા પૂ.આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયેલ. પવઈ સંઘ પરના ઉપકારોને અનુલક્ષી એ સંઘે જિનાલયપરિસરમાં ગણધર ગૌતમસ્વામી ભ., આ.વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા.- આ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું ગુરુમંદિર, શાસનદેવ-

દેવીસંકુલની પ્રતિષ્ઠા નક્કી કરી. તે વખતે પવઇ કચ્છી સંઘની વિનંતિથી **આ.શ્રી વિ. સૂર્યોદયસૂરિજી મ.સા., આ. વિ. રાજરત્નસૂરિજી મ. અને અમે :** એમ સૂરિત્રયની નિશ્રા રહેલ. પવઇના શ્રી કચ્છી ભવનનાં ઉપાશ્રયના એક જ હોલમાં અમારો સાથે ઉતારો રહેલ. ત્યારે ખૂબ નિકટતાથી તેઓની ગુણપ્રૌઢતા, સ્થિત-પ્રજ્ઞતા, શિષ્યાદિ પરનું અનુશાસન વિગેરે ગુણવૈભવનાં દર્શન થયાં હતાં...''



અન્ય ગચ્છીય ગુરુદેવો અંગે લખાયેલ આ શબ્દો શું દર્શાવે છે? એ જ કે આચાર્યશ્રીનાં હૈયે સદ્‌ભાવ કેટલો પ્રબળપણે પ્રતિષ્ઠિત છે...

**(૩) સરલતા :-** એક મજેદાર સુવાક્ય મસ્ત દિશાદર્શન કરાવે છે કે **''મહાન બનવું આસાન છે. સરલ બનવું જ ખૂબ કઠિન છે.''** અહીં 'મહાન' શબ્દનો અર્થ બાહ્ય મહત્તાના સંદર્ભમાં લેવાનો છે. આવી મહત્તા પુણ્યથી મળી રહે. કિંતુ સરલતા તો ગુણવત્તાના વિકાસ વિના શક્ય નથી બનતી. યાદ રહે કે આગમગ્રન્થો **''सोही उज्जूभूयस्स''** પંક્તિ દ્વારા સરલ વ્યક્તિને જ આત્મશુદ્ધિ પ્રાપ્ત થવાનું વિધાન કરે છે. આચાર્યશ્રીમાં આ સરલતા કેવી નમસ્કરણીય વિલસે છે એનો અમને એક ઓર અનુભવ થયો હતો વિ.સં. ૨૦૭૩માં :

એ વર્ષે એમનું ચાતુર્માસ હતું મુંબઇ-ઘાટકોપર (પૂર્વ)ના શ્રી જીરાવલાપાર્શ્વનાથ અચલગચ્છ જૈન સંઘમાં અને અમારું ચાતુર્માસ

હતું એ જ ઘાટકોપર (પૂર્વ)ના શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ તપાગચ્છ જૈન સંઘમાં. એ ચાતુર્માસમાં અમારી નિશ્રામાં તપાગચ્છ સંઘમાં એકસો પંદર માસક્ષમણો થવા સાથે તપનો અભૂતપૂર્વ માહોલ સર્જાયો. એના ઐતિહાસિક સમાપન મહોત્સવની શોભાયાત્રામાં આચાર્યશ્રીને પણ વિનંતિ કરાતા એમને એમાં શ્રમણો પાઠવ્યા.

પણ... પછી આશ્ચર્યજનક ઘટના બની. શોભાયાત્રા પૂર્ણ થઇ ત્યાં જ તેઓ અમારા ઉપાશ્રયે પધાર્યા. વસ્તુતઃ શોભાયાત્રા બાદ કોઇ પ્રવચનાદિ કાર્યક્રમ હતો નહિ. એથી તેવી વિનંતિ પણ કરાઇ ન હતી. આચાર્યશ્રીને પધારેલ નિહાળી અમે તત્કાલ ઉપસ્થિત વિશાલ મેદનીને પ્રવચનસભામાં પરિવર્તિત થવા સૂચવ્યું અને અમારાં બન્નેનાં ત્યાં સંયુક્ત પ્રવચન થયાં. એમાં પણ તેઓએ મુક્તકંઠે ઉપબૃંહણા કરી કે :- ‘‘આ.શ્રી. રાજરત્નસૂરિજી મ. માં વિદ્વત્તા-લેખનપટુતા-ચારિત્ર પ્રત્યેનો પક્ષપાત-અપ્રમત્તતા વ્યાખ્યાનપટુતા-શાંતિપ્રિયતા વગેરે અનેક ગુણો છે. તેઓ અને એમનો શિષ્યપરિવાર દાદાગુરુદેવ-ગુરુદેવનાં પગલે પગલે શાસનપ્રભાવના કરી રહ્યો છે એનો નવો પુરાવો આ સામૂહિક વિરાટ સંખ્યાનાં માસક્ષમણો છે’’ ઇત્યાદિ.

**હાર્દિક સરલતા વિના ન તો કોઇ ગુરુભગવંત આ રીતે વિનંતિ વિના પધારી શકે છે કે ન તો આવી ઉદાર ઉપબૃંહણા જાહેરમાં કરી શકે છે.**



પ્રાર્થના છે પ્રભુને કે આચાર્યશ્રીનાં જીવનમાં ઝળકતો સતત સમ્યક્ પુરુષાર્થશીલતા-સદ્ભાવ-સરલતાનો આ ત્રિવેણીસંગમ સમતા-શુદ્ધિ સિદ્ધિનો શ્રેષ્ઠ ત્રિવેણીસંગમ સર્જનાર બની રહો...

❒ ❒ ❒



## ૧૦

# ‘રત્ન’ થી ય સુંદર વ્યક્તિત્વ :
# પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.

એક મજેદાર છતાં માર્મિક સુવાક્ય વાંચ્યું હતું ક્યાંક કે **‘‘કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે એ જ્યાં જાય ત્યાં આનંદ ફેલાવી દે અને કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે એ જ્યાંથી જાય ત્યાં આનંદ ફેલાવી દે.’’** પહેલી અને બીજી પંક્તિ વચ્ચે ફર્ક છે માત્ર એક અક્ષરનો. પરંતુ એ જે તફાવતનો નિર્દેશ કરે છે તે છે આસમાન-જમીન જેવો.

ગંભીરતાથી વિચારીએ તો આ સુવાક્ય, વ્યક્તિના વ્યક્તિત્વની Category-કક્ષા નક્કી કરવામાં મહત્ત્વનો માપદંડ બની રહે તેમ છે. ઉદારદિલ વ્યક્તિ જ્યાં જશે ત્યાં આનંદ ફેલાવશે, જ્યારે કૃપણ-કંજુસ

વ્યક્તિ જ્યાંથી જશે ત્યાં આનંદ ફેલાવશે. શાંત-સમજદાર વ્યક્તિ જ્યાં જશે ત્યાં આનંદ ફેલાવશે, જ્યારે આવેશમય-ક્રોધી વ્યક્તિ જ્યાંથી જશે ત્યાં આનંદ ફેલાવશે. નમ્ર-મિલનસાર વ્યક્તિ જ્યાં જશે ત્યાં આનંદ ફેલાવશે, જ્યારે અહંકારી-અતડી વ્યક્તિ જ્યાંથી જશે ત્યાં આનંદ ફેલાવશે. ટૂંકમાં, સકારાત્મક પાસાઓની મુખ્યતા ધરાવનાર વ્યક્તિ જ્યાં જાય ત્યાં આનંદ ફેલાવે અને નકારાત્મક પાસાઓની મુખ્યતા ધરાવનાર વ્યક્તિ જ્યાંથી જાય ત્યાં આનંદ ફેલાવે.

પૂ. વિપુલસાહિત્યસર્જક પ્રભાવકપ્રવચનકાર મિત્ર આચાર્યપ્રવર શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજનું વ્યક્તિત્વ ઉપરોક્ત સુવાક્યના સંદર્ભમાં મૂલવીએ તો નિઃશંક કહી શકાય કે એમનું વ્યક્તિત્વ સુવાક્યની પ્રથમ પંક્તિમાં સ્થાન પામે એવું છે. દીપક જ્યાં જાય ત્યાં પ્રકાશ પાથરે, ધૂપસળી જ્યાં જાય ત્યાં સુવાસ પ્રસરાવે, વાંસળી જ્યાં બજે ત્યાં માધુર્ય પ્રસરાવે તેમ તેઓ જ્યાં જાય ત્યાં આનંદ પ્રસરાવે છે. આવું બને છે એનાં મૂળમાં છે એમનાં વ્યક્તિત્વના **ચાર 'પ.'**

પહેલો **'પ'** છે **પ્રેમ.** પ્રવચન હો કે લેખન, એમની અભિવ્યક્તિ પ્રેમની આસપાસ ઘુમરાતી લાગશે : પછી એ પરિવાર પ્રત્યેનો પ્રેમ હો, ગુરુ-શિષ્ય વચ્ચેનો પ્રેમ હો કે દુઃખી-વંચિત જીવો પ્રત્યેનો પ્રેમ હો. આજથી નહિ, વર્ષોથી એમની અભિવ્યક્તિનું કેન્દ્રબિંદુ આ રહ્યું છે. યાદ આવે છે પૂ. વિદ્વદ્વર્ય આ.ભ.શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. એ એમના વિશે વર્ષો પૂર્વે લખેલ વાત. તેઓએ એ ભાવની વાત લખી હતી કે 'નિષ્ણાત સંગીતકાર ગમે તેટલું સરસ સંગીત રજૂ કરે, પણ એના કેન્દ્રમાં સા...રે...ગ...મ જ હોય. એમ રત્નસુંદરવિજયજી ગમે તેટલા સરસ પ્રવચનો કરે, પરંતુ એમાં કેન્દ્રસ્થાને પ્રેમ જ હોય.'' દાયકાઓ પૂર્વે કરાયેલ આ વિધાનના શબ્દોમાં કદાચ થોડો ફર્ક હોઈ શકે. પરંતુ ભાવમાં જરા ય ફર્ક

નથી. સામાન્ય નિયમ એ છે કે જે હૈયે હોય એ હોઠે આવે. એ Angle થી વિચારીએ તો એમના હૈયે પ્રેમ રમે છે. માટે જ એમનાં પ્રવચનોમાં-લેખનમાં-વ્યવહારમાં પ્રેમ ઉભરે છે.

બીજો 'પ' છે Positivity. કોઇ વ્યક્તિનાં જીવનમાં સો એ સો ટકા સફલતા જ હોય એવું પ્રાયઃ ક્યાં ય જોવા નહિ મળે. વસ્તુતઃ જિંદગી અર્ધા ભરેલ પાણીના ગ્લાસ જેવી છે. બની શકે કે કોઇનો જીવનગ્લાસ થોડો વધુ ભરાયેલ હોય, તો કોઇનો થોડો ઓછો. જેમનો અભિગમ Negative છે એ અર્ધો ખાલી ગ્લાસ નજરમાં રાખી રાખીને સંતાપ અનુભવ્યા કરે અને જેમનો અભિગમ Positive છે એ અર્ધા ભરેલ ગ્લાસથી ય સંતૃપ્તિ અનુભવે. આચાર્યશ્રીએ આ Positive અભિગમની વાત માત્ર પ્રવચનોરૂપે પુસ્તકોરૂપે રજૂ જ નથી કરી, બલ્કે એથી આગળ જીવનવ્યવહારમાં આત્મસાત્ પણ કરી જાણી છે. અમે એ ખાસ Mark કર્યું છે કે એમણે પોતાનાં કાર્યો-આયોજનો અંગે 'આ કાર્ય મારે હજુ વધુ સારું કરવું હતું. પણ ન થઇ શક્યું.' એવી નકારાત્મક રજૂઆત ક્યારે ય નથી કરી, બલ્કે 'પ્રભુકૃપાથી આ કાર્ય આટલું સારું થઇ શક્યું.' એવી હકારાત્મક જ રજૂઆત કાયમ કરી છે.

ત્રીજો 'પ' છે Power. એમની પાસે પ્રવચનનો Power છે, તો લેખનનો Power પણ છે; પુણ્યનો Power છે, તો પુરુષાર્થનો Power પણ છે. અમે અહીં એ બધા Power ની વાત કરી રહ્યા નથી. અમે નિર્દેશ કરીએ છીએ એમના Convincing power નો. યોગ્ય શબ્દોની પસંદગી, સામી વ્યક્તિને વાત સ્વીકારવા મજબૂર કરે એવી સચોટ દલીલો અને ઉશ્કેરાટનો અભાવ : આ છે Convincing power નાં મુખ્ય લક્ષણો. આવા Convincing power થી-સમજાવટશક્તિથી તેઓ મુશ્કેલ પ્રશ્નોમાં સહભાગી થઇને યોગ્ય પરિણામ લાવી શકે છે. એક આવો પ્રસંગ અમારા

ખ્યાલમાં છે. પરંતુ ચોક્કસ કારણસર અમે અહીં એનો સ્પષ્ટ ઉલ્લેખ નથી કરી રહ્યા. એમની વિચારધારાથી ભિન્ન મત ધરાવનાર વ્યક્તિઓ સાથે ય તેઓ સમન્વય સાધી શકે છે. એમાં સૌજન્યશીલ વ્યવહાર ઉપરાંત આ Convincing power પણ કારણભૂત છે.

ચોથો **'પ'** છે **પ્રસન્નતા.** જે વ્યક્તિને લગભગ પ્રતિદિન પ્રવચનો કરવાના હોય ને વાચનાઓ આપવાની હોય, ઉપરાંત સતત સાહિત્યસર્જન કરવાનું હોય એ વ્યક્તિની છબી આપણાં મનમાં સામાન્યતઃ એવી ઊપસે કે એ સતત વ્યસ્ત હોય-લેખનાદિના મુદ્દાઓ વિચારવામાં ગુંથાયેલ હોય-એમને સમયનો અભાવ હોય. આચાર્યશ્રીની સાથે જ્યારે જ્યારે મળવાનું થયું-મુલાકાત થઇ ત્યારે છબી આનાથી વિપરીત ઊપસી. એ અમારી સાથે વાર્તાલાપ કરતા ખુશમિજાજ હતા, પ્રસન્નતાથી છલકાતા હતા અને સમયની પાબંદીથી પર હતા. મુંબઇમાં બે - એક વાર એક જ ઉપાશ્રયમાં અમે સાથે સ્થિરતા કરી ત્યારે એમના સહવર્તી મહાત્માઓ સાથે ય એમનો વ્યવહાર આવો જ - પ્રસન્નતાભર્યો હતો. યાદ આવે શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું પૂર્વાવસ્થાનું એ વચન કે ''**न हि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाड्वल:**''. મતલબ કે જે વૃક્ષની ભીતરમાં આગ ભભૂકી હોય એ વૃક્ષ લીલુંછમ રહી શકે નહિ. આ જ ન્યાયે કહી શકાય કે જેમની ભીતરમાં ઉદ્વેગ-અપ્રસન્નતા હોય એમનો વ્યવહાર આવો ખુશમિજાજ હોઇ શકે નહિ.

તો, આચાર્યશ્રી જ્યાં જાય ત્યાં આનંદ કેમ ફેલાવે છે? એના 'રાઝ' રૂપે છે આ ચાર **'પ'...**

આ ઉપરાંત એમની અન્ય ચાર વિશિષ્ટ બાબતોનો પણ અમારે આત્મીયભાવે ઉલ્લેખ કરવો છે :

**સાતત્યસભર સર્જન.** એક જૈન શ્રમણ નિત્યના આરાધના યોગો-નિત્યના પ્રવચનો/વાચનાઓ-સહવર્તીઓનું યોગક્ષેમ અને યથાસંભવ સંઘનાં-શાસનનાં કાર્યો વચ્ચે ચારસો-ચારસો પુસ્તકોનાં લેખનની મંઝિલ સર કરે એ સાતત્યસભર પુરુષાર્થ વિના બિલ્કુલ શક્ય નથી. અલબત્ત, સતત પ્રકાશિત થતા આ પુસ્તકો અંગે કેટલોક ભિન્ન મત છે. પરંતુ શુદ્ધ અનુમોદનાની ભૂમિકાએ અમે આ સાતત્યસભર સમ્યક્ પુરુષાર્થને આદરની અંજલિ જ અર્પિત કરીએ છીએ. આચાર્યશ્રીના આ વિપુલ સાહિત્યસર્જનમાં ચાર વિશેષતા અમને ઊડીને આંખે વળગે તેવી લાગી છે : (૧) સરલ લેખન. વાચકને જલ્દી યાદ રહી જાય તેવા ચાર ચાર-પાંચ પાંચ મુદ્દાઓરૂપે પ્રસ્તુતિ એમાં ઘણી વાર જોવા મળે છે. (૨) સરસ લેખન. ભાષાનું સુંદર સ્તર-અનુપ્રાસભર્યા મુદ્દાઓ-અનુરૂપ કાવ્યપંક્તિઓ-દૃષ્ટાંતો આદિથી એ રજૂઆત રસપ્રદ બને છે. (૩) વિવાદશૂન્ય લેખન. આ પુસ્તકોમાં ક્યાં ય કોઈને Target કરીને લખાયું હોય કે નિંદા-ટીકારૂપે લખાયું હોય એવું જોવા નહિ મળે. (૪) માર્ગસ્થ લેખન. આધુનિકતાના નામે શાસ્ત્રીય પદાર્થોનો છેદ ઊડી જાય એવું પણ એમનાં લેખનમાં જોવા નથી મળતું.

**પ્રભાવસભર પ્રવચન.** લગભગ પચાસેક વર્ષોથી એમની પ્રવચનધારા જારી હશે. પ્રારંભિક દાયકાઓના જોમ-જુસ્સાદિનાં કારણે તે તે પ્રવચનકારોનો Craze હોય એ હજુ સમજી શકાય. પરંતુ પચાસ પચાસ વર્ષ પછી ય Craze જોવા મળે એ વિરલ બાબત કહેવાય. આચાર્યશ્રીનાં પ્રવચનોમાં આ વિરલતા આજે ય બરકરાર છે. એ પ્રવચનો Popular તો છે જ, ઉપરાંત પ્રભાવશાળી પણ છે. એટલે જ વર્ષો પૂર્વે એમણે સાધર્મિકબંધુઓ અંગેનાં પ્રવચનો દ્વારા મુંબઈ-સુરત-અમદાવાદમાં એકેક દિવસમાં ક્રોડો રૂ.ના ફંડની કમાલ સર્જી હતી અને એની ફલશ્રુતિરૂપે તે તે

ક્ષેત્રોમાં દાયકાઓથી, Foundation દ્વારા સુવ્યવસ્થિત સાધર્મિક-ભક્તિ થતી રહી છે.



**ઔદાર્યસભર વ્યવહાર.** વિ.સં. ૨૦૭૧ માં અમારા પરમતારક ગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ. ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. કાલધર્મ પામ્યા ત્યારે, મુંબઈમાં સર્વપ્રથમ-વાર પચાસ પચાસ સંઘોમાં ગુણાનુવાદ-સભાસહિત ત્રણ ત્રણ દિવસના મહોત્સવો થયા. દરેક સંઘમાં અમારી નિશ્રા રહેતી. આ ક્રમમાં જ્યારે ભાયખલા-મોતીશા તીર્થ આવ્યું ત્યારે ત્યાં આચાર્યશ્રીની સાત દિવસની પ્રવચનમાળા Already જારી હતી. આમ છતાં એમણે અમને જણાવ્યું કે ‘‘તમે ખુશીથી ગુણાનુવાદસભાસહિત મહોત્સવ કરો.’’ ત્યાં પ્રવચન-હૉલમાં અમારા પૂજ્ય ગુરુભગવંત ભવ્ય વિરાટ જીવનપ્રદર્શની પણ યોજાઈ. અમે એક જ ઉપાશ્રયમાં સાથે રહ્યા. હકડેઠઠ મેદની સાથે એમની તથા અમારી નિશ્રામાં ગુણાનુવાદસભા યોજાઈ ત્યારે એમણે પ્રારંભે જ અમને જણાવી દીધું કે ‘‘તમે અને તમારા શિષ્યો જે રીતે અન્યત્ર ગુણાનુવાદ પ્રવચનો કરતા હો એ રીતે કરો. સમયની કોઈ ચિંતા ન કરતા. મને છેલ્લી દશ મિનિટ હશે તો ય ચાલશે.’’ અલબત્ત, અમે એમના માટે વીશ મિનિટ રાખી. પરંતુ એમણે પૂરી નિરાંત રાખી. અમારા શિષ્યોના ઇંગ્લીશ-સંસ્કૃત ભાષાના પ્રવચનો અને અમારાં પ્રવચન પછી જ તેઓએ પ્રવચન આપ્યું. એ દિવસનું એમનું

પ્રવચન તો અમને સ્પર્શી જ ગયું. પરંતુ એથી ય વિશેષ એમનો આ ઔદાર્યસભર વ્યવહાર સ્પર્શી ગયો.

**અહોભાવસભર અનુમોદના.** ભાયખલા-મોતીશાતીર્થની ઉપરોક્ત ગુણાનુવાદસભામાં અમારા સહુનાં પ્રવચનો પછી એમણે પ્રવચન આપ્યું. અમારા  પૂજ્ય ગુરુ-ભગવંતની અંતિમ યાત્રા પગપાળા ૨૯ કિ.મી. દીર્ઘ અને સવા લાખની માનવમેદનીથી ઉભરાતી હતી. આ ઘટનાને વણી લઈને પ્રવચનમાં એમણે આ મસ્ત કલ્પનાભરી રજૂઆત કરી કે ‘‘ધૂંઆધાર Batsman ત્રેવડી સદી ફટકારીને Out થાય ત્યારે સમગ્ર Stadium એને Standing Ovation આપે તેમજ તાળીઓના ગડગડાટ સાથે વિદાય આપે. પૂ.આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. ની કારકીર્દિ ત્રેવડી સદી ફટકારનાર Batsman જેવી હતી. એથી જ એમને ૨૯ કિ.મી. દીર્ઘ ભવ્ય પાલખી-યાત્રા વગેરે Standing Ovation જેવા અદ્‌ભુત માન-સન્માન સાંપડ્યા.’’ એ શબ્દો સમયે ગુણાનુવાદસભામાં થયેલી તાળીઓની ગુંજ આજે ય અમારા કાનમાં તાજી છે. અંતરની અહોભાવસભર અનુમોદના વિના આવા શબ્દો શે પ્રગટે?



આચાર્યશ્રીના જ આ શબ્દોના અંદાઝમાં જ અમે એમને કહીશું કે ‘‘સાહિત્યસર્જનનાં ક્ષેત્રે ત્રેવડી નહિ, ચોવડી સદી ફટકારીને આપે અદ્‌ભુત પરાક્રમ કર્યું છે. આપના એ પરાક્રમને અમારા અભિનંદન છે અને અભિવંદન પણ...’’

(નોંધ : આ લેખ લખાયો ત્યારે પૂજ્યશ્રીના પુસ્તકો ૪૦૦ હતા. હવે તો એથી ય આગળ લગભગ ૫૦૦ થવા આવ્યા છે.)

❑ ❑ ❑



૧૧

# વિનીતતા-વ્યવહારુતા વત્સલતાનો ત્રિવેણીસંગમ : પૂ.આ.શ્રી મહાબલસૂરિજી મહારાજ

જૈન શાસ્ત્રોના મર્મજ્ઞ વિદ્વાન અને મહાન વૈયાકરણ પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે એમની યશસ્વી ચિરંજીવ કૃતિ 'શાંતસુધારસ' ગ્રન્થના પ્રમોદભાવનાધિકારમાં એક મજેદાર-નમૂનેદાર શ્લોક આ રચ્યો છે કે :-

जिह्वे! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव।।

શ્લોકમાં ગ્રન્થકાર પોતાના દેહનાં અંગોને ઉદ્દેશી મજાની પ્રેરણા કરે છે કે ''હે જીભ! તું સુકૃત કરનાર પુણ્યવાનોના શુભ ચરિત્રો પ્રકાશિત કરવામાં પ્રસન્નતાથી જોડાઇ જા... હે કાન! તમે અન્યોની-ગુણીજનોની કીર્તિગાથા સાંભળવામાં જ રસ ધરાવીને ખરા અર્થમાં સુકર્ણ બનો... હે આંખ! તમે અન્યોની પ્રૌઢ-પુણ્યલક્ષ્મી નિહાળીને આનંદ-આનંદ અનુભવો. કારણ કે અસાર આ સંસારમાં આપણા આ માનવજન્મનું જો કોઇ મુખ્ય-સાર્થક ફળ હોય તો તે આ જ છે-પ્રમોદભાવ જ છે. પ્રભુએ દર્શાવેલ મૈત્રી આદિ ચાર ભાવનામાં બીજા ક્રમાંકે દર્શાવાયેલ પ્રમોદભાવના કેવી મહાન-ઉત્તુંગ છે અને જીવનમાં એ કેવી તત્પરતાથી આત્મસાત્ કરવા જેવી છે તે શાંતસુધારસ-ગ્રન્થકારના આ શ્લોકથી સરસ સમજાય છે.

'શાંતસુધારસ' ગ્રન્થકારનો આ નિર્દેશ ઝીલીને આજે એક ગુણિયલ વ્યક્તિત્વને શબ્દાંજલિ-શ્રદ્ધાંજલિ અર્પવી છે. એ ગુણિયલ વ્યક્તિત્વ એટલે પૂ. વાત્સલ્યવારિધિ આ.ભ.શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજ. ગુલાબપુષ્પની મુલાકાત લેતાં જ એની સુકોમળતા-સૌંદર્ય-સુવાસરૂપ ત્રણ વિશેષતાનો અનુભવ જેમ થાય, તેમ અમને અલગ અલગ તબક્કાની ત્રણ મુલાકાતોમાં તેઓશ્રીની ત્રણ વિશેષતાઓનો-ત્રણ ગુણોનો આહ્લાદક અનુભવ થયો હતો. આવો, પ્રસંગોના સથવારે આપણે એ ગુણોની મહેંક માણીએઃ

**(૧) વિનીતતા :-** વિ.સં. ૨૦૪૪. તે વર્ષે અમારા ગુરુદેવ પૂ. પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું ચાતુર્માસ બોરીવલી-જામલીગલી જૈન સંઘમાં હતું. એક પ્રભાતે પૂ. ગુરુદેવશ્રી સૂરિમન્ત્રજાપ આરાધનાનો પ્રારંભ કરવા જતા હતા ત્યાં એક મુનિભગવંત પધાર્યા. એમણે પૂ. ગુરુદેવને વંદન કર્યા અને ખૂબ

આત્મીયતાથી વિનયપૂર્વક વાર્તાલાપ કર્યો. અમારા માટે આ આશ્ચર્યજનક-નવાઈસભર ઘટના હતી. મુનિવરની વિદાય બાદ અમે પૂ. ગુરુદેવશ્રીને પૂછ્યું : ''આ મહાત્મા પૂ.આ.ભ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના હતા? એ ચંદાવરકર લેનના ઉપાશ્રયેથી પધાર્યા હતા?'' પૂ.ગુરુદેવે સસ્મિત ઉત્તર આપ્યો : ''હા, તેમનું નામ મહાબલવિજયજી છે.'' અમારાં આશ્ચર્યને કળી જઈ પૂજ્યશ્રીએ ઉમેર્યું : ''તેઓ વિનયસંપન્ન અને સરલતાસંપન્ન મહાત્મા છે. તેઓ સંસારીઅવસ્થામાં હતા ત્યારથી અમારી સાથે એમનો પરિચય છે. વિ.સં. ૨૦૦૭માં પૂ. યુગદિવાકર ગુરુદેવ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ભાયખલાતીર્થે સાતસો આરાધકોના ઉપધાનતપ થયા ત્યારે તેમાં માનદ વ્યવસ્થાપકરૂપે તેઓ પણ હતા. એમની આ વિશેષતા ત્યારે પણ નિહાળાતી હતી.'' વિ.સં. ૨૦૪૪ની આ પ્રથમ મુલાકાતમાં અમારાં અંતરમાં અન્યો કરતાં તેઓશ્રીની અલગ છબી ઊપસી કે જે વિનીતતાનો આવિષ્કાર કરતી હતી...

**(૨) વ્યવહારુતા :-** વિ.સં. ૨૦૭૧. એ વર્ષના પ્રથમ જેઠ વદિ ત્રીજે અમારાં પરમોપકારી પૂ. ગુદેવશ્રી કાલધર્મ પામતા, જેઠ વદિ ચોથે તેઓશ્રીની ૨૯ કિ.મી. દીર્ઘ અને સવા લાખની માનવમેદનીથી ઉભરાતી સંપૂર્ણ પગપાળા અંતિમયાત્રા યોજાઈ. ભાયંદર-બાવન જિનાલયતીર્થે અંતિમસંસ્કાર બાદ, બીજા દિવસે પ્રભાતે દિવંગત પૂજ્યશ્રીના પટ્ટધર પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મ. બાવન-જિનાલયતીર્થે અમને ખાસ સાન્ત્વન આપવા પધાર્યા. અમે બાવન-જિનાલયના પ્રવચનહૉલમાં આત્મીયભાવે મળ્યા. શાતાપૃચ્છા-પૂ. ગુરુદેવશ્રીના જીવનસંબંધી વાર્તાલાપ બાદ અમે પૂ. પુણ્યપાલસૂ. મ. ને વિદાય આપી પ્રથમ મજલે ઉપાશ્રયે પહોંચ્યા.

થોડી વાર થઇ ત્યાં અચાનક પ્રથમ મજલે ડોળીમાં પૂ.આ. ભ. શ્રી મહાબલસૂરીશ્વરજી મ. પધાર્યા. અમે સહુ સુખદ આશ્ચર્ય અનુભવતા એમને આવકારવા ગયા. પ્રાયઃ ૯૬ વર્ષનું વય ત્યારે એમનું હતું. એથી વાર્તાલાપ દરમ્યાન પણ તેઓ ડોળીમાં જ વિરાજમાન હતા. અમે કહ્યું : ''આ વયે આપ અહીં સુધી - ઉપર પધાર્યા ન હોત તો ચાલત. પૂ. પૂણ્યપાલસૂરીશ્વરજી મ. પધાર્યા જ હતા.'' તેઓ કહે : ''આ કાલધર્મનો ગંભીર પ્રસંગ છે અને મારે પૂ. સૂર્યોદયસૂરિજી મ. સાથે ઠેઠ સંસારીપણાથી સંબંધ હતો. એથી થયું કે મારે જ એક વાર આવવું જોઇએ.''



આ શબ્દો સાંભળતાં અંતરમાં તુર્ત અહેસાસ થયો કે પૂજ્યશ્રીનું વ્યવહારસૌજન્ય કેવું પ્રશસ્ય છે! અંતરમાં ઔચિત્યગુણનો દીપક ઝગમગતો હોય તો જ આવું વ્યવહારકૌશલ્ય પ્રગટી શકે...

**(૩) વત્સલતા :-** ઉપરોક્ત ઘટના બાદ બરાબર આઠ માસે એક નૂતન અનુભવ થયો પૂજ્યશ્રીની વત્સલતાસંબંધી. વિ.સં. ૨૦૭૨નું એ વર્ષ. અમે ત્યારે ધર્મધામનાગેશ્વરપાર્શ્વનાથતીર્થે ઉપધાનતપ-આરાધના કરાવતા હતા. એ દરમ્યાન વિહારયાત્રામાં પૂજ્યશ્રીએ એક દિવસ ત્યાં સ્થિરતા કરી. પારસ્પરિક મિલન-વાર્તાલાપ આદિ થયા.

બીજા દિવસે પ્રભાતે અમે તમામ શ્રમણો જિનાલયમાં એક સાથે ચૈત્યવંદના કરતા હતા. વિહાર માટે સજ્જ થઇ થોડી વારે પૂજ્યશ્રી જિનાલયે પધાર્યા. ચૈત્યવન્દના બાદ વિદાય સમયે મળ્યા ત્યારે એમણે પૂછ્યું : ‘‘આ બધા તમારા શિષ્યો છે ?’’ અમે મૌનપૂર્વક સંમતિસૂચક મસ્તક ધુણાવ્યું. શી ખબર એમને એકાએક ઉમળકો પ્રગટ્યો કે અમારું મસ્તક ઝુકાવી દઈને બે હાથે જોરજોરથી અમારી પીઠ થપથપાવવા માંડી. એમના આ ઉમળકામાં એમનાં વાત્સલ્ય-ઝરણનો કલ કલ નિનાદ સંભળાતો હોવાથી અમે પણ આનંદપૂર્વક મસ્તક ઝુકાવી રાખ્યું. બે-અઢી મિનિટ આ ઉપક્રમ ચાલ્યો હશે.

પૂજ્યશ્રીને વિદાય આપી ઉપાશ્રયે આવ્યા બાદ અમે શિષ્યો સમક્ષ મારા મનોભાવો વ્યક્ત કર્યાઃ ‘‘પૂ. ગુરુદેવશ્રીની ચિરવિદાય પછી આજે પ્રથમવાર એવો અનુભવ થયો કે કોઇએ ગુરુતુલ્ય વાત્સલ્ય દાખવી આ રીતે પીઠ થાબડી’’... જો કે, એ પછી આજપર્યંત અવસરે અવસરે અનેક વડીલ ગુરુભગવંતોનું મળવાનું બન્યું છે. પરંતુ બધે લગભગ મર્યાદાપૂર્વકનો લાગણીવ્યવહાર અનુભવાયો છે. નિર્બંધ વાત્સલ્યવહેણ જેવો આ અનુભવ એ સર્વમાં અલગ તરી આવે એવો રહ્યો..



વિનીતતા-વ્યવહારુતા અને
વત્સલતાના ત્રિવેણીસંગમ સમા
પૂજ્યશ્રીને હાર્દિક સ્મરણાંજલિ...

❐ ❐ ❐



# ૧૨

# અક્ષરની આરસીમાં આંતર છબી : પૂ.આ. શ્રી મુક્તિચન્દ્રસૂરિજી મહારાજ

એક માર્મિક ચિંતન વાંચ્યું હતું ક્યાંક કે 'વ્યક્તિ વ્યક્તિને માત્ર પહેલી જ વાર મળે છે. પછી જેટલી વાર મળે છે એટલી વાર એ એની Image ને મળે છે.'' આ વિધાનનો સાર એ છે કે પહેલી વારની મુલાકાત સમયે વ્યક્તિની જે Impression પડે છે લગભગ એ જ Impression પૂરી જિંદગી સુધી સામી વ્યક્તિનાં મનમાં રહે છે.

દિવંગત સૌહાર્દનિધિ આચાર્યદેવ શ્રી વિજય મુક્તિચન્દ્રસૂરિજી મહારાજના સંદર્ભમાં, વાત જો અમારી છે તો, આ વિધાન એકદમ સાર્થક છે. પહેલી વારની મુલાકાત સમયે મનમાં અંકિત થયેલ એમની Impression ઠેઠ સુધી એવી ને એવી જ અંકિત રહી છે. એમાં નવી

નવી વિશેષતાનો ઉમેરો ચોક્કસ થયો છે, પરંતુ ઘટાડો જરા ય નહિ. આપણે સંક્ષેપમાં એમાંની ત્રણ વિશેષતાઓ નિહાળીએ :

**(૧) સરલતા :-** અમારી પ્રથમ મુલાકાત થઇ વિ.સં. ૨૦૪૭માં. તેઓ અમારી સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થે ચાતુર્માસ માટે જઇ રહ્યા હતા. એમાં વચ્ચે આવ્યું વડોદરા. યોગાનુયોગ એ વર્ષે અમારા સહુના ચાતુર્માસ વડોદરામાં હતા. વડોદરાના નવપદ મહાવીરસ્વામી-જિનાલયના શિખરભાગના પ્રભુજીઓના પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે અમારી સ્થિરતા મહાવીર હૉલમાં હતી. ત્યાં બે-ત્રણ દિવસ માટે આ બાંધવમુનિવરો પધાર્યા.

અમારો મહદંશ સમુદાય ત્યાં હોવાથી શ્રમણો વિપુલ સંખ્યામાં હતા. પરંતુ એમની બેઠકો-વાર્તાલાપ અમારી સાથે વધુ રહ્યો. એકદમ નિખાલસતાથી લખીએ તો, વાગડ સમુદાય હજુ નવો નવો જ બે તિથિપક્ષમાંથી એક તિથિપક્ષમાં આવ્યો હોવાથી પહેલી બેઠકમાં અમને થોડો સંકોચ હતો. પરંતુ એ દિવસોની ચાર-પાંચ બેઠકોમાં તેઓએ જે ખુલ્લા મને-એકદમ સરલતાથી વિચારો વ્યક્ત કર્યા એનાં કારણે પહેલી જ બેઠકથી સંકોચ ગાયબ થઇ ગયો. એમાં એક વિચારણા એ બાબતની ય થઇ કે જેમાં વર્તમાન દેશ-કાળની દૃષ્ટિએ જે બાબત જરૂરી હતી એમાં અમારા બન્નેના સમુદાયોના દૃષ્ટિબિંદુ ભિન્ન હતા. એમણે સમુદાયની નીતિથી ઊપર ઊઠીને વિચારરૂપે કહ્યું કે ‘‘સમુદાયની નીતિ જે હોય એને જ અમે અનુસરીશું. પરંતુ આ બાબતે યોગ્ય પરિવર્તન જરૂરી તો ગણાય જ.’’ સરલતા વિના આટલી પારદર્શી રજૂઆત ક્યાંથી શક્ય બને ?

**(૨) ગુણાનુરાગ :-** બન્ને બંધુમુનિવરો સ્વયં અચ્છા અભ્યાસી હતા અને એ સમય પૂર્વે ય ભાવાનુવાદ સમશ્લોકી અનુવાદ આદિ કરી ચૂક્યા હતા. એથી અભ્યાસરુચિ-સમયશિસ્ત વગેરે એમનામાં ય ખૂબ હતા જ.

છતાં એ દિવસોમાં એમણે અમારી અભ્યાસરુચિ-સમયશિસ્તની ખાસ અનુમોદના કર્યાનું પાકું સ્મરણ છે. સંસ્કૃત સુભાષિતકારો કહે છે કે ''ગુણી ચ ગુણરાગી ચ, સરલો વિરલો જનઃ'' સ્વર્ગત આચાર્યશ્રી આ અર્થમાં સરલ પણ હતા અને વિરલ પણ.

(૩) નિયમનિષ્ઠા :- વિ.સં. ૨૦૫૫. અમે ત્યારે ચેમ્બુરતીર્થે ઉપધાનતપ કરાવતા હતા. એમાં અચાનક એક દિવસ આ બંધુમુનિવરો ત્યાં પધાર્યા. અમને કહે : ''આ તીર્થનાં દર્શન અને તમને મળવા જ આવ્યા છીએ. બપોરે ત્રણેક વાગ્યે વિહાર કરી અમે વાસી પરત પહોંચી જઈશું.'' અમે કહ્યું : ''તીર્થયાત્રાર્થે આવ્યા છો તો આજનો દિવસ તો રહો. શાંતિથી પ્રભુભક્તિ થશે.'' એમણે સસ્મિત કહ્યુંઃ ''વાગડ સમુદાયનો હાલનો નિયમ એ છે કે મુંબઈમાં રહેવું નહિ. રાતવાસો જો અહીં કરીએ તો મુંબઈમાં સ્થિરતા કરી ગણાય. જ્યાં સુધી સમુદાયનો નિયમ આ છે ત્યાં સુધી અમારે એનું પાલન નિષ્ઠાથી કરવું જોઈએ. એથી અમે સંધ્યા પહેલા મુંબઈની હદની બહાર પહોંચી જઈશું.'' અમને બહુમાનભાવ પ્રગટ્યો એમની સમુદાયમર્યાદાને માન આપવાની નિષ્ઠા ઉપર...

દિવંગત આચાર્યશ્રીને ભાવાંજલિ અર્પવા સાથે છેલ્લે એક વાત : કાયમ 'મુક્તિ-મુનિ' તરીકે ઓળખાતા આ બંધુયુગલ પૈકી દિવંગત આચાર્યશ્રીનો કાલધર્મ થયા પછી આ. શ્રી મુનિચન્દ્રસૂરિજીએ પોતાનું નામ 'આ. મુક્તિમુનિચન્દ્રસૂરિ' કર્યું એ ઘટના અમને સાયુજ્યની અને સંવેદનાની પરાકાષ્ઠા સમી લાગી. એ વાંચતા આંખ-અંતર આર્દ્ર થઈ ગયાઃ જાણે આ અત્યારના રામ-લક્ષ્મણ ન હોય!

❒ ❒ ❒



# ૧૩

# 'કલ્યાણ' ની કલ્યાણયાત્રા શતાબ્દીશિખર સર કરો ...

'તત્ત્વાનુશાસન' ગ્રન્થમાં ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવ માટે ત્રણ જ્યોતિની અદ્‌ભુત કલ્પના કરવામાં આવી છે : જ્ઞાનજ્યોતિ, શબ્દજ્યોતિ અને દેહજ્યોતિ. આ પૈકી પ્રભુની જ્ઞાનજ્યોતિની કલ્પના તો પ્રથમ દૃષ્ટિએ જ એકદમ સાર્થક લાગે. કેમ કે જ્યોતિના પ્રકાશમાં જેમ આસપાસની ચીજોનું દર્શન થાય, તેમ પ્રભુની કેવલજ્ઞાનજ્યોતિમાં વિશ્વના તમામ પદાર્થોનું-ભાવોનું યથાવત્ દર્શન થાય. કિંતુ પ્રભુનો દેહ જ્યોતિસ્વરૂપ અને શબ્દ જ્યોતિસ્વરૂપ હોય એ કલ્પના આપણા જેવા માટે ધારણાબહારની બાબત બની રહે તેવી છે.

આમ છતાં શાસ્ત્રકારે આ કલ્પના કરી જ છે, તો એમાં ચોક્કસ રહસ્ય છુપાયું છે. દેહજ્યોતિનું રહસ્ય એ છે કે પરમ શાંતરસના પરમાણુઓથી નિર્મિત પ્રભુના શાંત-નિર્વિકાર દેહસૌંદર્યનાં દર્શનમાત્રથી અનેકાનેક પુણ્યાત્માઓ શાંત-નિર્વિકાર ભાવોનો પ્રકાશ પ્રાપ્ત કરે છે. માટે પ્રભુનો દેહ જ્યોતિસ્વરૂપ છે. તો શબ્દજ્યોતિનું રહસ્ય એ છે કે પ્રભુની ધર્મદેશનાના શબ્દોનું શ્રવણ કરીને અગણિત આત્માઓ અજ્ઞાનના અંધકારથી મુક્ત થાય છે, સમ્યગ્જ્ઞાનના પ્રકાશથી યુક્ત થાય છે અને વિરતિનો-વિશુદ્ધિનો પંથ પ્રાપ્ત કરી શકે છે. માટે પ્રભુનો શબ્દ જ્યોતિસ્વરૂપ છે. આત્મકલ્યાણનો પ્રકાશ પ્રાપ્ત કરવામાં પ્રભુના શબ્દો કેવું પ્રબળ-સબળ જ્યોતિકાર્ય કરે છે તેનો ખ્યાલ શાસ્ત્રનાં એ વિધાન પરથી મળી રહે છે કે ''પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવંતોની ધર્મદેશના કદી નિષ્ફળ ન જાય. સફળ જ બને. એનાં શ્રવણથી કોઈ ને કોઈ પુણ્યાત્મા યા તો સર્વવિરતિધર બને, યા તો દેશવિરતિધર બને, યા તો કમ સે કમ સમ્યક્ત્વધર તો બને જ બને.'' આત્મકલ્યાણના દીપ જલાવવામાં પ્રભુનો શબ્દ કેવો જ્યોતિરૂપ નીવડે તે ઉપરોક્ત શાસ્ત્રીય વિધાનથી સમજાય તેમ છે.

પણ...સબૂર! એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે શબ્દનાં બે સ્વરૂપ છે : જ્યોતિ અને જ્વાળા. ઉપરોક્ત શ્રી તીર્થંકરદેવોનાં એકાંતહિતકર વચનોરૂપ શબ્દો કે વિવેકી પુણ્યાત્માઓના મર્યાદાપૂર્ણ રીતે લખાતા-બોલાતા શબ્દો જ્યોતિરૂપ બની માંગલ્યનું માર્ગદર્શન કરાવે, તો વિવેકભ્રષ્ટ વ્યક્તિઓના હિંસા-મારધાડ-પ્રતિશોધ-અશ્લીલતા-વાસનાને બહેકાવે તેવા મર્યાદાવિહીનપણે લખાતાં-બોલતાં શબ્દો જ્વાળારૂપ બની જીવનના સંસ્કારોનો અગ્નિસંસ્કાર કરે. એમાં ય એ હિંસક-અશ્લીલ શબ્દો મુદ્રણનું રૂપ-સ્વરૂપ પામી ચિરકાલસ્થાયી બને ત્યારે એ જે તબાહી-ખાનાખરાબી સર્જે એ ખરેખર

કલ્પનાતીત હોય છે. ખબર છે પેલી હિંદુ પરંપરાની કથા ?

એ કાલ્પનિક કથા કહે છે કે ત્રણ વ્યક્તિઓ મૃત્યુ પામી યમરાજના દરબારમાં આવી હતી. એમનાં જીવનભરનાં સારાં-નરસાં કર્મોની નોંધ રાખતા ચિત્રગુપ્તના ચોપડાના આધારે યમરાજ એમને શિરપાવ યા સજા આપવાના હતા. પહેલી વ્યક્તિનાં નામે એક ખૂન બોલતું હતું. એથી યમરાજે એને બે હજાર વર્ષની નર્કની સજા જણાવી. બીજી વ્યક્તિનાં નામે ઘણા ભ્રષ્ટાચારો અને દુરાચારો નોંધાયા હતા. એથી યમરાજે એને દશ હજાર વર્ષની સજા જણાવી. ત્રીજી વ્યક્તિનાં નામે આવાં કોઈ અપકૃત્યો નોંધાયા ન હતા. એણે જીવનભર માત્ર હલકી વૃત્તિઓને ઉત્તેજિત કરે તેવાં વિકૃત કથાનકો અને માર-ધાડ-હિંસા કરવાનું ખુન્નસ પ્રગટાવે તેવી કાલ્પનિક Thriller ઉપજાવતી ઘટનાઓ વર્ણવતા પુસ્તકો લખ્યા હતા. યમરાજે એને સીધી એક લાખ વર્ષની નર્કની સજા ફટકારી દીધી. લેખક સ્તબ્ધ થઇ ગયો આ મનઘડંત જેવા ન્યાયથી. ત્યાં જ યમરાજે સ્પષ્ટતા કરી : ‘‘તેં ભલે એક પણ હત્યા નથી કરી. પરંતુ તારી હત્યાના ઉપાયો દર્શાવતી ઉત્તેજક વાર્તાઓથી  સેંકડો-હજારો લોકો દાયકાઓ-સૈકાઓ સુધી ખૂન તરફ-મારામારી તરફ વળી જશે. તે ભલે ભ્રષ્ટાચાર-દુરાચાર સેવ્યા નથી. પણ તારી ભ્રષ્ટાચારના માર્ગો દર્શાવતી અને વાસનાઓ ભડકાવતી કાલ્પનિક વાતોથી હજારો લોકો ભ્રષ્ટ બનશે. આ બધામાં જવાબદાર તારાં પુસ્તકો હોવાથી તને આ મોટી સજા કરાઇ છે.’’

કથા આ ભલે કાલ્પનિક છે, પરંતુ સાર એનો બિલકુલ વાસ્તવિક છે કે લખાતા શબ્દો જો વિવેકહીન-મર્યાદાહીન હોય, સંસ્કારોનો અગ્નિસંસ્કાર કરે તેવા હોય તો એ જ્યોતિરૂપ ન ગણાતાં જ્વાળારૂપ જ ગણાય....

* * * *

સંસ્કૃત સુભાષિતકારો સાહિત્યને માનવીય સભ્યતાનું એક પરિચાયક અંગ ગણે છે. એથી જ એક સુભાષિતપંક્તિ આમ લખાઈ છે : **''साहित्यसङ्गीत–कलाविहीनः, साक्षात् पशुः पुच्छ–विषाणहीनः.''** ભાવાર્થ કે સાહિત્ય-સંગીત અને કલાથી શૂન્ય વ્યક્તિ તો શૃંગ-પુચ્છહીન પશુ જ છે. આકાર ભલે એનો માનવીનો હોય, કિંતુ પ્રકાર એનો પશુનો ગણાય. કબૂલ, પરંતુ આમાંના 'સાહિત્ય' શબ્દની વ્યાખ્યા સંસ્કૃત વ્યાકરણ અને ચિંતકોના મત અનુસાર સમજવા જેવી છે. ત્યાં વ્યાખ્યા કરાઈ છે કે **''सहितस्य भावः साहित्यम्''**. જે વ્યક્તિને પરોપકાર-દયા-ક્ષમા-નીતિમત્તા-ચારિત્રનિષ્ઠા વગેરે સદ્ગુણોથી સહિત અર્થાત્ યુક્ત કરે તેનું નામ સાહિત્ય. આ વ્યાખ્યાના કસોટીપટ્ટ પર આજના કહેવાતા 'સાહિત્ય'ને ચકાસીએ તો સ્પષ્ટ સમજાય કે અશ્લીલતાને બહેકાવતા અને હિંસા વગેરેને ઉત્તેજિત કરતા સામયિકો-Magazine-પુસ્તકો વગેરે 'સાહિત્ય'ની વ્યાખ્યામાં આવી ન શકે. આવા સામયિકો-Magazine વગેરેની બોલબાલા દુન્યવી બજારોમાં એટલા માટે છે કે નવી-ઊગતી પેઢીને ચટાકેદાર-મનોરંજક - Thrillerનો અનુભવ કરાવતાં વાંચનમાં વિશેષ રસ છે. આવા સામયિકો-પુસ્તકોનો ફાલ અને ફેલાવો ભલે ખૂબ વિસ્તૃત હોય, પરંતુ સરવાળે એનાથી સંસ્કારોનું નિકંદન અને ઘણી વાર તો જીવનનું ય ધનોત-પનોત નીકળી જતું હોય છે.

આ વાસ્તવિકતા વચ્ચે, વ્યાવસાયિક લાભ માટે મનોરંજનના દૃષ્ટિબિંદુને મુખ્ય કર્યા વિના માત્ર સાત્ત્વિક-સંસ્કારી સાહિત્યનું પ્રદાન કરવાના દૃષ્ટિબિંદુથી જે કેટલાક જૂજ સામયિકો પ્રકાશિત થાય છે એમાં જૈન જગતનું એક ખ્યાતનામ સામયિક છે **'કલ્યાણ.'** એની અન્ય વિશેષતાઓને ક્ષણભર બાજુ રાખીને માત્ર નિયમિત પ્રકાશનની વિશેષતા નજર સમક્ષ લાવીએ તો પણ સુખદ આશ્ચર્ય થાય કે એ

સતત સતત પંચોતેર વર્ષોથી પૂર્ણ નિયમિતપણે પોતાની સાહિત્યયાત્રા જારી રાખી શક્યું છે : અણથક અને અખંડપણે. અમારી દૃષ્ટિએ સંસ્કારપોષક સામયિકો બે ય અર્થમાં દીપક સમા છે : (૧) દીપક જેમ અંધારી રાત્રે ય માર્ગદર્શન કરાવી શકે છે એમ સંસ્કારી સામયિકો ગલત આકર્ષણો અને અતિ આવેગોના અંધકારમાં ય સંસ્કારના સત્ય માર્ગનું દર્શન કરાવી શકે છે. (૨) પવનના સપાટા વચ્ચે દીપક પ્રગટાવવો અને ટકાવવો જેમ કઠિન છે એમ સંસ્કરણના દૃષ્ટિબિંદુથી પ્રકાશિત થતાં સામયિકો શરૂ કરવા અને ટકાવી રાખવા કઠિન છે. એમાં પણ સામયિક શરૂ કરવા કરતાં એને અખંડપણે નિયમિત ટકાવી રાખવું એ સાચે જ કઠિન-કાફી કઠિન કાર્ય છે. આ રીતે અખંડ ટકી રહેવામાં 'કલ્યાણ' સૌભાગ્યશાલી છે એમ જરૂર કહી શકાય. કેમ કે પંચોતેર વર્ષના સુદીર્ઘ સમયપટ દરમ્યાન જૈન જગતમાં કેટલા ય સામયિક શરૂ થઇને કાળની ગોદમાં પોઢી ગયા હશે. જ્યારે 'કલ્યાણ' આજે ય, ચિરયૌવનનું વરદાન વર્યું હોય તેમ, સશક્ત યૌવનકાળ માણી રહ્યું છે.

'કલ્યાણ'ની સાહિત્યસામગ્રી પણ વૈવિધ્યસભર છે. સાગરમાં જેમ નવી નવી લહેરો પ્રગટતી જાય અને સમયાંતરે ઓસરતી જાય તેમ કેટલા ય વાંચન વિભાગો એવા હતા કે જે એક કાળે 'કલ્યાણ'ના શૃંગારરૂપ હતા અને સમયાંતરે શમી ગયા હતા. દાયકાઓ પૂર્વે પ્રગટ થતા 'મૂંઝાતા માનવીને... મહાસાગરનાં મોતી' વગેરે વિભાગો આવા હતા. તો કેટલા ય વિભાગો આજે પણ એવા છે કે જે દાયકાઓથી અખંડ-અનવરત જારી જ છે. અગ્રલેખ-બાલવિભાગ વગેરે આ કક્ષામાં આવે. અને... મહાકથા? દરેક અંકે પ્રકરણબદ્ધ પ્રગટ થતી એ અલગ અલગ મહાકથાઓ શાયદ વાચકવર્ગનો સૌથી અધિક પ્રિય વિભાગ હશે. આ મહાકથાના સંદર્ભમાં ટાંકીશું એક અમારો જ સ્વાનુભવ :

અમારું પ્રારંભિક શ્રમણજીવન બાલદીક્ષિત તરીકેનું. એથી સંસ્કરણ માટે સજાગ પરમોપકારી ગુરુભગવંત પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સૂર્યોદય-સૂરીશ્વરજી મ.સા. નું કડક નિયન્ત્રણ હતું કે જૈન સામયિક સિવાય કોઈ જ ઇતર સામયિકને હાથ પણ ન લગાવવો અને જૈન સામયિક પણ અભ્યાસના સમય સિવાય જ વાંચવાના. એ સમયે અમને જૈન-કલ્યાણ-સુઘોષા અને શાંતિસૌરભ : આ ચાર જૈન સામયિકો વાંચવા મળતા. એમાં **'કલ્યાણ'** સાથેનો અમારો રસસંબંધ મહાકથા વાંચવાનો હતો. યાદ આવે એ સમયની એક મહાકથા 'સુકૃતસાગર.' પછીથી ગ્રન્થસ્થ થયેલ એ કથાપુસ્તકે બાલ્યાવસ્થામાં અમને એવા સંમોહિત કર્યા હતા કે લોચ બાદ મળેલ કથાપુસ્તક વાંચવાની છૂટ પ્રસંગે એક જ દિવસમાં એ દલદાર પુસ્તક 'અથેતિ' પૂર્ણ કરી દીધું. એક જ વારનું વાંચન, છતાં એમાંની કેટલી ય પંક્તિઓ ત્યારે અક્ષરશઃ યાદ રહી ગઈ હતી. આજે-આ લેખ લખતી વેળાએ પણ એ સમયની યાદ રહી ગયેલ પંક્તિ ટાંકવાનું મન થાય છે. સંસ્કૃત સુભાષિતોમાં મળતી આકાશી વર્ષાબિંદુના અલગ અલગ અંજામની કલ્પનાને સશક્ત શબ્દોમાં આલેખીને એના સારરૂપે એ પુસ્તકમાં આ પંક્તિ લખાઈ હતી કે ''વસ્તુ મૂળથી અમલ (ઝેર) કે અમૃત હોતી નથી. પણ પાત્ર કે અપાત્ર એને અમલ કે અમૃત બનાવે છે.'' એ મહાકથાના લેખક હતા **'કલ્યાણ'**ના દાયકાઓથી



આધારસ્તંભ બની રહેલ પૂ. સિદ્ધહસ્તલેખક આ. શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

શ્રમણજીવનના શૈશવકાળમાં જે 'કલ્યાણ'ની સાથે વાચકનો નાતો હતો એ જ 'કલ્યાણ' સાથે પછીના તબક્કે લેખકનો નાતો રચાયો અને છૂટક લેખો-કથાઓ તેમજ સળંગ લેખમાળા 'કલ્યાણ'માં આલેખવાનો લાભ પણ મળ્યો. જો કે, હવેની કેટલીક નિયત લેખનજવાબદારીઓ અને શાસનકાર્યોની વ્યસ્તતાવશ લેખક તરીકેનો નિયમિત નાતો ટકાવી નથી શકાયો. કિંતુ અમૃતમહોત્સવના અવસરે લેખનિમન્ત્રણ આવતા એ તંતુ પુનઃ અનુસંધાન પામી ગયો.

અમૃતમહોત્સવના આ અનુમોદનીય અવસરે 'કલ્યાણ'ને અંતઃકરણથી અભિનંદન આપતા એક આશા અને એક અપેક્ષા છે. આશા એ છે કે કલ્યાણની આ સુદીર્ઘ સાહિત્યસફર આ જ સુદઢતાથી શતાબ્દીના શિખર સર કરે અને એ પછી પણ અનવરત જારી રહે. તો અપેક્ષા એ છે કે તે માત્ર સંસ્કરણનું જ દષ્ટિબિંદુ રાખીને ઇતર ચર્ચાને સ્પર્શ્યા વિના માત્ર સંસ્કારપોષક સાહિત્યને જ પ્રાધાન્ય આપે. તો એનો વ્યાપ હજુ પણ વૃદ્ધિ પામશે એ નક્કી...

❑ ❑ ❑

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટના 215 પુસ્તકોની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૧) ધર્મવાણી
(૨) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૩) શ્રદ્ધાનું સંગીત
(૪) પર્યુષણાની પાવન પ્રેરણા
(૫) જીવનનું ઝવેરાત
(૬) પજુસણ આવ્યાં રે..
(૭) પગલું પડે તો પંથ ખૂલે
(૮) વન્દના...પાપનિકન્દના
(૯) રેતીમાં મોતી
(૧૦) રણ બને ઝરણ
(૧૧) મેઘધનુષ
(૧૨) દિવ્યધામ દર્ભાવતી
(૧૩) માયાનાં મૃગજળ
(૧૪) નમામિ વીરમ્
(૧૫) શ્રુતસૌરભ
(૧૬) શૂલ વચ્ચે ફૂલ
(૧૭) જીવન બને ઉપવન
(૧૮) આંખ ફરે અંતર ઠરે
(૧૯) પાઠશાળા પ્રવેશિકા
(૨૦) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૨૧) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૨૨) कथा-कल्पवल्लि: (संस्कृत)
(૨૩) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૨૪) દર્શનં મોક્ષસાધનમ્
(૨૫) तुं मेरा मनमें तुं मेरा दिलमें
(૨૬) સ્વાતિનાં મોતી
(૨૭) પ્રેરણાનાં પુષ્પો
(૨૮) આવો આરાધના કરીએ
(૨૯) તમે મન મૂકીને વરસ્યા
(૩૦) सुगंध (हिन्दी)
(૩૧) નવપદ ધરજો ધ્યાન
(૩૨) દીવડો ધરો ...તિમિર હરો
(૩૩) સૌરભ
(૩૪) હૈયાના હસ્તાક્ષર
(૩૫) અંતરજ્યોત
(૩૬) મયૂરપંખ
(૩૭) વંદન હોજો વાર હજાર
(૩૮) પ્રેરણાદીપ
(૩૯) આદર્શોનું અમૃત
(૪૦) પાનું ફરે ...સોનું ઝરે ...
(૪૧) ધર્મધારા
(૪૨) ધર્મસિન્ધુ
(૪૩) યુગદિવાકર મહાગ્રન્થ
(૪૪) વિમલાચલ-વન્દના
(૪૫) ધર્મસેતુ
(૪૬) હૈયે કરજો વાસ
(૪૭) મોતીની ખેતી
(૪૮) અમૃતનો આસ્વાદ
(૪૯) लोढणपार्श्व वसो मेरे दिलमें
(૫૦) ખૂશ્બુનો ખજાનો
(૫૧) એક મૂઠી મોતી
(૫૨) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૫૩) ભીતર દીવા હજાર
(૫૪) વન થી વૃંદાવન
(૫૫) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૫૬) હયાતિના હસ્તાક્ષર
(૫૭) હસતા અક્ષર
(૫૮) માનસરોવરનાં મોતી
(૫૯) અજવાળાના અવતરણ
(૬૦) દરવાજે દસ્તક
(૬૧) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૬૨) અમૃતનું આચમન
(૬૩) વ્રત ધરીએ...ભવ તરીએ
(૬૪) મહામાનવ મોતીશાહ
(૬૫) પ્રેરણાનો પયગામ
(૬૬) પ્રેરણાના પારિજાત
(૬૭) પ્રેરણાનો પરાગ
(૬૮) પ્રેરણાની પરબ
(૬૯) પ્રેરણાનું પંચામૃત
(૭૦) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૭૧) ચાલો શિખરજી જઈએ
(૭૨) ઝાકળભીનો ઉજાસ
(૭૩) હૃદયદીપ
(૭૪) સુખનું સરનામું
(૭૫) સુખના સૂરજમુખી
(૭૬) અમૃતની અંજલિ
(૭૭) નંદનવનનાં પુષ્પો
(૭૮) તિમિરથી તેજ
(૭૯) પરમને પ્રાર્થના
(૮૦) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૮૧) તમે સૂરજ થઈને ચમક્યાં મહાગ્રન્થ
(૮૨) મહેંક માર્ગાનુસારિતાની ...
(૮૩) વિચારસેતુ
(૮૪) આનંદનું એવરેસ્ટ
(૮૫) વાસંતી વાયરા
(૮૬) ભવ આલોચના
(૮૭) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૮૮) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૮૯) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૯૦) જ્યોત
(૯૧) વૈભવ
(૯૨) સુગંધનું સરનામું
(૯૩) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૯૪) અક્ષરના દીવા
(૯૫) ઉદ્યોત
(૯૬) સાહિબ ! તમે મારા છો
(૯૭) રત્નકિરણ
(૯૮) ઉન્મેષ
(૯૯) દષ્ટાંતદર્પણ
(૧૦૦) અહો ! માસક્ષમણમ્
(૧૦૧) ગિરિરાજ ગુંજન
(૧૦૨) 'અમૃતવેલ'ની આનંદયાત્રા
(૧૦૩) ગૌરવ
(૧૦૪) પર્યુષણાનો પયગામ
(૧૦૫) મહેંક
(૧૦૬) પ્રમોદ પમરાટ
(૧૦૭) પ્રમોદ પરિમલ
(૧૦૮) પ્રસ્તાવના પમરાટ
(૧૦૯) પ્રસ્તાવના પરિમલ
(૧૧૦) પાથેય (આગામી)
(૧૧૧) નજરાણું (આગામી)
(૧૧૨) બોજ વિનાનો બોધ (આગામી)
(૧૧૩) ઉજાસ (આગામી)
(૧૧૪) સૂર (આગામી)
(૧૧૫) 'ધર્મરત્ન'નો ઝળહળાટ (આગામી)
(૧૧૬) ઐશ્વર્ય (આગામી)
(૧૧૭) માસક્ષમણની મહાસફર (આગામી)

## પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૪) ચિંતનની ચાંદની
(૫) મનનનાં મોતી
(૬) Treasure of Qualities
(૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૯) Entity of Supremacy
(૧૦) Bharat Chakravarti
(૧૧) Karma
(૧૨) A Step towards purity-I (આગામી)
(૧૩) A Step towards purity-II (આગામી)
(૧૪) A Step towards purity-III (આગામી)
(૧૫) પ્રેરણાપ્રપા (આગામી)
(૧૬) પ્રેરણાસેતુ (આગામી)

## પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ સાહિત્ય

૧ થી ૬૧ પુસ્તકો

આ ઉપરાંત પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે નવા 50 પુસ્તકોના પ્રકાશનો સાથે ટ્રસ્ટની કુલ પ્રકાશન સંખ્યા 265 થશે.